# નયા માર્ગ

Rs. 8

વંચીતલક્ષી વીકાસપ્રવૃત્તી, વૈજ્ઞાનીક અભીગમ અને શોષણવીહીન સમાજરચના માટે પ્રતીબદ્ધ પાક્ષીક ● ઉંઝા પરીષદે ઠરાવ્યા મુજબ જોડણી કરી છે.

**તંત્રી :**
**ઈન્દુકુમાર જાની**

વર્ષ : 40 અંક : 2

**અન્ય પૃષ્ઠો પર...**

**02 સાંપ્રત**
ઈન્દુકુમાર જાની
**05 પ્રખર રેશનાલીસ્ટ**
ઘનશ્યામ શાહ / સુનીલ શાહ / મનીષી જાની / ઈન્દુકુમાર જાની
**09 ચમત્કારો ને ગુઢવાદ**
સ્વામી આનંદ
**10 ‘વીકાસ, વીકાસ’ના ગમે...**
ગાર્ગી વૈદ્ય
**12 દયા અને ન્યાય**
યશવન્ત મહેતા
**14 જળવાયુ પરીવર્તન એ કોઈ...**
દીનેશ શુક્લ
**15 - એ ભુમીકા શુદ્ધ નથી...**
કાકા કાલેલકર / સુરેશ હ. જોશી
**16 નર્મદા-આંદોલન : ત્રીસ...**
આનંદ મઝગાંવકર, લખન મુસાફીર
**22 પેઢામલીમાં ગ્રામવીકાસનું...**
કીરણ ચાંપાનેરી
**24 નવું વાચન**
**26 સત્તાધારી પક્ષની માનસીકતા**
પ્રો. અશ્વીનકુમાર ન. કારીઆ
**27 ખેડુત વેદનાયાત્રા/પત્ર-સાર**
**28 નોટો વીનાનો સમાજ**
**30 અન્યાય સામે મોરચો**
ઝેહરા સાઈકલવાલા
**32 કાવ્યોમાં સાંપ્રત**

## ગાંધીજી એક મહાન ને પ્રેમાળપુરુષ...

ગયાં થોડાંક વર્ષમાં, ગાંધીજીની કીર્તી જગદ્‌વ્યાપી થઈ ત્યારથી મારા પતી ને હું જે લોકોને મળ્યાં છીએ તેમાંના જેઓ ગાંધીજી સાથેના અમારા અગાઉના ગાઢ સંબંધ વીશે જાણતા હતા તેમણે અમને ઘણી વાર એમને વીષે અનેક સવાલો પુછ્યા છે : ‘તમે તો એમનું ગૃહજીવન પણ જાણતાં હતાં. તેઓ માણસ તરીકે કેવાં હતા ? એ દીવસોમાં તેઓ આસપાસનાં માણસો જોડે કેવી રીતે વર્તતા ? તે વેળા એમને મુખ્ય રસ કઈ વસ્તુઓમાં હતો ? એમના એ દીવસોના વીચારો ને પ્રવૃત્તીઓમાં એમની પાછળ કલ્પનાઓ ને હીલચાલોનાં બીજ જોઈ શકાય ખરાં ?’

આ પ્રશ્નોને અંગે જે ચર્ચાઓ થતી તેમાં આ પુસ્તકમાં વર્ણવેલા કેટલાક પ્રસંગો મારે યાદ કરીને કહેવા પડેલા, ‘એ વાતો તમે લખી કેમ કાઢતાં નથી ?’ એ સવાલ ઘણી વાર પુછાતો પણ હું લખવાની ના જ પાડતી...

આગળ જતાં, કેટલાંક અમેરીકન મીત્રો સાથે ગાંધીજી વીષે વાતો કરવાના બીજા પણ પ્રસંગો મારે આવ્યા. તે વેળા મને એમનાં કેટલાંક સંસ્મરણો છાપીને પ્રસીદ્ધ કરવાનું ફરી કહેવામાં આવ્યું. ગાંધીજી મારે મન સૌથી પહેલાં મહાત્મા કે સંત કે વીલક્ષણ મુત્સદ્દી નહોતા, પણ એક મહાન અને પ્રેમાળ પુરુષ હતા. હું ને મારું કુટુંબ ભીન્ન દેશ ને જાતીનાં હતાં, તેઓ પુરુષ હતા ને હું સ્ત્રી હતી, અને હવા ગોરાકાળાના વીખવાદથી ભરેલી હતી, છતાં એ કશાની પરવા કર્યા વીના તેમણે અમારી સહુની પ્રત્યે પોતીકાં કુટુંબીજન જેવો સ્નેહ દાખવ્યો હતો, એ જ ખ્યાલ ગાંધીજીનો વીચાર કરતાં મને સહુથી પહેલો આવતો હતો. છેવટે મેં આ મીત્રોને જવાબ આપ્યો કે, ‘હું તમારી સુચનાનો વીચાર કરી રહી છું.’

‘જરુર કરો’, પેલા મીત્રે કહ્યું, ‘તમે એમને વીષે જે સંસ્મરણો લખશો તે લોકો રસથી વાંચશે એની હું તમને ખાતરી આપું છું.’

એ રીતે આ નાનકડી ચોપડી લખાવા પામી છે.

**– મીલી ગ્રેહામ પોલાક**

[**ગાંધીજીના જીવનપ્રસંગો**’ની પ્રસ્તાવનામાંથી સાભાર. પુસ્તકની વીગતો માટે જુઓ ‘નવું વાચન.’]

❑

## સાંપ્રત

■ ઈન્દુકુમાર જાની

### રાષ્ટ્રપતીની ચીંતા અને શીખ બીલકુલ ટાણાંસરની...

આપણા રાષ્ટ્રપતી પ્રણવ મુખર્જી જેટલો વીશાળ રાજકીય અને વહીવટી અનુભવ ધરાવનાર સમગ્ર દેશમાં ભાગ્યે જ બીજું કોઈ હશે ! વળી, તેઓએ નાણાં ખાતું પણ વર્ષો સુધી સંભાળ્યું છે. એક પીઢ અને મુત્સદ્દી રાજકીય અગ્રણી તરીકે તેઓએ અનેક આંટીઘુંટી ઉકેલી છે... સોનીયાજીએ યુપીએ - ટુ વખતે તેમને વડાપ્રધાનની જવાબદારી સોંપી હોત તો દેશનો અને કોંગ્રેસનો ઈતીહાસ જુદો હોત ! ખેર ! જો બીત ગઈ સો બીત ગઈ...

સમગ્ર દેશના રાજ્યપાલો અને ઉપરાજ્યપાલોને વીડીયો કોન્ફરન્સીંગથી સંબોધન કરતા રાષ્ટ્રપતી પ્રણવ મુખર્જીએ પહેલીવાર બળાપો કાઢ્યો છે. તેઓએ ભારતમાં મંદીની શરુઆતનો ઉલ્લેખ કર્યો છે, નોટબંધીના નીર્ણયથી ગરીબોની મુશ્કેલી વધી છે, અર્થતંત્ર ધીમું પડ્યું છે; એટલું જ નહીં, નોટબંધીના ફાયદા નહીં - ગરીબોની તકલીફોની વાત કરો એવું પણ જણાવ્યું છે. ગરીબોને લાંબાગાળે ફાયદો થશે તે વાત બરાબર છે પણ ખરેખર તેમને ફાયદો થાય અને લાંબો સમય રાહ ન જોવી પડે તેવાં પગલાં આપણે લેવાં પડશે. વડાપ્રધાન દ્વારા જારી કરાયેલાં પેકેજ તેમને રાહત આપશે; પણ કેટલી અને ક્યારે તે જોવું રહ્યું ! સાથોસાથ તેઓએ પાંચ રાજ્યોમાં થનારી વીધાનસભાની ચુંટણીઓનો પણ ઉલ્લેખ કર્યો હતો. ચુંટણી જીતવા માટે વીભીન્ન સમુદાયો વચ્ચે તણાવ ઉભો કરાય છે જેનાથી સમાજને નુકસાન થાય છે; આ સંજોગોમાં રાજ્યપાલો - ઉપરાજ્યપાલો સાંપ્રદાયીક સૌહાર્દ જાળવી રાખવામાં મહત્ત્વની ભુમીકા અદા કરે એવી શીખ પણ પ્રણવ મુખરજીએ આપી.

### નોટબંધી ફ્લોપ અને અર્થતંત્ર માંદું : જીડીપી તળીયે

વડાપ્રધાને 2016નું રાષ્ટ્રજોગું અંતીમ સંબોધન કર્યું ત્યારે એવી અપેક્ષા હતી કે ‘ડીમોનેટાઈઝેશન’ના પરીણામ અંગે અધીકૃત માહીતી આપશે. પરંતુ તેઓએ દરેક દૃષ્ટીએ અત્યંત નીરાશાજનક પ્રવચન કર્યું. પત્રકારોએ આ લખાય છે તે અરસામાં નાણામંત્રી જેટલીને નોટબંધીમાં કેટલી રકમ જમા થઈ તે અંગે પુછ્યું તો એમણે પણ ચોક્કસ માહીતી આપી નહીં. તેથી છાપાંઓ ‘સુત્રો આધારીત’ આંકડાઓ આપ્યે રાખે છે. એ મુજબ નાણાં જમા કરવાની મુદત પુરી થઈ ત્યાં સુધીમાં 14.97 લાખ કરોડ રુપીયા (220 અબજ ડોલર) 30 ડીસેમ્બરે બેંકોએ મેળવ્યા હતા. જોકે સરકારની ગણતરી એવી હતી કે કુલ રૂ. 15.4 લાખ કરોડની ચલણી નોટોમાંથી પાંચ લાખ કરોડ રુપીયા બેંકોમાં જમા નહીં થાય, કારણ કે ટેક્સ ભરવામાંથી બચવા માટે લોકો આટલી રકમ તો જમા નહીં જ કરાવે. હવે રદ થયેલી લગભગ તમામ નોટો બેંકમાં ડીપોઝીટ થઈ જતાં મોદી સરકાર માટે આ ફટકારુપ બીના છે... આ તો એવું લાગે છે કે નવી નોટો છાપવાનો ખર્ચો પણ માથે પડ્યો ! કરોડો લોકોએ 50 દીવસ સુધી લાઈનોમાં ઉભા રહેવું પડ્યું, એકસો ઉપરાંત લોકોના અપમૃત્યુ થયા, ખેતી - છુટક વેપાર અને કારીગરોને ભયંકર નુકસાન વેઠવું પડ્યું. ગામડાં અને ખેતીની હાલત તો દયનીય થવા પામી છે. આ લખાય છે ત્યારે બજારભાવ પોસાઈ ન શકે એટલાં નીચા હોવાથી ખેડુતોને ટમેટાં જેવી ખેતપેદાશો ફેંકી દેવાની ફરજ પડી રહી છે. પુર્વ કેન્દ્રીય મંત્રી, વરીષ્ઠ ધારાશાસ્ત્રી અને કોંગ્રેસઅગ્રણી કપીલ સીબ્બલે તો ‘નોટબંધી’ને એક કૌભાંડ ગણાવીને કહ્યું છે કે, “રુ. 15.15 લાખ કરોડની જુની ચલણી નોટ બંધ કરી દેવાઈ હતી. જેમાંથી રુ. 14.97 લાખ કરોડ પાછી બેંકીંગ સીસ્ટમમાં આવી ગઈ તેથી શું કાળું નાણું કાયદેસરનું બની ગયું છે ? આ સત્તારુઢ ભાજપ અને બેંકીંગ સંસ્થાઓના કાવતરા વગર શક્ય નથી. તેની ન્યાયીક તપાસ થવી જોઈએ.” એક અહેવાલ મુજબ ઈન્ડીયન સ્કુલ ઓફ પોલીટીકલ ઈકોનોમીના માનદ્ ફેલો નીલકંઠ રથે જણાવ્યું છે કે વડાપ્રધાનને ખોટી સલાહ આપવામાં આવી હતી અને સરકાર આ સ્થીતીનો સામનો કરવા તૈયાર ન હતી. સરકારની અપેક્ષાઓ ખોટી પડી છે.

મેન્યુફેક્ચરીંગ, માઈનીંગ તથા કન્સ્ટ્રક્શન ક્ષેત્રના નબળાં દેખાવને પગલે ગત વર્ષના 7.6 ટકાની તુલનાએ ચાલુ નાણાકીય વર્ષે આર્થીક વૃદ્ધી 7.1 ટકાના ધીમા દરે વૃદ્ધી પામશે તેમ જાણવા મળે છે. જોકે એમાં પણ નોટબંધીની વીપરીત અસરોને ધ્યાને લેવામાં આવી નથી, જે લેવામાં આવે તો જીડીપીનો દર હજી વધુ ઘટવા પામે. કૃષીક્ષેત્રનો ગ્રોથ રેટ વધશે તેવી માન્યતા છે પણ ખેતપેદાશોના ઘટતા ભાવ અને ઉપજ પાછળ વધતો જતો ખર્ચ, વૃદ્ધીદર પર કેવી અસર કરશે તે ચર્ચાનો વીષય છે. વળી, દુનીયાભરના

અર્થશાસ્ત્રીઓનું માનવું છે કે નોટબંધીની અસરો જોતાં ભારતનો જીડીપી વૃદ્ધી દર 6.3 કે 6.4 ટકાથી આગળ જવાનો નથી.

અમારી દૃષ્ટીએ અત્યંત ચીંતાજનક બાબત વધતી જતી અસમાનતા છે. એક બાજુ કોર્પોરેટ ક્ષેત્રની ટોચની પાંચ જ કંપની લઈએ : રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ (રુ. 3,25,828 કરોડ), ટીસીએસ (રુ. 5,10,209 કરોડ), સન ફાર્મા (રુ. 2,09,594 કરોડ), એલએન્ડટી (રુ. 1 ,69,558 કરોડ), અદાણી ગ્રુપ (રુ. 1,45,323 કરોડ) - એટલે કે સવા લાખ કરોડથી લઈને પાંચ લાખ કરોડથી વધુ ટર્નઓવર ધરાવતી માત્ર પાંચ કંપનીઓ છે. એનાથી ઓછું ટર્નઓવર ધરાવતી હજારો કંપનીઓ અને કરોડો રુપીયામાં આળોટતાં કેટલાક ભ્રષ્ટ નેતાઓ - અધીકારીઓ અલગ... બીજી બાજુ બીપીએલ પરીવારોની રોજની કમાણી માત્ર 27.35 રુપીયા છે ! એટલે કે સમગ્ર ભારતમાં 1.4 કરોડ લોકો વાર્ષીક રુ. 10000થી પણ ઓછું કમાય છે... પણ આનંદો ! આજકાલ નરેન્દ્ર મોદી ગરીબો માટે ચીંતા કરતા થયા છે !!

### કેતન રુપેરાને ધન્યવાદ !

‘જલસેવા’માં દીગંત ઓઝાના સાથી તરીકે કેતન રુપેરા કાર્યરત હતા ત્યારથી જ એમની શક્તીનો અચ્છો પરીચય સાંપડ્યો હતો. આજે તો ‘નવજીવન’નો અક્ષરદેહ’ માસીકના કેતનભાઈ સંપાદક છે. ઉપરાંત ‘ગાંધી સાહીત્યના સારથી : જીતેન્દ્ર દેસાઈ’ (2012), ‘નીડર પત્રકાર, સંપુર્ણ પરીવારજન : તુષાર ભટ્ટ’ (2014) અને ‘અગ્નીપુષ્પ : ચુનીભાઈ વૈદ્ય સ્મૃતીગ્રંથ’ (2015)ના સંપાદક તરીકે તેમણે આગવી પહેચાન મેળવી છે. યુવાપત્રકાર કેતન રુપેરાને દીલ્હીની ‘ગાંધી હીન્દુસ્તાની સાહીત્ય સભા’ અને ‘વીષ્ણુ પ્રભાકર પ્રતીષ્ઠાન’ દ્વારા યુવા પત્રકારોને અપાતું કાકાસાહેબ કાલેલકર સન્માન 31મી ડીસેમ્બરે મળ્યું તે બદલ ખુબ ખુબ ધન્યવાદ ! - ઈ.

### પાંચ રાજ્યોમાં વીધાનસભાની ચુંટણી અને બજેટ

જોકે ગરીબોની ચીંતા કરવાનું કે તેમના નામે ‘મગરનાં આંસુ’ વહાવવાનું કારણ પાંચ રાજ્યોમાં જાહેર થયેલી વીધાનસભાની ચુંટણી છે ! ચુંટણી જીતવા માટે અઢળક નાણાં જોઈએ અને એવું કહેવાય છે કે નોટબંધીની વાત ‘લીક’ થઈ હશે તેથી ભારતીય જનતા પાર્ટી માટે નાણાંભીડનો કોઈ મુદ્દો જ નથી. અહીં એ નોંધવું રહ્યું કે માત્ર નાણાંથી જ ચુંટણીઓ જીતી શકાતી હોત તો 1977ની ચુંટણીમાં ઈન્દીરાજી ખુદ કે કોંગ્રેસ પક્ષ હાર્યાં જ ન હોત ! છતાં નાણાં એક મહત્ત્વનું પરીબળ છે તેનો ઈનકાર થઈ શકે એમ નથી.

કેન્દ્ર સરકારનું બજેટ વર્ષોથી 28મી ફેબ્રુઆરીએ રજુ થાય છે. મોદી સરકારે આ વર્ષથી બજેટ એક મહીનો અગાઉ, એટલે કે, પહેલી ફેબ્રુઆરીએ રજુ કરવાનું નક્કી કર્યું છે. બીજી બાજુ ચુંટણી કમીશને ઉત્તર પ્રદેશ સહીત પાંચ રાજ્યોનો ચુંટણી કાર્યક્રમ જાહેર કરી દીધો છે. ચુંટણી જાહેર થતાવેંત આચારસંહીતા લાગુ પડી જતી હોય છે. બજેટમાં એવી દરખાસ્તો પણ આવી શકે કે જે મતદારોને લલચાવવાના હેતુસર થઈ હોય ! આ મુદ્દે ભાજપ સીવાયના તમામ વીરોધ પક્ષો ન્યાયી ચુંટણીના હીતમાં બજેટની રજુઆત દોઢ મહીનો પાછી ઠેલવાની માગણી કરી રહ્યા છે. આ અંગે વીપક્ષી નેતાઓ રાષ્ટ્રપતીને અપીલ પણ કરવાના છે. પ્રણવ મુખરજી 2012માં તત્કાલીન નાણાં પ્રધાન હતા ત્યારે માર્ચ મહીનામાં જ લોકસભાની ચુંટણી યોજાવાની હતી પરંતુ તેઓએ બજેટની રજુઆત પાછી ઠેલી હતી. બજેટ વહેલું રજુ કરવાનો મોદી સરકારનો નીર્ણય નવો છે, ચાલુ વર્ષથી જ અમલમાં મુકાશે; એ સંજોગોમાં બજેટ પુર્વવત્ 28મી ફેબ્રુઆરી પછી રજુ થાય તો કશું ખાટું મોળું થવાનું નથી.

### રાજકારણમાંથી ધર્મની બાદબાકી : સુપ્રીમનો ચુકાદો...

ભારતમાં ધર્મ વીનાનું રાજકારણ છે અને રાજકારણયુક્ત ધર્મ છે એ સંજોગોમાં રાજકારણમાંથી ધર્મની બાદબાકી કરતો સુપ્રીમ કોર્ટનો તાજેતરનો ચુકાદો આવકારદાયક છે. ભારત એક બીનસાંપ્રદાયીક દેશ છે. ભારતની સરકાર બીનસાંપ્રદાયીક હોવી જોઈએ અને સરકારની રચના માટે યોજાતી ચુંટણીઓ પણ બીનસાંપ્રદાયીક હોવી જોઈએ તેમાં કોઈ બેમત નથી. પરંતુ કોઈ પણ ધર્મ, જાતી, ભાષા કે સમાજના નામે મત માગવાને ગેરકાયદે ઠરાવતો સુપ્રીમ કોર્ટનો ચુકાદો અનેક ગુંચવાડાઓ પેદા કરી શકે છે. સુપ્રીમ કોર્ટના સાત જજોની બેન્ચના ચુકાદા મુજબ જો કોઈ પણ ઉમેદવાર ધર્મ, જાતી, ભાષા કે સમાજના નામે મત માગે અને તેની સામે કોર્ટમાં અપીલ કરવામાં આવે તો તેની ચુંટણી રદ જાહેર થઈ શકે છે. આ ચુકાદો વીવાદાસ્પદ છે તેનો સૌથી મોટો પુરાવો એ છે કે કુલ સાત જજો પૈકી ચાર ચુકાદાની તરફેણમાં પોતાનો મત આપ્યો હતો; જ્યારે

ત્રણ જજ સાહેબોએ તેની વીરુદ્ધમાં મત આપીને પોતાનો ચુકાદો અલગથી આપ્યો હતો. આ ત્રણ જજોએ પોતાના ચુકાદામાં સ્પષ્ટ જણાવ્યું હતું કે ભારત જેવા વૈવીધ્યસભર દેશમાં કોઈ પણ ધર્મ, જાતી, ભાષા કે સમાજના નામનો ઉલ્લેખ કર્યા વીના રાજનીતી કરવી શક્ય જ નથી.

જો કે 1995માં જસ્ટીસ જે. એસ. વર્માની ત્રણ જજોની ખંડ પીઠે જે ચુકાદો આપ્યો હતો તેમાં હીંદુત્વ એ કોઈ ધર્મ નથી પણ જીવન જીવવાની પદ્ધતી હોવાનું જણાવ્યું છે; જેમાં કશો ફેરફાર કરવાનું હાલના ચુકાદામાં જરુરી ગણાયું નથી. મુશ્કેલી હાલના સત્તાધીશો અને તેની પાછળ રહેલ સંઘ પરીવારની માનસીકતા સંદર્ભે છે. 2002માં હીંદુ-મુસ્લીમ મતોનું ધ્રુવીકરણ કરવામાં આવેલું. તત્કાલીન ચુંટણી કમીશનર લીંગ્દોહ સત્વરે ચુંટણી કરાવવાનો મત નહોતા ધરાવતા તો તેમના પર પણ આક્ષેપો કરાયા હતા... છેલ્લે આસામની ચુંટણીવેળા પણ મતોના ધ્રુવીકરણનો આસાન રાહ અપનાવાયો હતો. એવું પણ જોવા મળે છે કે મુખ્ય અગ્રણી ડાહી ડાહી વાતો કર્યા કરે પણ ચુંટણીસભામાં કટ્ટરવાદીઓને છુટ્ટો દોર અપાય ! આમ યેનકેન પ્રકારેણ ધર્મ-જ્ઞાતી-જાતીને ચુંટણીમાં વચ્ચે લાવવાની કોશીશ તો થતી જ રહેશે.

### વાઈબ્રન્ટ–2017 : માપદંડ રોજગારી રાખો, મુડીરોકાણ નહીં...

આજે ગાંધીજી હયાત હોત અને ગાંધીનગર - મહાત્મા મંદીર કે ઈવન અમદાવાદમાં પણ આંટો મારત તો એમને ચક્કર આવી જાત ! 2001 પછીના ગુજરાતમાં જાતજાતનાં ઉત્સવો અને 'રાજમહેલોના ખુનીભપકાં' જેવા 'ઈવેન્ટ' પાછળ પાણીની જેમ નાણાં વહાવાઈ રહ્યાં છે. એને કારણે કોન્ટ્રાક્ટરો, ડેકોરેટર્સ, કેટરર્સ વગેરેને ધુમ કમાણી થઈ રહી છે. એવું કહેવાય છે કે વાઈબ્રન્ટમાં વડાપ્રધાન ડેલીગેટ્સ સાથે જે રાત્રીભોજન કરનાર છે તેની એક ડીશ પાછળ સેંકડો રુપીયાનો ખર્ચ થનાર છે ! વાહ રે... 'ફકીર' તેરી લીલા !! [તા. 6-1-'17નું સંદેશ : સમીટમાં શાહી ભોજન બનાવવા મુંબઈની તાજ હોટલના શેફ આવશે, મહાત્મા મંદીરનાં રસોડામાં શાહી મીજબાની માટેના અઢળક વ્યંજનો તૈયાર થશે, એક ડીશ રુ. 5000માં પડશે !]

બ્રીટનના એક સમયના વડાપ્રધાન ડીઝરાયેલીએ કહેલું : ત્રણ પ્રકારના જુઠ હોય છે - જુઠ, સફેદ જુઠ અને આંકડાઓ ! આરટીઆઈમાં જાણવા મળે છે કે, વાઈબ્રન્ટ ગુજરાત અંતર્ગત 2003થી 2009 દરમીયાન સુરતમાં ઉદ્યોગો સ્થાપવા થયેલા એમઓયુ કાગળ પર રહી ગયા ! 12 પ્રોજેક્ટ માટે રુ. 26276 કરોડનું મુડીરોકાણ દેખાડાયું પરંતુ 6 જ શરુ થયા... સુવાલીને સ્વીત્ઝર્લેન્ડની જેમ વીકસાવવાની વાતો પણ કરાઈ હતી. સ્થાનીક સ્વરાજની સંસ્થાના કામો પણ વાઈબ્રન્ટમાં ગણી લેવાયા ! કરોડોના આંકડા બતાવવા હજીરાના ઉદ્યોગોના વીસ્તરણ પ્રોજેક્ટને પણ વાઈબ્રન્ટના મુડીરોકાણમાં ખપાવાયો !

### કયા પ્રોજેક્ટ આગળ જ ન વધ્યાં ?

1. સુરતમાં 3 મોટા ઈન્ડસ્ટ્રીયલ પાર્ક માટેના પ્રોજેક્ટ કાગળ પર રહ્યા હતા.
2. બે આઈટી પાર્કના પ્રોજેક્ટ પણ સર્વેથી આગળ વધ્યા ન હતા.
3. 4 મલ્ટી સુપર સ્પેશ્યાલીટી હોસ્પીટલના પ્રોજેક્ટ પણ એમઓયુમાં અટકી ગયા હતા.
4. સુરતમાં 5 નવા પોર્ટ વીકસાવવા અને 5 પાવર સ્ટેશન ઉભા કરવાની યોજના પણ કાગળ પર રહી હતી.
5. 2 રીન્યુએબલ એનર્જીના પ્રોજેક્ટ પણ શરુ થઈ શક્યા ન હતા.
6. સુરતમાં 4 કેબલ ટ્રેનના પ્રોજેક્ટની વાત પણ મુંગેરી લાલના હસીન સપના જેવી બની રહી હતી.
7. દેશના જાણીતા ઉદ્યોગકારે આ સમીટ દરમીયાન સુરતમાં એસઈઝેડ ઉભું કરવાની દરખાસ્ત સાથે એમઓયુ કર્યું હતું. પરંતુ આ પ્રોજેક્ટ માટે જગ્યાની ફાળવણી સરકાર કરી શકી ન હતી.
8. સુરત શહેર અને જીલ્લામાં 43 પીકનીક સ્પોર્ટ ઉભા કરવા એમઓયુ કરાયા હતા. પરંતુ એક પ્રોજેક્ટ જ સફળ બની શક્યો હતો.

[ગુજરાતમીત્ર : 4 અને 5-1-2017] આ તો માત્ર દક્ષીણ ગુજરાત પુરતી જ વાત છે, સમગ્ર ગુજરાતની સ્થીતી જાણવા માટે તો એક એક પંચ (કમીશન) બેસાડવું પડે !]

ખરી વાત એ છે કે માત્ર ભારત જ નહીં, સમગ્ર વીશ્વમાં વીકાસને નામે 'જોબલેસ ગ્રોથ' જ જોવા મળે છે. એમાં અમેરીકા પણ બાકાત નથી. બીજી બાજુ વધુ ને વધુ મુડીરોકાણ લાવવાની લાહ્યમાં આપણે જળ-જમીન-જંગલનો નાશ કરી રહ્યા છીએ. અન્ય દેશોમાં જે રસાયણોનું ઉત્પાદન પ્રતીબંધીત છે તેના ઉદ્યોગો આપણે હોંશે હોંશે સ્થાપીએ છીએ. વળી જોવાની વાત એ છે કે વીદેશી રોકાણકારો આવનાર છે એવાં બણગાં ફુંકાય છે પરંતુ કેન્દ્રમાં ભાજપની જ સરકાર હોવા છતાં ભાજપશાસીત હોય તેવા 13 પૈકી માત્ર 4 રાજ્યોનાં જ વાઈબ્રન્ટમાં સેમીનાર થનાર છે !

અમને તો હવે 'વાઈબ્રન્ટ' શબ્દ સાંભળતાં જ ધ્રુજારી ચડે છે !! ❑

# પ્રખર રેશનાલીસ્ટ પ્રા. બાબુભાઈ દેસાઈ

## અલવીદા, બાબુભાઈ !

**ઘનશ્યામ શાહ**



27 ડીસેમ્બરે વંચીત-શોષીત લોકો પ્રત્યે સંવેદનાથી ભરપુર સક્રીય કર્મશીલ બાબુભાઈ દેસાઈને આપણે સદાને માટે ગુમાવ્યા. તેઓ સુરત સત્યશોધક સભાના પ્રમુખ હતા અને છેલ્લા છ દાયકાથી પણ વધુ સમયથી શહેરના જાહેરજીવનમાં એક યા બીજી રીતે સક્રીય હતા. પાંચ-છ અઠવાડીયા પહેલાં ડૉક્ટરોએ એમને લીવર કેન્સર હોવાનું નીદાન કર્યું હતું.

બરોબર ગત અઠવાડીયે મેં એમની સાથે ચારેક કલાક વીતાવ્યા હતા. સાથે હતા કીમના ઉત્તમભાઈ. અમે આજની નોટબંધીથી માંડી ડોનાલ્ડ ટ્રમ્પની વાતો સાથે ભુતકાળને વાગોળ્યો, હસી-મજાક કરી અને છાનું-છપનું રડી પણ લીધું. આ ચાર કલાક હું એમની સાથે વીતાવી શક્યો - ફરીથી નહીં મળી શકાય તેવા છુપા ડર સાથે - તે મારા માટે મોટું આશ્વાસન છે.

અમે-કલ્પના અને હું, દીલ્હીથી સુરત ગયા, 1972થી અમારો સંબંધ બંધાયો. અમારી બન્ને દીકરીઓને જીવન ભારતી સ્કુલ પસંદ કરવામાં અને પછી એડમીશન માટે એમણે મદદ કરી હતી. સાથે સાથે ભગીરથ શાહ અને અશોક પરીખ સાથે સંબંધ બંધાયો. 1974ના નવનીર્માણ આંદોલન અને સાપ્તાહીક વીચારવર્તુળ દ્વારા અમે વૈચારીક રીતે નજીક આવ્યા. તે સાથે કૌટુંબીક સંબંધો ઘનીષ્ઠ થયા. શહેર, દેશ કે દુનીયામાં કોઈક મહત્ત્વનો બનાવ બને તો તરત જ એકબીજાને ત્યાં પહોંચી જતા, ફોન કરતા, ચર્ચા કરતા.

નાનપણથી બાબુભાઈ એમના કુટુંબમાં બળવાખોર મનાતા. કોલેજના દીવસોથી તેઓ પ્રજા સમાજવાદી પક્ષના સમાજવાદના વીચારોથી રંગાયેલાં હતાં. ઘાસીયા પારડી સત્યાગ્રહ અને તેના આગેવાન ઈશ્વરભાઈ દેસાઈથી પ્રભાવીત થયેલા. ત્યાર પછી, કોંગ્રેસનું વીભાજન થયું ત્યારે ઝીણાભાઈ દરજીના ગરીબોતરફી વીચારોથી અને સાથે સાથે વડોદરાના મગન દેસાઈ અને મુંબઈના અક્ષય દેસાઈના વીચારોથી રંગાયા. આ અરસામાં નવનીર્માણ આંદોલન થયું તેમાં વીદ્યાર્થી આગેવાન ભગીરથને સાથ અને સહકાર આપ્યો કે જેથી આંદોલનમાં શોષીત જનતા તરફી વલણ અપનાવાય. સમાજવાદી સેન્ટર શરુ કરી પેમ્પલેટ્સ - ચોપાનીયા છાપવા ને વીતરણનું કામ પણ કર્યું. એના આશ્રયે ડચ સમાજશાસ્ત્રી જાન બ્રેમનના લેખ 'શેરડી અને મજુરના પીલાણ'નો ગુજરાતી તરજુમો પુસ્તીકારુપે પ્રસીદ્ધ કર્યો. આ પુસ્તીકાએ ખેડુતોમાં અને સરકારમાં ચકચાર મચાવી. ગુજરાતના બીજા કર્મશીલોનું ધ્યાન શેરડી કામદારોની પરીસ્થીતી તરફ દોરાયું. 1980ના દાયકાની શરુઆતમાં શહેરની ઝુંપડપટ્ટીઓને આડેધડ ખસેડવાની પ્રવૃત્તીથી તેની સામે થતાં આંદોલનમાં સક્રીય થયાં. 1984-85માં સુપ્રીમ કોર્ટે દક્ષીણ ગુજરાત યુનીવર્સીટીને શહેરના કામદારોની પરીસ્થીતીની તપાસ કરવાનું કામ પ્રોફેસર ઉપેન્દ્ર બક્ષીની રાહબરી હેઠળ સોંપ્યું. આ કામમાં બાબુભાઈએ સક્રીય રીતે ભાગ લીધો.

1985 પછી આ ધમધમતી પ્રવૃત્તીઓ થોડીક મંદ પડી. તે દરમ્યાન બાબુભાઈનો રેશનાલીસ્ટ પ્રવૃત્તીઓ તરફ ઝોક વધ્યો. તે રમણ પાઠકથી વધુ આકર્ષાયા અને સત્યશોધક સભાની પ્રવૃત્તીઓમાં વધુ ને વધુ સક્રીય થયા. કાળક્રમે તે એમનું મુખ્ય કાર્યક્ષેત્ર બન્યું. સાથે સાથે 90ના દાયકામાં યશપાલ અને અનીલ સદ્‌ગોપાલ સાથે વીજ્ઞાનયાત્રામાં પણ સક્રીય બન્યા. અને અનીલ સદ્‌ગોપાલની 'સૌને સારું અને સમાન શીક્ષણ' અભીયાનને પણ ટેકો આપતા.

રેશનાલીસ્ટોમાંથી થોડાક રીઝન - વીવેકબુદ્ધીને સામાજીક-આર્થીક માળખા અને ઐતીહાસીક પરીબળોના સંદર્ભમાં જુએ છે બાબુભાઈ તેમાંના એક હતા. એટલે માનવ અધીકારની પ્રવૃત્તીઓ સાથે સંકળાયેલા હતા. 2002માં ગુજરાતમાં જ્યારે હત્યાકાંડનું તાંડવ ચાલ્યું ત્યારે તેઓ ચુપ ન રહ્યા. જાહેરમાં સરકારનો વીરોધ કર્યો. દલીત - આદીવાસી પર હત્યા થાય ત્યારે તેઓ બીજા માનવઅધીકાર માટે કામ કરતા કર્મશીલો સાથે પોતાનો સુર પુરાવતા, ભલે અન્ય રેશનાલીસ્ટો ચુપકીદી સેવતા હોય. તે માટે તેમને કેટલીક

વખત સુરતમાં એકલું લાગતું. સત્યશોધક સભા દ્વારા એમના 75 વર્ષની ઉજવણીના સમારંભમાં એમણે કહ્યું પણ ખરું કે એમની પ્રતીબદ્ધતા શોષીત-પીડીતોના પ્રશ્નો માટે પ્રાથમીક છે. તેઓ અવાર-નવાર 'ગુજરાતમીત્ર'માં ચર્ચાપત્રો લખતા, અને કોઈ કોઈ વખત પેમ્પલેટ પણ લખતા અને ઘણા બધાને મોકલતા.

સ્વભાવે મોજીલા, સરળ હૃદયના અને સ્વ. ઉર્મીલાબહેન (એમના પત્ની)ના શબ્દોમાં કહીએ તો 'જરા પણ ઝંપીને ન બેસી શકે તેવા' હતા. તેઓ જોક્સના ભંડાર હતા અને ખુશવંતસીંહના ચાહક. થોડાક વખત માટે બધા ભેગા થયા હોય ત્યારે તેઓ જુદા જુદા વીષયો પર જોક્સ કહેતા અને વાતાવરણ આનંદમય બનાવતા. ઉર્મીલાબહેનના અવસાન પછી એમણે એમના મીત્ર ખુરશેદ સાથે મૈત્રીકરારથી રહેવાનું નક્કી કર્યું. બન્ને અવારનવાર દુર દુર દેશમાં અને બહાર ફરવા નીકળી જતા. મજા કરતા. ખુરશેદબહેન કહે છે કે બાબુભાઈ કમ્પેન્યન તરીકે ઉમદા હતા. બાબુભાઈના જવાથી ખુરશેદબહેનને જે ખાલીપાનો અનુભવ થઈ રહ્યો છે તે ફક્ત સમય સાથે સાથે ધીમે ધીમે હળવો થશે. બાબુભાઈએ એમના સ્વભાવ પ્રમાણે મૃત્યુને આલીંગન કરવામાં પણ ઝંપ ન રાખ્યો... જોતજોતામાં આપણી વચ્ચેથી વીદાય લીધી. અલવીદા બાબુભાઈ !!

*

## હૃદયસ્થ પ્રા. બાબુભાઈ દેસાઈ

જીવ્યો'તો સૌનો બાબુ કેવળ સામી છાતીએ,
હમણાં જ હજી સુતો છે દોડી દોડી થાકીને.

સામા પુરે તરવાનું હૈયામાં જોમ લઈ ચાલેલો
એકમેકની સંગાથે દીવડો નોખો પ્રગટાવેલો
ઈશ્વર-બીશ્વર જેવું કાંઈ નથી એમ સ્વીકારીને
જીવ્યો'તો સૌનો બાબુ કેવળ સામી છાતીએ.

એથી જ તો વાતમાં એની દમ દેખાતો'તો
ઘટનાઓને કાયમ વાંકી નજરે જોતો'તો.
મોતી શોધી લાવે ઉંડે ઉંડે ડુબકી મારીને
જીવ્યો'તો બાબુ કેવળ સામી છાતીએ.

હૈયે હાથ લીધો ઝંડો એણે માનવતાનો
નવાં જ વીચારોથી સૌને સાંકળવાનો
જાણે સાંઈ વસ્યા દેસાઈમાં આવીને
જીવ્યો'તો સૌનો બાબુ કેવળ સામી છાતીએ
હમણાં જ હજી સુતો છે દોડી દોડી થાકીને.

- સુનીલ શાહ

## સ્મરણાંજલી

તમારો આ ફોટો જોઈ
મને ઝાડ યાદ આવે છે.
ઘેઘૂર
અડીખમ.
ન કદી ઝૂકતું, નમતું.
વંટોળિયાં
વાવાઝોડાં કી તો
ઐસી કી તૈસી !
1972થી ઝાડને જોતો રહ્યો છું,
મળતો રહ્યો છું,
ઝાડનાં દિલદિમાગનાં
છાંયડે બેસતો રહ્યો છું.
તમારી આસપાસ-સાથે ય
કેટકેટલાં ઝાડ ?!
તમારાંથી ય મોટાં, તમારાંથી ય
ઘેઘૂર.
એમને ઝૂકતાં જોયાં, નમતાં જોયાં,
લાલચુ કઠિયારાઓને સામેથી
બોલાવી, ડાળખાં-પાંદડાં જ
નહીં,
ખુદ પોતાનાં થડને
ખુદ કપાવતાં, વહેરાવતાં ય જોયાં..
તમે ઘેઘૂર ને અડીખમ
તમારે દિલદિમાગને છાંયડે
કેટકેટલાં હસતાં રહ્યાં, રમતાં રહ્યાં,
જાગતાં થયાં !
જાણે બુદ્ધનું બોધીવૃક્ષ.
દિલદિમાગમાં ખિલતું ઝાડ
કદીય પડતું નથી, એમ જ
અડીખમ ગાતું રહે છે.
તમે ઇન્કિલાબ ગાતું ઝાડ છો.

- મનીષી જાની

## 'સત્યાન્વેષક' બાબુભાઈ દેસાઈ

ઈન્દુકુમાર જાની

ઝીણાભાઈ દરજીના કારણે સુરતમાંથી જે બે મીત્રો મળ્યા તે બંને હવે હયાત નથી. એડવોકેટ ભગીરથ શાહ અને બાબુભાઈ દેસાઈ. 27મી ડીસેમ્બરે *નયા માર્ગ*ના પહેલી જાન્યુઆરીના અંકનું કામ આખરી તબક્કામાં હતું ત્યારે જ ઘનશ્યામ શાહનો દોઢેક વાગે ફોન આવ્યો : 'બાબુભાઈ ગયાં...' બાબુભાઈના શરીરમાં કેન્સર બહુ ઝડપથી પ્રસરી ગયેલું. માંદગીની ખબર પડી ત્યારે ફોન કર્યો. તેમના દોહીત્ર

માલવ સાથે વાત થઈ, બાબુભાઈ ફોન પર આવી શકે એમ નહોતા... 'સત્યાન્વેષણ'નો ત્રણસોમો અંક કરવો અને રેશનાલીઝમના વીવીધ પાસાંઓની તેમાં ચર્ચા થાય, લેખો લખાય - એવું એમનું મીશન ચાલુ વર્ષે (2016) પુરું કર્યું, એના સંતોષ સાથે એમણે વીદાય લીધી.

બાબુભાઈએ *સત્યનાં પ્રયોગો* નહોતા કર્યા પણ સત્યની ખોજ આજીવન ચાલુ રાખી. 'સત્યાન્વેષણ' માસીક અને સત્યશોધક સભા દ્વારા એમની મથામણ છેક સુધી ચાલુ રહી. બાળવયથી જ વૈજ્ઞાનીક અભીગમ કેળવાય તે માટે 'બાલવીજ્ઞાન કોંગ્રેસ'માં રાષ્ટ્રીયકક્ષાએ જોડાયેલા રહ્યાં. અન્ય સાથીઓ સાથે મળીને સુરતમાં બાબુભાઈ 'સોશ્યાલીસ્ટ સ્ટડી સેન્ટર' ચલાવતાં. રેશનાલીઝમનો પ્રચાર-પ્રસાર થાય તે હેતુસર બી. એ. પરીખ, સુનીલ શાહ, સીદાભાઈ ગામી, શરદ ભી. દેસાઈ સાથે મળીને બાબુભાઈ અનીયતકાલીન 'પ્રબોધ' કાઢતાં. બુદ્ધીવાદી, વૈજ્ઞાનીક અભીગમ અને નવચેતનાને વરેલું આ સામયીક ગુજરાત રેશનાલીસ્ટ એસોસીએશનનું મુખપત્ર હતું; જે પછીથી 'સત્યાન્વેષણ' શીર્ષકથી પ્રગટ થવા લાગ્યું. એ સમયે જુદા જુદા વીષયો અંગે નાનકડી પુસ્તીકાઓ પણ પ્રસીદ્ધ કરવામાં આવતી. તેની પાછળની સમજ એવી કે મોટો ગ્રંથ હોય તો લાઈબ્રેરીમાં પડી રહે, પુસ્તીકા હોય તો વંચાય... વળી, તેની કીમત પણ ખીસ્સાને પરવડે એટલી આવી એક પુસ્તીકા 'રેશનલ મધુબીન્દુઓ', તેનું પ્રાસંગીક બાબુભાઈએ લખ્યું છે તેમજ તેમનું લખેલું એક મધુબીન્દુ :

**આંતરસંઘર્ષ પ્રક્રીયાએ કરીને જ માનવઉત્કર્ષ :** 'આટલાં વર્ષોનો ઈતીહાસ સાબીતી આપે છે કે માનવીની પોતાની સંઘર્ષ-પ્રક્રીયાએ જ એને વધુ ને વધુ બહેતર બનાવ્યો છે. માનવી પોતાની મરજી પ્રમાણે જીવનનો રસ્તો કંડારી શકે છે અને તે એમ કરી શકે તેવી સ્થીતી પેદા કરવાનું કામ વીવેકબુદ્ધીવાદીઓ - રેશનાલીસ્ટોનું છે.'

**પ્રાસંગીક :** "વીચાર એ કાર્યનું ઉદ્‌ભવબીંદુ છે. વીચાર ઝબકે એમાંથી તણખો ઝરે, માનસ પલટાય અને પછી નવા વીચાર પરીવર્તનમાંથી જ આચાર પરીવર્તન થાય છે. ઘણા લોકો માત્ર વીચારના ફેલાવાની હાંસી કરે છે જે બરાબર નથી. માત્ર વીચાર્યા જ કરવું અને અમલમાં કશું ન મુકવું એ જેટલું અનુચીત છે એટલું જ અયોગ્ય; માત્ર કામ જ કરતા રહેવું અને બનતી ઘટના વીશે વીચાર ન કરવો, નવું ન વીચારવું એ છે. અનેક માણસોએ, વીચારકોએ કબુલ્યું છે કે કોઈક નવા વીચારે તેમને જાગૃત કર્યા, કાર્યાન્વીત કર્યા અને જીવન પલટાવી નાખ્યું.

"રેશનાલીઝમની વીચારધારાને વીચાર-અભીગમ સાથે સીધી લેવાદેવા છે. માણસ વીચારવા પ્રવૃત્ત થાય એ ખુબ જરુરી છે. આથી આ સાથે રેશનાલીસ્ટ મધુબીંદુઓનો સંગ્રહ અમે પ્રગટ કરી રહ્યા છીએ. આ મધુબીંદુઓ વાચકોના જીવનમાં મધુરતા બક્ષસે જ એવો અમને વીશ્વાસ છે."

સોશ્યાલીસ્ટ સ્ટડી સેન્ટરના પ્રકાશનોમાં ડૉ. અક્ષયકુમાર દેસાઈની લખેલી પુસ્તીકાઓ ઉપરાંત પ્રા. બાબુભાઈ દેસાઈ કૃત 'ભારતની સમસ્યાઓ અને સાચો સમાજવાદ' તથા 'ભારતની સંસદીય લોકશાહીની ભીતરમાં' છે; તે ઉપરાંત પણ હશે. બાબરી-ધ્વંસની દુર્ઘટના અગાઉ સેન્ટરના ઉપક્રમે શ્રીમતી સુરીન્દર કૌર અને તપન સન્યાલ કૃત 'મંદીર- મસ્જીદ કે માનવ ?' પુસ્તીકા પ્રગટ કરેલી જેનો ભાવાનુવાદ બાબુભાઈએ કર્યો હતો.

જાણીતા સાહીત્યકાર પ્રા. રમણ પાઠક 'વાચસ્પતી'ની અઠવાડીક કટાર 'રમણભ્રમણ' સુરતના દૈનીક 'ગુજરાતમીત્ર'માં છપાતી. એ લેખોના પુસ્તકો પણ થયાં છે. રેશનલ ચળવળને પ્રોત્સાહન મળે તે માટે 'રમણભ્રમણ' સુવર્ણ ચંદ્રક શરુ થયો, જે સૌ પ્રથમ બાબુભાઈને અપાયેલો. બાબુભાઈએ અનેક રાષ્ટ્રીય - આંતરરાષ્ટ્રીય પરીસંવાદોમાં ભાગ લઈને માનવવાદ ક્ષેત્રે ગુજરાતનો ધ્વજ લહેરાવ્યો છે... અનુકુળ હોય ત્યારે 'નયા માર્ગ'માં પણ લખ્યું છે. તેમાંથી ઉદાહરણરુપે બે લેખના અંશો :

આઝાદી પછી જે આર્થીક વીકાસ થયો છે એ પણ અસમાન અને મુઠ્ઠીભર લોકોને લાભ થાય એ પ્રકારનો જ બની રહ્યો છે. હીન્દુ સમાજની ઉચ્ચ જ્ઞાતીઓએ ધંધા રોજગારમાં ફાયદાકારક સ્થાને પગદંડો જમાવી દીધો છે, જ્યારે નીચલી અને મધ્યમ જ્ઞાતીઓ ગરીબ અને શોષીત અવસ્થામાં વહેંચાઈ ગઈ છે. ગામડાઓમાં પણ હજી જ્ઞાતીપ્રથાનું વર્ચસ્‌ ભારે પ્રભાવ ધરાવે છે. શોષીતને પછાત રાખવા માટે જ્ઞાતીનો તથા શાસ્ત્રોનો ઉપયોગ કરવામાં આવે છે. હીન્દુ ધર્મની વીભાવનાઓ જ આધુનીક વીચારસરણીને સુસંગત નથી... શાસ્ત્રો, સ્મૃતીઓ અને પુરાણકથાઓની ભરમાર ફેલાવી જુના સામંતવાદી સંબંધોને નવા મુડીવાદી અર્થસામાજીક ચોકઠામાં ફીટ કરવામાં આવી રહ્યા છે. ભારતના સત્તાધારી પક્ષે જે ચતુરાઈથી ફેરફારો કર્યા છે અને કરી રહ્યા છે કે જેમાં જુના સંબંધો, એ વચ્ચેનું અંતર અને શોષણ ઘટ્યા વીના આમજનતાને ખ્યાલ સુધ્ધાં ન આવે એ રીતે પરીવર્તનો થઈ રહ્યા છે. આ એક બેનમુન કામ છે. એનો ખાત્મો બોલાવવો હોય તો ડૉ. બાબાસાહેબ આંબેડકરે જે બૌદ્ધીક પરીપ્રેક્ષ્ય આપેલ છે, જે પાયાનું વીશ્લેષણ આપેલું છે એને આધારે જ આગળ વધવું પડશે. પરીસ્થીતી ઘણી જ નીરાશાજનક લાગે છે પરંતુ નાના-મોટા અનેક દલીતમંડળો આપણને ઉત્સાહ પ્રેરે છે. સાહીત્ય જગતમાં દલીત સાહીત્યએ પોતાનું આગવું વીશીષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ બધાએ ડૉ. બાબાસાહેબ આંબેડકરના લખાણોમાંથી પ્રેરણા મેળવી છે. એમના જન્મશતાબ્દી વર્ષમાં એમને વધુ ને વધુ જાણવા-સમજવાનું થાય તો ઘણું પ્રાપ્ત થઈ શકે એમ છે, કારણ કે બાબાસાહેબ મુળભુત રીતે એક મહાન માનવતાવાદી હતા.

**- પ્રો. બાબુભાઈ દેસાઈ**

[ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મશતાબ્દી વીશેષાંક, 'નયા માર્ગ'- 1991; જેનું પછીથી 'સંઘર્ષ-સેનાની અને સમતાનો સુર્ય ડૉ. આંબેડકર' શીર્ષકથી પુસ્તક પણ પ્રગટ થયું હતું.]



**'રમણભ્રમણ' સુવર્ણચંદ્રક કાર્યક્રમ દરમ્યાન (ડાબી બાજુથી) સર્વશ્રી ઉત્તમ પરમાર, ઈન્દુકુમાર જાની, ડૉ. બી. એ. પરીખ, પ્રા. રમણ પાઠક અને બાબુભાઈ દેસાઈ.**

• "... કેન્દ્ર સરકારના મહીલા અને બાળવીકાસ ખાતા તરફથી ગ્રામ નીયોજન કેન્દ્ર નામની સ્વૈચ્છીક સંસ્થાએ દેશની 68 ધાર્મીક સંસ્થાઓનો અભ્યાસ કર્યો, તો જાણવા મળ્યું કે આ સંસ્થાઓની આજુબાજુ તો ખુબ જ અધાર્મીક ગણાવી શકાય એવી ગંદી પ્રવૃત્તીઓ પુરબહાર ચાલે છે. કહે છે કે આ ધાર્મીક કેન્દ્રો સેક્સ કેન્દ્રો બની બેઠાં છે, સેક્સનો ધંધો કરતી વેશ્યાઓ ફરતી જોવા મળે છે. વળી, 'ઈક્વેશન' નામની બેંગ્લોરની અન્ય સંસ્થા તો જણાવે છે કે બાળકો સાથે જાતીય વ્યવહાર ચાલે છે અને એમાં પરદેશી મુલાકાતીઓ પણ સંડોવાયેલા છે. અલબત્ત, દેશવાસીઓની ભારે બહુમતી છે... જગન્નાથપુરીના મંદીરમાં હજી આજે પણ દલીતોને પ્રવેશ નથી. દલીતોએ એક નાનાં બાકોરામાંથી દર્શન કરીને સંતોષ માની લેવાનો ! તમારી પાસે (કાળા) નાણાં હોય તો તમને તીરુપતીના દર્શન પહેલી લાઈનમાં તુર્ત જ થઈ જાય !

"ગુજરાતમાં વળી એક જબરજસ્ત સાત અક્ષરનો સંપ્રદાય છે. એની કીર્તી એના ચકચકતા, આભુષીત, ઉચ્ચ શીખરો ધરાવતા, ગરીબોની મશ્કરી કરતા વૈભવી દેવાલયો છે. પરંતુ આપણા રાષ્ટ્રપ્રમુખ પ્રતીભા પાટીલને એના ગુરુજી દર્શન ન આપે ! કોઈકે વળી સાચું જ કહ્યું છે કે, કોઈ દેશનો નાશ કરવો હોય તો યુદ્ધ નહીં કરવાનું. એ દેશના ધાર્મીક સ્થળો ચકચકતા કરો અને શાળાઓ કોઠાર જેવી કરો !"

**– બાબુભાઈ દેસાઈ**

['નયા માર્ગ' : 1-1-2010નો લેખ 'આપણાં યાત્રાધામોની ભીતરમાં'નો એક અંશ.]

જેમ રેશનાલીઝમનો પર્યાય બાબુભાઈ; એ જ રીતે આનંદ અને ઉલ્લાસનો પર્યાય પણ બાબુભાઈ... એમની હાજરીમાં વાતાવરણ હળવું ફુલ જેવું રહે. એમનું આરોગ્ય એકંદરે ખુબ સારું. કેન્સરમાં ન પટકાયા હોત તો હજી એક-દોઢ દાયકા સુધી સક્રીય રહી શક્યા હોત ! ભગીરથ શાહ અને બાબુભાઈ દેસાઈ ટ્રોટ્સ્કીની વીચારધારાથી પ્રભાવીત. વંચીતો -શોષીતો પ્રત્યે ગજબની હમદર્દી !

પ્રા. રમણ પાઠકની જેમ સુરતમાં રેશનાલીઝમનો ગઢ બાબુભાઈ સાચવતાં હતાં. આજે તો 'જોડે તે ધર્મ' નહીં પણ ધર્મને નામે વીભાજક અને વીઘટનકારી પરીબળો સમાજ પર હાવી થતા જાય છે... આજે કોમવાદી નહીં પરંતુ ફાંસીવાદી પરીબળોનો સકંજો મજબુત થતો જાય છે... આ સંજોગોમાં રેશનાલીસ્ટોએ વધુ ને વધુ યુવા કાર્યકરો આ વીચારધારા અપનાવે તે માટે મથવું પડશે... બાબુભાઈ આજીવન 'સત્યાન્વેષણ' કરતાં રહ્યાં; અંતે તો મૃત્યુ જ **સત્ય** છે... જે આપણી પાસેથી બાબુભાઈને છીનવી ગયું... અને હા, બાબુભાઈએ છુટુંછવાયું ઘણું ઘણું લખ્યું છે તેમનું સમગ્ર સાહીત્ય ગ્રંથસ્થ થઈ શકે તો નવી પેઢી માટે તે ખુબ ઉપયોગી નીવડશે.

*

• ગુજરાતના સપુત, સત્યશોધક સભા સુરતના પ્રમુખ પ્રો. બાબુભાઈ દેસાઈના તા. 27-12-16ના રોજ થયેલ અવસાનથી ગુજરાતમાં ચાલી રહેલ રેશનાલીઝમ ચળવળને મોટો ફટકો પડ્યો છે.

અંધશ્રદ્ધા નીર્મુલન અને વૈચારીક જાગૃતી અર્થે તેમણે સુરત શહેરમાં અનેક કાર્યક્રમો યોજી તેમજ અનેક પુસ્તકોનું પ્રકાશન કરી સુધારણા ચળવળને એક ચોક્કસ દીશા આપી અને સત્યશોધક સભાને રાષ્ટ્રીય સ્તરે ઓળખ સ્થાપીત કરવામાં તેમનું બહુમુલ્ય પ્રદાન રહ્યું. તેઓ સ્વભાવે નીડર, સ્પષ્ટવક્તા અને નીરાભીમાની હતા. વીચાર અભીવ્યક્તી પર રાજ્ય તરફથી મુકાતાં બીનજરુરી નીયંત્રણો સામે જાહેરમાં પોતાનો વીરોધ પ્રગટ કરતાં જરા પણ અચકાતા નહીં. વૈજ્ઞાનીક અભીગમની કેળવણી અર્થે ગુજરાતમાં બાળ વીજ્ઞાન કોંગ્રેસનું તેમણે વર્ષો સુધી સફળ રીતે સુકાન સંભાળ્યું.

લોકશાહી પદ્ધતીથી સંવાદના માધ્યમથી કોઈપણ પ્રશ્નનો ઉકેલ લાવવાના તેઓ હીમાયતી હતા. સુરત શહેર અને આસપાસના વીસ્તારોમાં અનેક શાળા, કોલેજો તેમજ મંડળોમાં સીદ્ધાર્થ દેગામી, મધુભાઈ કાકડીયા વગેરે મીત્રોની મદદથી એમણે સેંકડો કાર્યક્રમો યોજ્યા હતા. રેશનાલીઝમ ક્ષેત્રે ગુજરાતમાં સક્રીય કાર્યકરોની ખોટ છે; બાબુભાઈના અવસાનથી આ ખોટની ખાઈ વધુ ઉંડી થશે તેમાં શંકા નથી.

**– પ્રો. અશ્વીનકુમાર ન. કારીઆ**

[પાલનપુર મો. 93740 18111] ❑

# ચમત્કારો ને ગુઢવાદ

## સ્વામી આનંદ

સાધુસંતોના ગુણાનુરાગી એવા એક ભાઈ લખે છે : “મારા પીતરાઈઓ’વાળી આપની લેખમાળા મેં રસપુર્વક વાંચી. છેલ્લાં લેખમાં સાધુઓના ચમત્કાર વગેરે અંગે **નવલકથા** કહીને જે ઉલ્લેખ કર્યો છે એ મને ન ગમ્યું. કદાચ એવું બન્યું હોય કે આપે બહુ પરીભ્રમણ કર્યું છતાં એવા મહાનુભાવોનાં દર્શન કરવાનું સદ્‌ભાગ્ય નયે પ્રાપ્ત થયું હોય. એ ઉપરથી એ વસ્તુને **નવલકથા** કહી ઉડાવી મુકવી એ ઠીક ન કહેવાય.

“આજનો જમાનો વધારે ને વધારે બુદ્ધીવાદી બનતો જાય છે. એમાં આપ આવું વીધાન કરો એટલે થઈ રહ્યું. વાચકોને આવું ચટાકેદાર વીધાન ગમી પણ જાય, પણ આથી સુક્ષ્મ સત્યને તો હાની જ થાય. આપે An Autobiography of a Yogi - એ ચોપડી વાંચી હશે. બીજા સંતોના જીવનમાંથી પણ એ વાતની પ્રતીતી થાય છે. આ વસ્તુ આપના અનુભવને આધારે સાચી નથી એમ પ્રતીપાદન કરો એ શું બરોબર કહેવાય ?”



અત્યારે જીંદગીને છેડે પહોંચીને જો હું લખવા બેસું તો તે જોઈ વીચારી તાવીતોળીને જ લખતો હોઉં ને ? મેં જે વસ્તુનો પ્રતીવાદ મારા લેખમાં કર્યો તે સાધુઓ હીમાલયમાં ખાધાપીધા વગર સેંકડો હજારો વરસ જીવે છે એ અનેક લોકોની ચાલતી માનયતાઓનો. મહાપુરુષોને માથે અતીપ્રાકૃત ચમત્કારો મઢવાનો શીરસ્તો માનવીના મનના સ્વાસ્થ્ય માટે નરવો નથી. તમામ ગુઢવાદ તેવો છે. મુઆંને જીવતાં કરનાર ઈસુના ચમત્કારોને માનનારા ભાવીક ખ્રીસ્તીઓ કરતાં મુએલું કોઈથી જીવતું ન જ થઈ શકે એ સત્ય કીસા ગોતમીને સચોટપણે સમજાવનાર ગૌતમબુદ્ધ વધુ ડાહ્યા હતા એમ માનનારની આસ્થા વધુ નરવી છે. ‘એક યોગીની આત્મકથા’ વાળું પુસ્તક મેં જોયું છે. તેની નકલ મને કોઈ મીત્રે આપેલી. તે પુસ્તકને હું તદ્દન નકામું ગણું છું. રામકૃષ્ણ પરમહંસ, અરવીંદ ઘોષ કે રમણ મહર્ષી વીશે ચમત્કારોની વાતો ફેલાવનારા આધુનીકોને હું વેવલા માનું છું. (ખંધા પણ હોઈ શકે.) જુના લોકો કરતાં પોતાને આધુનીક કહેવડાવનારા ઘણીવાર અંધશ્રદ્ધામાં કમ નથી હોતા. જડ શ્રદ્ધા માણસમાં અસહીષ્ણુતા કે ઝનુન પ્રેરે છે અને Reason અથવા Wisdom પ્રત્યે એને હુમલાખોર બનાવે છે.

ક્યાંયે જો હું લખું છું તો તે વાચકોના રંજન કે સ્વાદ અર્થે નથી લખતો. અરધી સદી કે વધુ કાળના જાતીઅનુભવ પછી થયેલાં દર્શન કે અવલોકનને વ્યક્ત કરવા સ્વસંતોષ અર્થે અગર તો મારા પોતાના નૈતીક કે આધ્યાત્મીક વીકાસની ગણતરીએ લખું છું. જીંદગી ઉઘાડી ચોપડી છે. તે વાંચવા સમજવા સારુ કોઈને ગુઢવાદ આયાત કરવાની જરુર નથી, ન હોવી જોઈએ. ગુઢવાદનાં સારાં પરીણામ આવેલાં મેં જોયાં નથી.

મેં મારી લાંબી જીંદગીમાં એકે ચમત્કાર જોયો નથી. કેટલીક ઘટનાઓ જીવનમાં ને સંસારમાં ક્યારેક એવી જોવાય અનુભવાય છે કે જેનો ભૌતીક વીજ્ઞાનવાળા, પદાર્થવીજ્ઞાનવાળા આપી શકતા હોય છે તેવો ખુલાસો, આંખે દેખાય તેવો, આપણે આપી શકતા નથી. પણ એવી ઘટનાઓ માનવીને એની જીવનયાત્રા કે એના ચરીત્ર, સંસ્કાર, પુરુષાર્થ કે જહેમતોમાં કોઈ રીતે ઉપકારક કે કલ્યાણકારી નીવડે છે એવું હું માનતો નથી. અનુભવ પણ એવો નથી. બલ્કે એથી ઉલટો જ છે. તેથી હું સદાય એનો સદંતર હડહડતો વીરોધી રહ્યો છું. મુખ્યત્વે નબળા મગજ કે વ્યક્તીત્વવાળા કે લાલચુ સ્ત્રીપુરુષો પર એનું કામણ ચાલે છે. ધરખમ વ્યક્તીત્વ કે Will વાળા પર નહીં. મેસ્મેરીઝમ પ્લાન્ચેટ વગેરેની જેમ. એ લોકો એમ કહેતા કબુલતા પણ હોય છે. હું તો મારી જાત પર જે અજમાવવું હોય તે સંમોહન વીદ્યા અજમાવો એવી ચેલેન્જ આપતો જ હોઉં છું. કોઈ મને તે ઉપાડી લેનારો મળ્યો નથી.

પણ માણસ માત્રમાં, Tallest માં પણ, હમેશાં એક સ્ક્રુ ઢીલો હોય છે, જ્યારે તેઓ Weakest Linkની જેમ રહે છે અને ન સમજાય કલ્પાય એમ વર્તે છે. આ જગાએ જ આ બધા અગમવાદ, ગુઢવાદ કે તેના પાળાઓને અવકાશ જડતો હોય છે. પણ જે હોય તે સ્થીતી નબળાઈ છે, નોરમલ નહીં. તેથી નોર્મલ નરવા માણસ કે મનઃસ્થીતીવાળાને માટે એ બધું કેવળ ત્યાજ્ય અને અનરવું છે.

[સૌજન્ય : લોકમીલાપ પ્રકાશન **‘ધરતીની આરતી’**, પૃ. 460-462 / **24 જાન્યુઆરી**, 1976ના રોજ સ્વામી આનંદનું અવસાન થયું.]

❑

# ‘વીકાસ, વીકાસ’ના ગમે તેટલા નારા ગજવો સ્ત્રી-રોજગારની તકો ઘટે છે

**ગાર્ગી વૈદ્ય**

કેટલાક સમય અગાઉ ઉત્તર પ્રદેશની સરકારે ચોથા વર્ગના કર્મચારીઓની ભરતી માટે બેરોજગાર વ્યક્તીઓ તરફથી અરજીઓ મંગાવી ત્યારે 23 લાખ ઉપરાંત અરજીઓ આવી હતી. એમાં 255 તો પીએચ.ડી. થયેલા ઉમેદવારો હતા. એક ગણતરી છે કે જો અરજી કરનાર તમામ ઉમેદવારોના ઈન્ટરવ્યુ યોજવામાં આવે અને એ પ્રક્રીયા અઠવાડીયાના બધા દીવસ ચોવીસે કલાક ચાલે તોય ઈન્ટરવ્યુ પુરા થતાં સાડા ચાર વર્ષ લાગે ! અને એ ઈન્ટરવ્યુ પુરા થાય ત્યાં સુધીમાં વળી નવી જગ્યાઓ ખાલી થાય અને ભરતી માટે અરજીઓ મંગાવવામાં આવે અને લાખો અરજીઓ આવે અને એમના ઈન્ટરવ્યુ અને...

કેટલા સમય સુધી આ પ્રક્રીયા ચાલે ? ઉત્તર પ્રદેશ અને પુરા દેશના ‘अच्छे दिन’ આવતાં કેટલો સમય લાગે ? અને એ દરમીયાન કેટલી ચલણી નોટો કેટલી વાર રદ કરવામાં આવે ? એનાથી વળી કેટલા લોકો બેકાર થાય ?

એકલા ઉત્તર પ્રદેશની આ હાલત નથી. અહીં ગુજરાતમાં અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશનને પણ વીવીધ કર્મચારી કક્ષાની 288 જગ્યાઓ ભરવાની હતી એની સામે બાર લાખ જેટલી અરજીઓ આ જ વર્ષમાં આવી હતી.

દેશને પુરેપુરો અમેરીકા સમકક્ષ અને બીજા નંબરના અર્થતંત્રથી ધમધમતો બનાવવાની ધગશવાળા ભુમી પરના વાસ્તવથી, ગ્રાઉન્ડ રીઆલીટીથી કેટલા નાવાકેફ છે એનું એક પ્રમાણ આ છે.

અચ્છા, તમે શું માનો છો ? આટલી બધી બેકારી શાને કારણે છે ? કોને કારણે છે ?

જવાબ ભારતીય જનતા પાર્ટીની સરકાર ધરાવતા છત્તીસગઢ રાજ્યના સરકારી ધોરણે તૈયાર થયેલા દસમા ધોરણના પાઠ્ય પુસ્તકમાં મળે છે. એ પાઠ્ય પુસ્તક જણાવે છે કે બેરોજગારીનું કારણ એ છે કે સ્ત્રીઓ કામ કરવા લાગી છે ! (તંત્રીલેખ, ‘ધી ટાઈમ્સ ઓફ ઈન્ડીયા’ તા. 26-9-2016)

આમ તો સમાજની ઘણી ઘણી સમસ્યાઓ માટે મહાન સજ્જનો સ્ત્રીઓને જવાબદાર ગણે છે. દાખલા તરીકે, દેશમાં વધી રહેલા બળાત્કારના અપરાધો માટે સ્ત્રીઓ જ જવાબદાર છે. સ્ત્રીઓ શા માટે ઘર બહાર નીકળે છે ? સ્ત્રીઓ શા માટે પુરુષોને ઉશ્કેરે એવાં કપડાં પહેરે છે ? સ્ત્રીઓ શા માટે મોડી સાંજે ઘર બહાર નીકળે છે ?

આ જ તર્કને આગળ ચલાવવામાં આવે તો કહી શકાય કે રામાયણના લંકાયુદ્ધ માટે સીતાજી જ જવાબદાર હતાં. એમણે શા માટે અજાણ્યા બાવાને ભીક્ષા આપવા માટે પર્ણકુટીની બહાર આવવું જોઈએ ? મહાભારતના જંગ માટે દ્રૌપદી જ જવાબદાર ગણાય. એણે મય દાનવે રચેલા મહેલમાં દુર્યોધનને શા માટે ટોણો માર્યો કે આંધળાનાં સંતાન પણ આંધળાં ? અને ટ્રોયના યુદ્ધ અને નગરના નાશ માટે હેલન જ ગુનેગાર ! શા માટે એ પૅરીસના રુપ પાછળ પાગલ બની ?

પણ આ બધી વાતો જવા દઈએ. વાત રોજગારી અને બેરોજગારી પુરતી સીમીત રાખીએ. પેલી ઉત્તર પ્રદેશની 23 લાખ અરજીઓમાં કે અમદાવાદ મ્યુનીસીપીલ કોર્પોરેશનની 12 લાખ અરજીઓમાં સ્ત્રીઓની - યુવતીઓની અરજીઓ કેટલી હશે ? આ આંકડો જાહેર નથી થયો. (કદાચ એ આંકડો ગણવામાંય એકાદ કર્મચારીના તો બે-પાંચ મહીના પુરા થઈ જાય !)

સત્ય એ છે કે બહેનોની અરજીઓ સારી એવી સંખ્યામાં હશે. વાસ્તવમાં ભારતમાં નોકરીઓમાં (અને એકંદરે ઉત્પાદક કામમાં) સ્ત્રીઓનું પ્રમાણ સતત ઓછું ને ઓછું થઈ રહ્યું છે. વર્લ્ડ બેન્કના 2012ના વીશ્વના વીકાસના નીર્દેશકો (વર્લ્ડ ડેવલપમેન્ટ ઈન્ડીકેટર્સ) અનુસાર, એના અભ્યાસમાં આવરી લેવાયેલા 130 દેશોમાં ભારતનો ક્રમ 120મો છે ! અરે, યમન, ઈજીપ્ત અને પાકીસ્તાન સુધ્ધાં ભારતથી આગળ છે !!

અને આગળની તો ખબર નથી, પરંતુ 2005થી તો પરીસ્થીતી વધુ ને વધુ ખરાબ થતી જાય છે. એટલે કે નોકરી-બજારમાં સ્ત્રીઓનું પ્રમાણ ઓછું ને ઓછું થતું જાય છે. આ સ્થીતી સ્ત્રી-સશક્તીકરણના સંદર્ભમાં ખતરનાક છે. સ્ત્રી-સશક્તીકરણનાં ભાષણ તો ખુબ થાય છે. એને લગતી

જાહેર ખબરો તો કરોડોની કરાય છે. (અમારા જેવાને તો લાગે કે આટલી રકમ કેટલીક બહેનોને રોજગાર આપવામાં ખર્ચાય તો વધુ કલ્યાણકારી પરીણામ સાંપડે.)

નેશનલ સેમ્પલ સર્વે એક સરકારી ઉપક્રમ છે. એના અહેવાલ મુજબ, ગ્રામીણ વીસ્તારોમાં, રોજી કમાનાર કામદારોમાં 2005માં સ્ત્રીઓનું પ્રમાણ 49 ટકા હતું તે 2012 સુધીમાં ઘટીને 36 ટકા થઈ ગયું હતું. એ પછી પણ દેશમાં એવી હવા વહી છે કે આ પ્રમાણ જરુર ઓછું થયું હશે.

આમ, જ્યારે ઉપજાઉ વ્યવસાયો અને નોકરીઓમાં સ્ત્રીઓનું પ્રમાણ ઘટી રહ્યું છે ત્યારે છત્તીસગઢના હાલના શાસકો જેવી માનસીકતા ધરાવતા લોકો સ્ત્રીઓ માટેની રોજગારી વધે એમ તો પ્રયત્નો જ શાના કરે ! બસ, સ્ત્રી-સશક્તીકરણનાં નાટકીય ભાષણો ફટકાર્યે રાખે ! અને સમાજવ્યવસ્થા પણ હજારો વર્ષોથી એવી વીકસી છે કે સ્ત્રીઓનું કામ રસોડામાં અને બાળપ્રજનન તથા બાળઉછેરમાં જ છે એવી માનસીકતા છે. પરીણામે જે થોડીકેય સ્ત્રીઓને ઘરની બહાર કામે જવાની છુટ મળે છે એ માટે શરત એવી હોય છે કે એમને કામને સ્થળે સલામતી હોય, દુર ન હોય, સમય ટુંકો હોય (દા.ત. શાળાનો 11થી 5નો સમય) અને કામ અઘરાં ન હોય. વાસ્તવમાં, એક મોજણી દરમીયાન 75 ટકા સ્ત્રીઓએ જણાવ્યું હતું કે અમને અલ્પ સમયની (પાર્ટ-ટાઈમ) નોકરીઓ મળે તે ગમે. આથી ખેતીનાં કે ગ્રામીણ હેલ્થ વર્કર કે આશા વર્કર જેવાં કામ બહેનો વધારે પસંદ કરે છે, જેમાં આવક ઓછી અને અલ્પકાલીન હોય છે. ખાસ કરીને ગ્રામીણ વીસ્તારોમાં તો બહેનો માટે કાયમી નોકરીઓની સંભાવના જ અતી અલ્પ છે.

દરમીયાનમાં, દેશમાં જરાક ઠીક આવક ધરાવતા મધ્યમવર્ગની વૃદ્ધી થઈ રહી છે. 1960ના દાયકામાં મધ્યમ વર્ગ વસતીના 20 ટકાથી 30 ટકા હતો તે હવે 60 ટકાથી 70 ટકા જેટલો થઈ ગયો છે. આથી વધુ ને વધુ સ્ત્રીઓ ઘર સાથે બંધાઈ જવા લાગી છે. એમને માટે ઘરસંભાળ, બાળસંભાળ, રસોડાસંભાળ જેવાં કામ જ બાકી રહે છે.

અને આપણે, નારીતરફી લોકો, નારીની આ ઘરગથ્થુ કામગીરીઓના આર્થીક મુલ્યને ગણતરીમાં લેવાની ગમે તેટલી વકીલાત કરીએ, એ કામગીરીઓને કોઈ જી.ડી.પી.માં, ગ્રૉસ ડોમેસ્ટીક પ્રોડક્ટ અને સ્વદેશી ઉત્પાદનમાં ગણતરીમાં લેવાનું નથી. વળી, સ્ત્રીઓનાં આ પ્રકારનાં કામો ગમે તેટલાં મુલ્યવાન હોવા છતાં પુરુષપ્રધાન સમાજ સ્ત્રીઓની કદર કરવાનો નથી. સ્ત્રીઓનું સન્માન કરવાનો નથી અને નોકરી-ધંધાની કમાણી દ્વારા સ્ત્રી જે દેખીતું આત્મસન્માન અનુભવી શકે તે ઘર બેઠાં અનુભવી શકનાર નથી.

સ્ત્રીઓને નોકરી-વ્યવસાય કરતાં રોકનાર એક અન્ય પરીબળ પરીવારોનાં સંકોચાતાં કદ છે. સંયુક્ત અને મોટાં કુટુંબોમાં ઉછરતાં સંતાનો વડીલો અને મોટાં ભાંડરુને સહારે ઉછરી જતાં; હવે હુતોહુતીના પરીવારમાં એક સંતાન પણ આવે તેને સંભાળવા હુતીએ ઘરમાં રહેવું જ પડે છે. એ બહેન ભલે ગમે તેટલું ભણી હોય, ગમે તેવી ઉમદા તાલીમ પામી હોય, શીશુની સંભાળ માટે એણે ઘર જ પકડી રાખવું પડે છે. અમારાં એક સંબંધી બહેન પ્રોફેસરી માટે જરુરી ભણતર ભણ્યાં, પ્રોફેસર પણ થયાં; પરંતુ પછી પરણ્યા. બે સંતાન થયાં. પ્રથમ સંતાનથી જ એમણે પ્રોફેસરી છોડી દેવી પડી. એ સંતાન મોટાં થયાં તે પછી બહેનને જરાક નીરાંત મળી ખરી, પરંતુ ત્યાં સુધીમાં પ્રોફેસરીની નોકરી મળવાની ઉંમર વીતી ગઈ હતી. એમણે પોતાની જાણકારીનો અનુભવ અખબારોને આપવા માંડ્યો, પરંતુ એ કામગીરીનું વળતર... ના, અમને સરખામણી પુછશો નહીં, પ્લીઝ !

સંશોધકોનું એક અન્ય તારણ એવું પણ છે કે ગ્રામીણ વીસ્તારોમાં ખેતીનાં કામોનાં યાંત્રીકરણ વધવાને પરીણામે કામગીરીઓ જ કમ થઈ છે. જે કામગીરીઓ બચી છે તેમાં પુરુષોની પ્રાથમીકતા રહે છે. પરીણામે સ્ત્રીઓ માટે એ ક્ષેત્રે પણ તકો ખુબ ઓછી થઈ ગઈ છે. કરુણતા એ પણ છે કે ગ્રામીણ વીસ્તારોમાં વૈકલ્પીક તકો નહીંવત્ વધી છે. મોરબી જેવા ઔદ્યોગીક કેન્દ્રની આસપાસની યુવતીઓ માટે કેટલીક કામગીરીઓનાં દ્વાર ખુલ્યાં છે ખરાં, પરંતુ એવાં ઔદ્યોગીક કેન્દ્ર કેટલાં ? વળી, જેમાં યુવતીઓ અને સ્ત્રીઓને કામગીરી અપાય એ પ્રકારના ઉદ્યોગો પણ કયા અને કેટલા ? આપણે ઘણી વાર ચીન કે જાપાનનાં વીશાળ કારખાનાંઓની એસેમ્બ્લી લાઈનમાં કામ કરતી સેંકડો યુવતીઓની તસવીરો જોઈએ છીએ. આપણે ત્યાં પણ આ પ્રકારનાં કારખાનાં જરુર વધી રહ્યાં છે. મોરબીનો જ દાખલો ફરી આપીએ તો ત્યાં ઘડીયાળો અને ઈલેક્ટ્રોનીક ઉત્પાદનોની એસેમ્બ્લી લાઈનો પર ઘણી સ્ત્રીઓ કામ કરતી દેખાય છે. પણ ચીન કે જાપાનની સરખામણીમાં આ બધું અલ્પ છે. અતી અલ્પ છે.

વળી, ત્યાં પણ આર્થીક અને અન્ય શોષણની સમસ્યાઓ તો છે જ. પરંતુ એવી સમસ્યાઓ પણ નીવારી શકાય જો પુરતા પ્રમાણમાં કામગીરીની તકો, જોબ ઓપોર્ચ્યુનીટીઝ હોય. જો અન્યત્ર ગમે ત્યાં ગમે ત્યારે કામ મળવાનો સંભવ હોય તો કોઈ પણ સ્ત્રી સુપરવાઈઝરનું અડપલું ખમે ખરી ? ફટ કરતી તમાચો ન જડી દે ?! ❑

# દયા અને ન્યાય

**યશવન્ત મહેતા**

ઈસાઈઓના એક પંથ કેથોલીક પંથના વડા ધર્મગુરુને, એમના જગદ્‌ગુરુને પોપ કહેવામાં આવે છે. આ પંથના વર્તમાન પોપ ફ્રાન્સીસ દ્વારા વર્ષ 2016ને 'દયાનું વર્ષ' (YEAR OF MERCY) જાહેર કરવામાં આવ્યું હતું. જેમ સંયુક્ત રાષ્ટ્રસંઘ (યુનો) દ્વારા જુદા જુદા વર્ષને બાળકોના કે રહેઠાણોના કે અપંગજનોના વગેરેના વર્ષ જાહેર કરવામાં આવે છે તેમ આદરણીય પોપે આ વર્ષને દયાનું વર્ષ ગણવા અનુરોધ કર્યો હતો.

આ નીમીત્તે દુનીયાભરમાં કેટલીક વીચારણા થઈ. 'દયા'ની વ્યાખ્યા કરવાની કોશીશ કરવામાં આવી. પોપશ્રીએ આ ચર્ચા પ્રેરી અને દયાનો ગુણ વધુ પ્રસરે એ માટે જે કોશીશ કરી એ બદલ એમનો આભાર માનવો જોઈએ. આજે નવવર્ષ નીમીત્તે આપણે પણ પ્રાસંગીક વીચારણા કરીએ. માનવ-સુખાકારીના શહીદ ઈસુ ખ્રીસ્તે જે ઉપદેશ આપ્યો એના બે મુખ્ય પાયા છે - દયા અને પ્રેમ. ઈસુની કારકીર્દી નીરુપતો બાઈબલનો નવો કરાર ઈસુના જીવનનાં આ બે પ્રકારનાં કામોનો બહોળો ખ્યાલ આપે છે. અંધ, અપંગ, બીમાર, ગરીબ, ભુખ્યાં, સમાજ દ્વારા તીરસ્કૃત જનોને ઈસુએ કરેલી દયામય મદદના કીસ્સા નવા કરારમાં અનેક છે. ઈસુની કથા લખનારા શ્રદ્ધાળુઓ છે અને એમને મન ઈસુ સ્વયં ઈશ્વરનો પુત્ર છે. એટલે એણે કરેલાં દયાનાં-મમતાનાં કામોને ચમત્કારનું રુપ આપી દેવામાં આવ્યું છે. જો એમ ન થયું હોત તો દયાનાં એ નક્કર ઉદાહરણ હોત અને આમ આદમી એને અનુસરે તેની ખાતરી થઈ શકી હોત. જે પ્રકારનું નીરુપણ છે એ મુજબ તો, દયાનાં ઘણાં ખરાં કામ માટે ચમત્કારીક શક્તી જોઈએ, એવો સંદેશો મળે છે. એટલું સારું છે કે મધર ટેરેસા જેવાં અનેક ઈસાઈઓ થયાં, જેમણે દયાધર્મને પોતાનો જીવનધર્મ બનાવ્યો.

આ દયા અથવા મર્સી માણસના વ્યક્તીત્વ સાથે એકાકાર થાય તો જ ક્રીયારુપ લે છે. નહીંતર માત્ર શબ્દો અને શેખી બનીને રહી જાય છે. એટલે કે દયા એક તાત્કાલીક પ્રતીક્રીયા (ઈન્સ્ટન્ટ રીએક્શન) તરીકે પ્રગટાવી જોઈએ. જેમ કે 19મી સદીની અધવચ્ચે અમેરીકાના કોઈ એક ગામે ડુક્કરનું એક બચ્ચું પાણી ભરેલા ખાડામાં પડી ગયું. ખાડાની ધારી લીસી હતી. આથી બીચારું બચ્ચું નીકળી શકતું નહોતું. ડુક્કરના બચ્ચાને ડુબતું જોઈને કેટલાક લોકો ખાડા ફરતા જમા થઈ ગયા. પરંતુ ખાડામાં ઉતરવાનું કોઈને સુઝ્યું નહીં. લુગડાં ભીનાં થવાની ચીંતા હોય. કપડાં ગંદાં પાણીથી ખરડાવાની ચીંતા હોય. બધા ડુક્કરના બચ્ચાને ડુબતું જોઈ રહ્યા. અચાનક એક માણસ એ તરફ આવ્યો. એણે ટોળું જોયું. ખાડો જોયો. અંદર ગળચીયાં ખાતું ડુક્કરનું બચ્ચું જોયું. પરીસ્થીતીનો એને તત્ક્ષણ ખ્યાલ આવી ગયો. પહેરેલાં બધાં લુગડાં સમેત એ ખાડામાં ઉતર્યો. ડુક્કરના બચ્ચાને હળવે હાથે ઉપાડ્યું. એને ખાડાની બહાર મુક્યું. આ કહેવાય દયાનો આદર્શ દાખલો.

દયા જેના વ્યક્તીત્વમાં જ વણાઈ ગઈ હતી. એવા આ ડુક્કર-તારકનું નામ અબ્રાહમ લીંકન, જે આગળ જતાં અમેરીકાના રાષ્ટ્રપતી બન્યા. પીડા પામનાર સૌ પ્રત્યેનો એમનો દયાભાવ એટલો ઉદ્દામ હતો કે આફ્રીકાથી અમેરીકા લાવીને જે માનવોને ગુલામ તરીકે રાખવામાં આવતાં હતાં, એમની મુક્તી કાજે એમણે અમેરીકાનાં ભાવીને પણ હોડમાં મુકીને લડત ચલાવી.

લીંકનના કીસ્સામાં દયાની વૃત્તી ડુક્કરના બચ્ચા સુધી વીસ્તરી છે. મહારાષ્ટ્રના સંત એકનાથની દયાની વૃત્તી છેક બાળપણથી પ્રકૃતી સુધી વીસ્તરી હતી. એનું ઉદાહરણ એકનાથના બાળપણના એક પ્રસંગ પરથી અપાય છે. કહેવાય છે કે એકનાથને એમનાં માતાજીએ કશાક ઔષધીય ઉપયોગ સારુ કોઈ વૃક્ષની ડાળી કાપી લાવવાનું સુચવેલું. એ કુહાડી લઈને ઉપડ્યા. ડાળી કાપી પણ લાવ્યા. પરંતુ માતાએ જોયું કે દીકરાની ધોતી પર લાલ લાલ ધાબાં છે. માતાને ફાળ પડી. દીકરો ઝાડ પરથી પડ્યો હશે કે શું ? એનો પગ ક્યાંક ચીરાયો હશે કે શું ? એમણે પુછ્યું કે દીકરા, આ લોહી કેમ નીકળ્યું છે ?

ત્યારે એકનાથે જવાબ આપ્યો કે તમે ઝાડને કુહાડી મારવાનું સુચવેલું ને ? મને થયું કે કુહાડી વાગવાથી એને કેવીક વેદના થતી હશે ? એટલે મારા સાથળ પર કુહાડી મારી જોઈ. મા, ઘણી વેદના થાય છે, હોં ! બીચારા ઝાડને પણ એવી જ વેદના થઈ હશેને !

જેને રુંવે રુંવે આવો દયાભાવ વસ્યો હોય તે આદર્શ વ્યક્તી ગણાય. આપણો એ આદર્શ હોવો જોઈએ.

દયાભાવ નીર્ભયતાની પણ અપેક્ષા રાખે છે. ખાસ કરીને વંચીતોની સેવામાં અને રોગીઓની સેવામાં આ નીર્ભયતા, આ સાહસ બહુ જરુરી હોય છે. ગાંધીજી જ્યારે વર્ધાના સેવા- આશ્રમમાં રહેતા હતા ત્યારે પરચુરે શાસ્ત્રી નામના એક વીદ્વાન એમને શરણે આવ્યા. એ એકાકી હતા. રક્તપીત્તથી પીડાતા હતા. આખું શરીર રક્તપીત્તથી સડી ગયું હતું અને ખવાવા લાગ્યું હતું. આ રોગને લોકો હમેશાં ચેપી માનતા રહ્યા છે. રક્તપીત્તનાં દર્દીઓને તો વગડામાં જ રાખવામાં આવતાં. એમને વસતીમાં આવવાની મનાઈ હતી. ક્યારેક તો એમને પથરા મારીને મારી નાખવાના રીવાજ હતાં. ગાંધીજીએ પુરી નીર્ભયતાથી પરચુરે શાસ્ત્રીની સેવા-સારવાર કરી. એમને ઔષધયુક્ત પાણીથી નવડાવવ્યા. અંગો પર ઔષધીય મલમ લગાડ્યા પાટા બાંધવા... એ કામ કરતાં સૌ ડરતાં હતાં. માત્ર ગાંધીજીએ રોગનો ડર રાખ્યા વગર દયાભાવ દાખવ્યો.

બધા ઈસાઈઓ ફાધર ડેમીયનની કથા તો જાણે જ છે. ફાધર ડેમીયન (1840-89) બેલ્જીયમના પાદરી હતા. એમને જાણ થઈ કે પેસીફીક મહાસાગરના હવાઈ ટાપુઓમાં મોલોકાઈ ટાપુ પર રક્તપીત્તની મહામારી વ્યાપક બની છે. ત્યાંનાં ભોળાં માનવોને સારવારની અને રોગથી બચવા માટેના માર્ગદર્શનની જરુર છે. પોતે પુરી નીર્ભયતાથી મોલોકાઈ ગયા (1873), અને એ રોગનો ભોગ બનીને પોતે અવસાન પામ્યા. મુળે મોલોકાઈ જવું એટલે મોતને નીમંત્રણ બરાબર હતું. પરંતુ માનવજાતની સેવામાં નીર્ભયતાથી ઝુકાવીને ફાધર ડેમીયને એક અદ્‌ભુત મીસાલ પુરી પાડી.

અલબત્ત, દયા પણ વીવેકબુદ્ધીપુર્વક કરવી જોઈએ. ભયંકર હદે દારુડીયો બની ગયેલો મુર્ખ માણસ તરફડીયાં મારતો હોય તેથી દયા ખાઈને એને દારુ પીવા માટે નાણાં આપવાં તે દયા નથી. દુશ્મની છે.

કુપાત્રે દયા કે કુપાત્રે દાન વીશેની એક દૃષ્ટાંતકથા મારાં બાએ કહેલી. કથા એક રાજાની છે. જે અઠંગ દાનવીર છે. પોતાની સામે હાથ લાંબો કરનાર કોઈનો પણ હાથ એ ઠેલતો નહીં. એ દયાળુ અને અહીંસક હતો. આ રાજા એકવાર વનમાં ગયો હતો. પાછો વળતો હતો ત્યારે વનની કોરે એક માણસે એની સામે હાથ લાંબો કર્યો. કહેવા લાગ્યો કે રાજાજી, મારી રોજીરોટીનો આધાર ટળી ગયો છે. મદદ કરો. એ વેળા રાજા પાસે કશું ધન નહોતું. એથી એણે પોતાનો જરીયાન જામો માગણને આપ્યો અને કહ્યું કે ભાઈ, આને વેચીને તારું રોજીરોટીનું સાધન ખરીદી લેજે.

વાતને વર્ષો વીત્યાં. રાજાનું અવસાન થયું. યમલોકમાં એના આત્માનો ન્યાય તોળાવા લાગ્યો ત્યારે એની સામે લાખો લાખો જીવોની હત્યાનો મામલો આવ્યો ! રાજાએ અરજ કરી કે મેં જાણીબુઝીને એક કીડી પણ નથી મારી, પછી આ લાખો જીવોની હત્યાનો મામલો ક્યાંથી આવ્યો ? નક્કી ચીત્રગુપ્તના ચોપડામાં કશી ગરબડ છે... ત્યારે ચીત્રગુપ્તે યાદ અપાવ્યું કે પેલે દીવસે એક માણસ પર દયા કરીને તેં જરીયાન જામો ઉતારી આપેલો, તે માણસ એક માછીમાર હતો. તેં પોતે આપેલ વસ્ત્ર વેચીને એણે જાળ ખરીદી. એ વડે લાખો જીવોની હત્યા કરી. એ બધી હત્યા બદલ અમે તને જવાબદાર ઠરાવીએ છીએ.

ધાર્મીક રંગવાળી આ દૃષ્ટાંતકથા જરાક અતીશયતા દર્શાવે છે; પરંતુ દયા પણ વીવેકબુદ્ધીનો આશ્રય લઈને કરવી જોઈએ, એટલું તો નક્કી.

વળી, દયા સ્વયં ક્યારેક નીર્દયતા કે ક્રુરતા બની જાય એમ બને. એ દર્શાવતી એક જોક છે. શીક્ષકે વીદ્યાર્થીઓને સુચવ્યું કે આપણે દરરોજ એકાદ સારું કામ, દયાનું કામ, કોઈને મદદનું કામ કરવું જોઈએ. વળતે દીવસે શીક્ષકે પુછવા માંડ્યું કે કોઈએ સારું કામ કર્યું છે ? પપ્પુડો તરત જ ઉભો થયો. કહે કે મેં દયાનું જબ્બર કામ કર્યું છે. હું શાળાએ આવતો હતો ત્યારે રસ્તામાં એક દુષ્ટ માણસ એક ગધેડાને ડફણું મારતો હતો. મને ગધેડા પર ખુબ દયા આવી. પેલાનું ડફણું છીનવી લઈને એને જ દસબાર ડફણાં મારી દીધાં, અને બીચારા ગધેડાની પીઠ પરનો માલ ઉતારીને એને આઝાદ કરી દીધો...

આ તો રમુજ છે, જોક છે; પરંતુ ઘણીવાર કોઈ લોકોની દયા કોઈકની ઉપરની ક્રુરતા બની જાય છે. દાખલા તરીકે દેશભરમાં આજકાલ ગાયો પ્રત્યેની દયા અને લાગણી કેટલાય લોકોને માટે મોતની અને ક્રુર મારફાડની બાબત બની ગઈ છે. એકને માટેની દયા અન્યને માટેની યાતના બનવી ન જોઈએ.

તા. 6-7-2016ના એક સમાચાર મારી નોંધમાં છે. ગુજરાત પોલીસે ગ્લેન્ડર્સ નામના રોગનો ભોગ બનેલા 36 ઘોડાને મારી નાખ્યા. કહેવામાં આવ્યું કે આ દયા-મૃત્યુ (MERCY KILLING) છે. ધારો કે આવો જ કોઈ રોગ

ગાયોને લાગે તો ?

અંતમાં, દયા કેટલે અંશે અને ક્યાં ઈષ્ટ છે અને સમગ્ર સમાજ માટે તો ન્યાય જરુરી છે, એ અંગે નો એક અભીપ્રાય ટાંકવાની રજા લઉં. ઈન્દુલાલ યાજ્ઞીક આપણા એકદમ વીશીષ્ટ પ્રકારના લોકસેવક હતા. એકીસાથે ગાંધીવાદી અને સમાજવાદી હતા. ગુજરાત પ્રદેશને 1956માં બૃહદ્ દ્વીભાષી મુંબઈ રાજ્યમાં સમાવવામાં આવતાં, અલગ મહાગુજરાતનું રાજ્ય થવું જોઈએ એવા આગ્રહથી પ્રચંડ લોકલડત ચલાવનાર તરીકે એ અમર છે. 1951 કે 1952માં એમની ષષ્ઠીપુર્તી ઉજવાઈ હતી. ત્યારે છઠ્ઠા ધોરણનો વીદ્યાર્થી હું ટાઉન હોલમાં હાજર હતો. એ વેળા ઈન્દુલાલે ઉચ્ચારેલું એક સુત્ર હૈયે કોતરાઈ ગયું છે : દયા નહીં, ન્યાય ! દયા નહીં, ન્યાય !!

દયાથી તમે અંશનું ભલું કરી શકો છો, ન્યાયથી સમગ્ર સમાજનું સુખ સાધી શકાય. વાસ્તવમાં, દયાની જરાય ઉપેક્ષા કર્યા વગર આપણી ઝંખના હોવી જોઈએ સાર્વત્રીક ન્યાય.

yeshwant
mehta.1938@gmail.com

❑

# જળવાયુ પરીવર્તન એ કોઈ ‘મજાક’ નથી

**દીનેશ શુક્લ**

સંયુક્ત રાષ્ટ્રો (યુનાઈટેડ નેશન્સ)ની એક મહત્ત્વની સંસ્થા ‘વર્લ્ડ મીટેરોલોજીકલ ઓર્ગેનાઈઝેશન’ વૈશ્વીક સ્તરે હવામાનક્ષેત્રે જે પરીવર્તન થાય છે, તેનો સતત અભ્યાસ કરે છે અને તેની નોંધ રાખે છે. તેણે જણાવેલું કે 2015ના વર્ષમાં વૈશ્વીક ઉષ્ણતામાનમાં વધારો થશે, એ અનુસાર 2015નું વર્ષ અત્યાર સુધીના ઈતીહાસમાં સૌથી ગરમ વર્ષ તરીકે નોંધાયું હતું. તેણે તાજેતરમાં એવી આગાહી કરી છે કે 2016નું વર્ષ પણ એટલું જ ગરમ, કદાચ તેનાથી થોડું વધારે ગરમ વર્ષ તરીકે નોંધાશે. ડોનાલ્ડ ટ્રમ્પની ચુંટણી દરમીયાન મોરક્કોના મારકેશ નગરમાં જળવાયુ પરીવર્તન સંબંધી જે વાટાઘાટો શરુ થઈ છે, તે તરફ લોકોનું ઝાઝું ધ્યાન ગયું નથી.

અમેરીકાના પ્રમુખ તરીકે ચુંટાયેલા ટ્રમ્પ, હજુ તેમની શપથવીધી થઈ નહોતી, ત્યાં તો તેમણે પોતાનું પોત પ્રકાશવાનું શરુ કરી દીધું છે. છેલ્લાં કેટલાંક દીવસોથી અમેરીકાના જુદા જુદા રાજ્યોના મોટા શહેરોમાં તેમની વીરુદ્ધ મોટા પ્રમાણમાં વીરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે. ‘ટ્રમ્પ અમારા પ્રમુખ નથી અમે તેમને ધીક્કારીએ છીએ’ એવા સતત સુત્રોચ્ચાર કરે છે. આ જ સમયે ટ્રમ્પની ટીમના એક સભ્યે જણાવ્યું કે ડોનાલ્ડ ટ્રમ્પ જળવાયુ પરીવર્તનને એક મોટી ‘મજાક’ (મશ્કરી) સમજે છે અને 2015માં થયેલ જળવાયુ પરીવર્તન સંબંધ ‘પેરીસ સમજુતી’માંથી કેવી રીતે બહાર નીકળી જવું, તેની ગડમથલમાં છે. આ સમજુતીનો મુખ્ય ઉદ્દેશ ‘ફોસાઈલ ફ્યુઅલ’ પર આધારીત વીશ્વઅર્થકારણને પુન:પ્રાપ્ય ઉર્જાસ્રોતો તરફ કેવી રીતે લઈ જવું તેનો મુખ્ય ઉદ્દેશ છે.

હવામાનમાં થતા ફેરફારોનો અભ્યાસ કરનાર આ સંસ્થાએ જણાવ્યું છે કે 19મી સદીના અંત ભાગમાં જ્યારથી તેણે ઉષ્ણતામાનનો રેકોર્ડ રાખવાનું શરુ કર્યું ત્યારથી આ વર્ષ સૌથી વધુ ગરમ વર્ષ પુરવાર થશે, આ આખી સદી દરમીયાન, ઔદ્યોગીક ક્રાંતી શરુ થઈ ત્યાર પછી સરેરાશ 1.2 ડીગ્રી સેલ્સીઅસ જેટલી ગરમી પડી છે. ‘આ જ સદીમાં કુલ 17 જેટલા સૌથી ગરમ વર્ષો નોંધાયા છે. આ વર્ષે પણ એટલી જ ગરમી પડશે. જે એક નવો રેકોર્ડ સ્થાપશે.’ આ સંસ્થાના સેક્રેટરી જનરલે મોરોકકો ખાતે મળી રહેલી બેઠકની શરુઆતમાં આમ જણાવ્યું હતું.

આ બેઠકમાં લગભગ બસો દેશોના પ્રતીનીધીઓ ભેગા થયા છે અને તેઓ જળવાયુ પરીવર્તનમાં થતા ફેરફારોની ઝડપ કેવી રીતે ઓછી કરવી, તેની ચર્ચા કરી રહ્યા છે. ‘જળવાયુ પરીવર્તનને આપણે રોકી શકતા નથી, એટલે તેની ઝડપ કેવી રીતે ઘટાડવી તેની ચર્ચા કરવી એ જ એક માત્ર વીકલ્પ છે.’

વૈશ્વીક ઉષ્ણતામાનમાં સતત થઈ રહેલ વધારાને કારણે દક્ષીણ ધ્રુવ નજીક આવેલ ગ્રીનલેન્ડ નજીક બરફ ઝડપથી ઓગળી રહ્યો છે. પરીણામે ઓસ્ટ્રેલીયાની ‘ગ્રેટ બેરીયર રીફ’ને નુકસાન થઈ રહ્યું છે. પેરીસ સમજુતીને લગભગ બસો જેટલા દેશોએ મંજુરી આપી છે. તાજેતરમાં ભારતે તેને મંજુરી આપી છે. ખુદ અમેરીકાએ પણ તેને મંજુરી આપી છે. પણ

અમેરીકાના વરાયેલ પ્રમુખ, અત્યારથી તેનો વીરોધ કરે છે અને તેમાંથી કેવી રીતે બહાર નીકળી જવું, તેની ગડમથલમાં છે.

ખરેખર તો ઔદ્યોગીક ક્રાંતી વખતે જે ઉષ્ણતામાન હતું તેનાં કરતાં બે ડીગ્રી સેલ્સીયસ કરતાં વધુ ઓછું હોવું જોઈએ. કમસેકમ 1.5 ડીગ્રી સેલ્સીયસ હોય તો વધુ સારું.

બેઠક શરુ થઈ તે પહેલાં એક રીપોર્ટ રજુ કરવામાં આવ્યો, જેમાં જણાવવામાં આવ્યું કે કાર્બન ડાયોક્સાઈડના ઉત્સર્જનમાં સતત ત્રણ વર્ષ દરમીયાન વધારો થતો રહ્યો છે. જોકે અમેરીકા તરફથી થતા ઉત્સર્જનમાં 2016માં 1.7 ટકા ઘટાડો થશે, કારણ કે કોલસાના ઉપયોગમાં ઘટાડો થયો છે.

અમેરીકાના વીદાય લઈ રહેલા પ્રમુખ ઓબામાએ જણાવ્યું છે કે જળવાયુ પરીવર્તન એ અમેરીકાની અત્યંત મહત્ત્વની પોલીસી છે અને પેરીસ સમજુતીને આકાર આપવામાં અમેરીકાની મુખ્ય ભુમીકા રહી છે.

જળવાયુ પરીવર્તનને કારણે ક્યારેક અતીશય ગરમી તો ક્યારેક અતીશય ઠંડી એવા સમયગાળા અવારનવાર આવે છે. એકાદ જનરેશનના (આશરે 20-25 વર્ષ) સમયગાળા દરમીયાન ગરમીના મોજા અને ભારે વીનાશક પુર એ હવે લગભગ નીયમીત ઘટનાઓ બની ગઈ છે. વધતી ગરમીને કારણે ઉત્તર ધ્રુવ અને દક્ષીણ ધ્રુવ પર લાખો વર્ષોથી જામેલા બરફના થર ઓગળવા લાગે છે. હીમશીલાઓ ગરમીને કારણે દરીયામાં પડે છે. આ બધાંને કારણે દરીયાઈ સપાટી ઉંચી આવે છે પરીણામે દરીયાકાંઠે આવેલા ઘણા વીસ્તારોમાં પાણી ભરાઈ જાય છે, ખાસ કરીને ભરતીના સમયમાં કેટલાક ટાપુ દેશો તો દરીયામાં ગરકાવ થઈ જશે અને ત્યાં રહેતા લોકો, તેમનું પશુધન ક્યાં જશે એ મોટો પ્રશ્ન છે.

અવારનવાર મોટા વાવાઝોડા આવે છે, ક્યારેક સુનામી આવે છે તેને કારણે મોટા પ્રમાણમાં વીનાશ થાય છે. 2016માં વધુ સૌથી નુકસાન કરનાર ઘટના જો કોઈ બની હોય તો તે છે 'હરીકેન મેથ્યુ', તેને કારણે હૈતી ટાપુ પર રહેતા અનેક માણસોના મરણ થયાં. ચીનની એક મોટી નદી યાંગ્ઝેના કીનારે, ભરઉનાળે ભારે મોટા વીનાશક પુર આવ્યા, તેમાં સેંકડો માણસો માર્યા ગયા. 1999માં જે પુર આવ્યું હતું તેમાં તો સેંકડો માણસોના મરણ થયેલ અને 14 બીલીયન ડોલરનું નુકસાન થયેલું.

દક્ષીણ આફ્રીકાથી થાઈલેન્ડ સુધીના દેશોમાં ટેમ્પરેચરમાં ફેરફારોની રોજરોજ નોંધ લેવામાં આવે છે. કેનેડામાં આ મે મહીનામાં ફોર્ટ મેક્ કરી (અલ્બર્ટા)માં જંગલોમાં ભયંકર આગ લાગી, જેનો ધુમાડો લાંબા અંતર સુધી ફેલાયો.

સંયુક્ત રાષ્ટ્રોની રેફ્યુજીઓ માટેની સંસ્થાના જણાવ્યા અનુસાર હવામાન, પાણી, જળવાયુ પરીવર્તન, ધરતીકંપ જેવી ઘટનાઓને કારણે 2015માં આશરે સવા કરોડ લોકો વીસ્થાપીત થયા છે. વીશ્વમાં ચાલતા આંતરવીગ્રહો, લડાઈઓ - નાનામોટા યુદ્ધો અને જાતજાતની હીંસામાં જેટલા માણસો માર્યા જાય છે તેના કરતાં બેગણી સંખ્યામાં લોકો વીસ્થાપીત થાય છે.

આ જળવાયુ પરીવર્તન એ કુદરતી નથી. પણ તે માનવસર્જીત છે. ગ્રીનહાઉસ ગેસો (કાર્બન ડાયોક્સાઈડ, કાર્બન મોનોક્સાઈડ, મીથેલ)ને કારણે જળવાયુ પરીવર્તનમાં ફેરફારો થાય છે અને તેને કારણે કુદરતી આપત્તીઓ આવે છે. આ બધી આપત્તીઓ આખરે તો માનવસર્જીત છે, એમાં પ્રકૃતીને દોષ દેવો ન જોઈએ.

ડોનાલ્ડ ટ્રમ્પ હવે તો સમજશોને !

❑

## – એ ભુમીકા શુદ્ધ નથી...

જુના કાળમાં જે સ્ત્રીઓ સતી થઈ, તેમની પતીનીષ્ઠા, આત્મબલીદાન ઈત્યાદી ગુણોનો હું પુજારી છું; છતાં તેમનું એ કૃત્ય મુર્ખાઈભરેલું હતું એમ કહેતાં મને સંકોચ થતો નથી. શીવાજી મહારાજ પ્રત્યે મારા મનમાં આદર, ભક્તી છે એટલા માટે એમની પેઠે ચાર-ચાર પત્ની સાથે વીવાહ કરીને માણસ રહે, એમ શું મારે પ્રચાર કરવો ? એમના જમાનામાં એ ખોટું મનાતું ન હતું, એમ કહીને હું ખામોશ રહીશ. પ્રાચીન કાળમાં ધાર્મીક મનાતા વીધીઓમાં રહેલા દોષો તરફ આંધળા ન થઈએ. પુર્વજો સર્વજ્ઞ હતા, એમનો જીવનક્રમ સદંતર નીર્દોષ હતો, એ ભુમીકા શુદ્ધ નથી.

**– કાકા કાલેલકર**

## કદાચ

**કદાચ હું કાલે નહીં હોઉં.**
**કાલે જો પવન વાય તો કહેજો કે**
**કીશોર વયમાં એક કન્યાના ચોરી**
**લીધેલા સ્મીતનું પક્વ ફળ**
**હજી મારી ડાળ પરથી ખેરવવું બાકી છે.**
**કદાચ હું કાલે નહીં હોઉં.**

**– સુરેશ હ. જોશી**

[પ્રેષક : મહેન્દ્ર મેઘાણી]

# નર્મદા-આંદોલન : ત્રીસ વર્ષનું તપ

## આનંદ મઝગાંવકર • લખન મુસાફીર

*આ આંદોલને માત્ર મધ્યમ વર્ગીય કે શહેરી લોકોને આંદોલનમાં જોડીને તેમનું પ્રશીક્ષણ કર્યું એટલું જ નહીં, છેવાડાના, ડુંગરના, જંગલના છેલ્લામાં છેલ્લાં આદીવાસીઓને સમાન ન્યાય તેમજ હક્ક મળે તેને માટે જે પણ કરી શકાય તે બધું જ કરી બતાવ્યું. આઝાદી પછી આ દેશે છેવાડાના માણસને ન્યાય મળે તે માટેના જે અસરકારક આંદોલનો જોયાં તેમાં નર્મદા- આંદોલનનું નામ મોખરે રહેશે.*

વીસમી સદીનાં બે વીશ્વયુદ્ધોમાં ઉભી થયેલી અછતને પરીણામે ખેતઉત્પાદન વધારવાની દોટમાં હાઈબ્રીડ બીયારણ, રાસાયણીક ખાતર અને કીટનાશક દવાઓ અસ્તીત્વમાં આવ્યાં. ખેતઉત્પાદન વધારવા બારેમાસ સીંચાઈ જોઈએ. હાઈબ્રીડ બીજ અને રાસાયણીક ખાતર તેમજ કીટનાશકને બજાર મળે તેને માટે નદીઓ ઉપર બંધ બાંધવાનો સીલસીલો શરુ થયો. ભારત આઝાદ થતાં તેણે વીકાસ માટે પશ્ચીમનું અનુકરણ કરી નદીઓને નાથી મોટા બંધો બાંધવાનું શરુ કર્યું. જવાહરલાલ નહેરુએ બંધને આધુનીક ભારતનાં તીર્થધામ કહ્યાં. એક બાજુ ઉદ્યોગોનું કેન્દ્રીકરણ, રોજગારીનો અવકાશ નગરોમાં વધવાથી શહેરીકરણ થતાં ઉદ્યોગો અને શહેરોએ પાણી અને વીજળીની માંગ વધારી. ખેતી, વીજળી અને પુરનીયંત્રણના નામે ભારતમાં બંધો બાંધવાની ગતી 1950થી 1980ના ગાળામાં વધુ રહી.

સરકારી બાબુઓ માનતા હતા કે દરમાં પાણી ભરાય તો ઉંદર ભાગી જાય તેમ આદીવાસી ભાગી જશે. જાહેર બાંધકામ એટલે મલાઈની નદી ઉભી થઈ. એટલે રુપેરી આયોજન પુરઝપાટે થવા લાગ્યું. ખેડુતના નામે દેશમાં બંધો બંધાયા પણ 90ના દાયકા પછી પાણીની જરુરીયાતનું આયોજન બદલાવા લાગ્યું. દા.ત. સૌરાષ્ટ્ર અને કચ્છમાં પાણીની અછત ટાળવા તેમજ ગુજરાતમાં દુષ્કાળ દુર કરવા એકમાત્ર વીકલ્પ સરદાર સરોવર એવી સમજ બનાવાઈ.

પાણીની માંગ વધારતા ગયા તેમ સરદાર સરોવર બંધના મોટા વાયદાનાં સપનાં સાકાર કરવા ગુજરાતની બીજી પાંચ નદી ઉપર સાત બંધો બાંધવાનું આયોજન નદીજોડાણ યોજનાના રુપાળા નામે કરીને નર્મદાના લાભક્ષેત્રમાં પાણી લાવવાની યોજના છે. આમ કરીને સરદાર સરોવરના લાભક્ષેત્ર વીસ્તારમાં પાણી આપવાનું આયોજન છે, એમ કહેવામાં આવ્યું. પરંતુ આ વીસ્તારમાં ખેતીની જમીન કેટલી બચશે અને ખેડુતને પાણી કેટલું મળશે તે તો સરકાર અને ઉદ્યોગપતીઓ જાણે.

આઝાદી પછી વીકાસ થવો જોઈએ તેમાં બેમત નથી. લોકો માટે વીકાસનો અર્થ ગરીબી નાબુદ થાય, બેરોજગારી દુર થાય, શીક્ષણ વધે, આરોગ્યની સભાનતા વધે, લોકશક્તી વધે, લોક-કેન્દ્રીત વીકાસ થાય વગેરે હતો. જ્યારે નીતી ઘડનારાઓ માટે વીકાસનો અર્થ હતો પંચવર્ષીય યોજનાઓ ઘડવી, તોતીંગ માળખાં ઉભાં કરવાં, ઉત્પાદન વધારવું (વહેંચણી નહીં), હાઈવે, બંધ, કારખાનાં બાંધવાં વગેરે. લોક-કેન્દ્રીત વીકાસ અને નીષ્ણાતોએ પરીભાષીત કરેલા વીકાસમાં અંતર એ છે કે રસ્તા બંધાય તે આમલોકો માટે નહીં, સ્થાપીત હીતો માટે હોય, નીશાળ બંધાય પણ શીક્ષક નહીં; શીક્ષણની ગુણવત્તા સુધારવા કશું નહીં; દવાખાનાં હોય પણ ડૉક્ટર નહીં, ડોક્ટર હોય તો લોકો સાથે અપમાનજનક રીતે વર્તે; ભ્રષ્ટાચારને છુટ્ટો દોર મળે. માત્ર મહાકાય અને ભપકેદાર યોજના જ વીકાસ કરે તેવી એક માન્યતા બની ગઈ છે. વીકાસની આ વીભાવના અને વીચારની આ પદ્ધતીનો સીલસીલો એવો ચાલ્યો કે વીકાસયોજનાઓ બની, હજારોકરોડો રુપીયા ખર્ચાયા, દાયકાઓ વીત્યા, ઉદ્યોગો સ્થપાયા, બંધો બંધાયા પણ લોકો ઠેરનાં ઠેર. એટલું જ નહીં, વીજમથક, કારખાનાં, રસ્તા, બંધ, નહેર બન્યાં તેનો લાભ એક વર્ગને મળ્યો અને એક ચોક્કસ વર્ગે તેને લીધે ગુમાવવું પડ્યું. આપણે ત્યાંના વીકાસનો અર્થ ગરીબ લોકોના ત્યાગ-બલીદાનથી શ્રીમંતો વધુ શ્રીમંત બને એ છે.

વીકાસ યોજનાઓને લીધે વીસ્થાપીત થયા તેનો કોઈ હીસાબ કે અધ્યયન સરકારે કર્યું નથી. થોડાંક લોકોને ભોગે વધુ લોકોને ફાયદો થતો હોય તે સમજી શકાય, પણ યોજનાઓને કારણે કરોડો લોકો પુનર્વસન અને સરખા વળતર વગર વીસ્થાપીત થયાં છે. Everybody loves a good drought (દુકાળ હરકોઈને વહાલો) નામના પોતાના પુસ્તકમાં પી. સાઈનાથ કહે છે કે 1947થી 1990 દરમ્યાન બંધોને કારણે 2.1 કરોડ લોકો, ખાણોથી 21 લાખ લોકો અને કારખાનાં, વીજમથક વગેરેથી 24 લાખ લોકો, કુલ 2.6 કરોડ લોકો વીસ્થાપીત થયાં છે. ડૉ. એન. સી. સકસેના (ભુતપુર્વ આયોજનપંચના મંત્રી) સંખ્યા આનાથી બમણી

હોય તેમ માને છે. (http://planningcommission.nic.in /reports/articles/ncsxna/art_dam.pdf) ડૉ. લેન્સી લોબો પોતાના અધ્યયનમાં કહે છે કે 1974થી 2004 દરમ્યાન માત્ર ગુજરાતમાં યોજનાઓથી 25 લાખ લોકો વીસ્થાપીત થયાં છે. (Land Acquisition, Displacement and Resettlement in Gujarat : 1947-2004)

'વીકાસ માટે કોઈકે તો ભોગ આપવો પડે ને'નો ગુજરાતી ભાષા(!)માં સાદો અર્થ ગરીબ, આદીવાસી, દલીત, શ્રમીકોએ જ આપવો પડે એવો થાય છે. વીકાસનો લાભ હંમેશ કોને મળે તે કહેવાની જરુર નથી.

કરોડો લોકોને અન્યાય થયો અને થતો હોય, કોઈ પુનર્વસન નીતી જ ના હોય તોય ગરીબ વ્યક્તી પોતાનું અસ્તીત્વ બચાવવાનો પ્રયત્ન કરે તો તેને વીકાસવીરોધી, દેશવીરોધી, વીદેશી તાકાતોના દલાલ વગેરે કહેવાય. ખરેખર આપણે બધાં આંધળાં અને બહેરાં છીએ.

**લડતના વીવીધ મોરચા :**

આટલા દાયકાઓથી અને આટલા મોટા પાયે લોકોનું વીસ્થાપન થતું હોય તો લોકો પ્રતીકાર કેમ નથી કરતા ? બળવો કેમ નથી કરતા ? નીતી ઘડનારાઓની આંખ કેમ નથી ઉઘડતી ? સરકારની બુદ્ધી ઠેકાણે કેમ નથી આવતી ? આ બધી આશ્ચર્યની બાબત ના કહેવાય !

તેનાં કારણો કંઈક આવાં જણાય છે :

*(1) વાસ્તવીકતા એ છે કે લોકો સરકાર પર હોવો જોઈએ એના કરતાં વધારે વીશ્વાસ રાખે છે સરકારને માઈબાપ માને છે, સરકાર અને નીષ્ણાતોએ કંઈક તો વીચાર્યું જ હશે એમ માની લે છે, આપણા માટે ચુંટાયેલી સરકાર આપણું અહીત ન જ કરે એવી ગફલતમાં રહે છે.*

*(2) વીસ્થાપીત થનારાં લોકો અચુકપણે ગરીબ, આદીવાસી, દલીત શ્રમીક વર્ગનાં જ હોય છે; તેથી તેમનો પુરો સમય રોટલો રળવાના, રોજબરોજના જીવનના સંઘર્ષમાં જાય છે. તેમને તેના સીવાય બીજા કશાનો અવકાશ રહેતો નથી. સંગઠન અને સંઘર્ષની વાત તો દુરની છે.*

*(3) ગયાં 65 વર્ષમાં વીકાસ યોજનાઓ અને વીકાસના નામે ઢોલ-નગારાંઓએ કંઈક એવું પ્રસ્થાપીત કર્યું છે કે 'વીકાસ' શેને કહેવો, વીકાસ કેવી રીતે કરવો એ ફક્ત નીષ્ણાતો, અધીકારીઓ અને રાજકારણીઓને જ સમજાય, લોકો તો આ પ્રક્રીયામાં મુકદર્શક જ હોય, 'વીકાસ'નો તેમના જીવન સાથે જાણે કંઈ સંબંધ જ ના હોય તેવું માનવામાં અને સ્વીકારવામાં આવ્યું. તેને કારણે લોકો નીષ્ક્રીય, ઉદાસીન અને માત્ર 'માગનારાં' થઈ ગયાં. વીકાસપ્રક્રીયામાં લોકોને ભીખારી બનાવી દીધાં તેવો ઘાટ થયો છે. લોકોનો મત, ભાગીદારી વગેરે નીષ્ણાતોની કલ્પના બહારની બાબતો છે.*

**'વીકાસ માટે કોઈકે તો ભોગ આપવો પડે ને'નો ગુજરાતી ભાષા(!)માં સાદો અર્થ ગરીબ, આદીવાસી, દલીત, શ્રમીકોએ જ આપવો પડે એવો થાય છે. વીકાસનો લાભ હંમેશ કોને મળે તે કહેવાની જરુર નથી.**

*(4) આપણો સમાજ ધર્મ, જ્ઞાતી, ગોત્ર, સવર્ણ-અવર્ણ, શહેરી-ગ્રામીણ, શીક્ષીત-અશીક્ષીત વગેરે જેવા વીભાગોમાં વહેંચાયેલો છે, અસંગઠીત છે. કેટલીક વખત પરસ્પર હીત- વીરોધથી પીડાય છે. તેથી કોઈ એક મુદ્દે ભેગા થવું, સંગઠીત થવું, ભેદ ભુલી સાથે લડવું વગેરે જાણે અશક્ય હોય છે.*

*(5) ઘણીવાર એવું પણ ધ્યાનમાં આવ્યું છે કે કોઈ મુદ્દે પોતાની કારકીર્દી આગળ વધારવાનું પ્રયોજે છે. લોકહીત વીરુદ્ધનું કામ કરતાં અચકાતો નથી. લોકોને ભેગાં કરનાર વ્યક્તી નેતા બનીને હકીકતમાં પોતાનો સ્વાર્થ સાધવાનું કામ કરે છે. આવા વીશ્વાસઘાતથી લોકોની સ્થીતી કફોડી થાય છે અને ન્યાય માટે લડી શકાય, વીશ્વાસનાં ફળ મીઠાં હોઈ શકે એવું માનતાં અટકી જાય છે. એમાં લોકોનો વાંક નથી હોતો.*

*(6) સૌથી મહત્ત્વનું પરીબળ કદાચ એ છે કે આવી લડત છેવટે રાજ્ય સામેની હોય છે. પોલીસ અને સેનાના બળથી ચાલનારી રાજ્યશક્તી સામે લોકશક્તી સામાન્ય રીતે ઢીલી પડી અને વીખેરાઈ જાય છે. રાજ્ય લોકોને લલચાવીને તોડવામાં, ડરાવવામાં, બળનો ઉપયોગ કરવામાં, હીંસા વાપરવામાં કોઈ દીવસ પાછી પાની નથી કરતું; સીવાય કે આંદોલનકારીઓ ખુબ જ બળવાન હોય, સરકારને ઝુકાવવાની ક્ષમતા ધરાવતા હોય. (જેવું કંઈક અંશે ગુજરાતમાં પટેલોએ અને હરીયાણામાં જાટોએ કરી બતાવ્યું.)*

આમ લડત સામે આટલાં બધાં પરીબળો હોય ત્યારે સરદાર સરોવર બંધ સામે આટલી લાંબી, વ્યાપક અને અસરકારક લડત થઈ શકી તે બાબત આશ્ચર્યજનક જ નહીં પણ અસાધારણ સીદ્ધી કહેવાય. અને તે એક લાંબા તપ અને અથાગ પ્રયત્નોની ફળશ્રુતી જ હોઈ શકે. લોકજાગૃતી, સંગઠન, અધ્યયન, જાત-જાતના નીષ્ણાતોને આંદોલનમાં જોતરવા, તલસ્પર્શી વીશ્લેષણ, ટેકનીકલ સમજણ, સરકાર સાથે સંવાદ, આંતર-રાષ્ટ્રીય સંસ્થાઓની સામેલગીરી, નાગરીક પંચો સામે રજુઆત, કોર્ટનાં દ્વાર ખખડાવવાં વગેરે જેવા પડાવ પાર કરી સંઘર્ષની લાંબી યાત્રા ચાલે ત્યારે આંદોલનને કંઈક સફળતા મળે.

આંદોલનની યાત્રા માટે 'તપ' શબ્દ વાપરવો એટલે

જરુરી છે કે દરેક વળાંકે કેટલી મહેનત કરવી પડે તે આંદોલન કરનાર લોકો સીવાય ભાગ્યે જ કોઈ સમજી શકે. લોકજાગૃતી બહુ સહેલું કામ લાગે. તેનો વાસ્તવીક અર્થ દુર-દુર ફેલાયેલા આદીવાસી ફળીયાંઓમાં સભાઓ કરવી, લોકોને માહીતી આપવી, વાત ગળે ઉતારવી, લોકોના ડર અને આત્મવીશ્વાસની ઉણપની દવા કરવી, સરકારી અધીકારીઓને સવાલ પુછતાં કરવા, ત્યારે સંગઠનના બીજા પડાવે પહોંચવાના રસ્તા ના હોય, ગામો અને ફળીયાં નદી અને ડુંગરોની પેલે પાર, ગુજરાત, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ એવાં ત્રણ રાજ્યોમાં ફેલાયેલાં આદીવાસીઓનું સંગઠન ! દીવસમાં માત્ર એક વાર આવતી નાવડીથી પહોંચાય તેવા ગામોમાં જવું, અધીકારીઓ અસત્યનો સહારો લેતા હોય, પોલીસ ડરાવતી હોય તોય સંગઠન ટકાવવું એ નાનીસુની વાત નથી.

આંદોલન અંગે અધ્યયન કરવું એ એક પડકાર છે એમ એટલે કહ્યું કે બંધ વીષે, સીવીલ ઈજનેરી વીષે, નદી વીષે, જળ વીષે, અછત અને દુકાળ વીષે, લાભ-નુકસાનનું ગણીત, અર્થશાસ્ત્ર, સરકારની જળનીતી વીષે, કાયદા વીષે, સરકારના ભુતકાળની કારકીર્દી (ટ્રેક રેકોર્ડ) વીષે સમજવું અને લોકોને સમજાવવાં, એટલું જ નહીં, આ બધાં અંગે તેમને વીવીધ સ્તરે રજુઆત કરતાં કરવાં, નીષ્ણાતોની મદદ લેવી વગેરે બહુ જુજ નીષ્ણાતો વળતર સીવાય કામ કરી શકે છે, તેવા નીષ્ણાતોની સ્વૈચ્છીક મદદ મેળવવી.

સરકારની (એટલે કે સરકારી અમલદારો-બ્યુરોક્રેટ્સ) એવી તુમાખી હોય છે કે તે બધું જાણે અને તે કરે તે સાચું, તેને પડકારી ના શકાય, તેવા સંજોગોમાં તેની સાથે સંવાદ સહેલો નથી હોતો. સરકાર ત્યારે જ વાત સાંભળવા તૈયાર થાય જ્યારે લોકોનું સંગઠન મજબુત હોય, લોકોની વાતમાં ટેકનીકલ સચ્ચાઈ હોય, અને આંદોલન પોતાની તીક્ષ્ણ દલીલોથી જવાબ આપવાની ફરજ પાડી શકે. શરુઆતમાં સરકાર સંવાદનો દેખાવ કરે, લોકોને ફોસલાવવાનો પ્રયત્ન કરે પણ નક્કર કશું સાંભળે નહીં. સરકારને સાંભળતી કરવી એ જ મોટી સીદ્ધી કહેવાય. આવા અડીયલપણા છતાં નર્મદા બચાવો આંદોલન વીશ્વબેંકને પાછી કાઢવામાં સફળ થયું. ત્યાર પછી દેશની સર્વોચ્ચ અદાલતમાં વર્ષો સુધી કેસ ચલાવવો, વર્ષો સુધી 'સ્ટે'લાવવો અને બંધનું કામ ન ચાલવા દેવું આ બહુ મહત્ત્વની સફળતા જ કહેવી પડે. અદાલતને કહેવું પડ્યું કે પુનર્વસન સીવાય વીસ્થાપન ન કરાય.

**નર્મદા–આંદોલનની ફલશ્રુતી અને સીદ્ધીઓ :**

*(1) ગરીબ, અશીક્ષીત કહેવાય, બોલવાની ટેવ જ ન હોય તેવાં લોકો, પોતાના ગામમાંથી બહાર જ ના નીકળતાં હોય તેવાં લોકો, બહાર નીકળે તો છેતરાય, સરકારી કચેરીમાં માત્ર અરજી અને કાકલુદી કરતાં જણાય તેવાં લોકો આત્મવીશ્વાસથી સવાલ પુછે, પોતાના મનની વાત કહે ('મન કી બાત' કહેવાનો અધીકાર ફક્ત વડાપ્રધાનને ના હોય ને !), એટલું જ નહીં, પોતાના તાલુકા મથક, જીલ્લા મથક, ગાંધીનગર, ભોપાલ, ઈન્દોર, મુંબઈ, દીલ્હી સુધી રજુઆત કરવા છેલ્લાં 30 વર્ષમાં કેટલીય વખત ગયાં છે. એમાં તેમને જે તાલીમ મળી છે તે કોઈ વીશ્વવીદ્યાલય (યુનીવર્સીટી) ન આપી શકે.*

*(2) કોઈપણ ગંભીર આંદોલન હોય અને આટલાં લાંબા સમય સુધી ગામો અને ફળીયાં નદી અને ડુંગરોની પેલે પાર, ગુજરાત-મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશ એવાં ત્રણ રાજ્યોમાં ફેલાયેલાં આદીવાસીઓનું સંગઠન ! ચાલે તો તે જુદી-જુદી આવડતવાળા નવા કર્મશીલો અને નીષ્ણાતોને પોતાની તરફ આકર્ષે જ. તેમાંથી કેટલાક વીરલાઓ પોતાની વ્યાવસાયીક કારકીર્દી હંમેશ માટે છોડીને આંદોલનમાં ઝંપલાવે, પરીણામે તેમનું જીવન જ બદલાઈ જાય. આપણી આઝાદીની લડતમાં કેટલા વીરલા પોતાનું બધું છોડીને જોડાયા ! શ્રમીક આંદોલનમાં કેવા-કેવા લોકો જોડાયા ! વીનોબાના ભુદાન આંદોલનમાં પણ હજારો કાર્યકર્તાઓએ પોતાનું જીવન સમર્પણ કરેલું, નર્મદા બચાવો આંદોલનમાં એક નવી ફોજ આવી અને પોતાની વ્યક્તીગત કારકીર્દી છોડીને પુરા સમય માટે જોડાયા. તેમાં ઈજનેર, વકીલ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, માજી સરકારી અધીકારી વગેરે હતા. અકબરના દરબારની જેમ નવ રત્નો આંદોલનમાં પણ હતાં.*

*(3) વીચારયાત્રાનો વીકાસ : આંદોલન એક જંગમ વીશ્વવીદ્યાલય હોય છે અને તેમાં શીક્ષણ સાથે વીચારયાત્રાનો પણ વીકાસ થતો હોય છે. નર્મદા બચાવો આંદોલનથી કંઈ એવી જાગૃતી આવી કે પર્યાવરણીય આંદોલન =નર્મદા આંદોલન એવું સમીકરણ જાણે આમનાગરીકના મનમાં બેસી ગયું. વીકાસ કોને કહેવાય ? કોનો વીકાસ ? ભોગવે છે કોણ ? મોટા બંધ હોવા જોઈએ કે નહીં ?' 'સ્મોલ ઈઝ બ્યુટીફુલ', નાનું તે સોહામણું, ન્યાયી જળનીતી કેવી હોય ? ન્યાયી વીકાસનીતી કેવી હોય ? પુનર્વસનની જરુરીયાતનું પ્રસ્થાપન, પુનર્વસન નીતીનું ઘડાવું વગેરે સીધી નજરે ચડે તેવી ઉપલબ્ધીઓ છે. આ સીવાય પણ ઘણું ગણાવી શકાય દા.ત. મોટા બંધો વીષે પુનર્વીચાર માટે આંદોલન, સરકારી પ્રતીનીધી, બાંધકામ ઉદ્યોગ, વીશ્વબેંક જેવી વૈશ્વીક સંસ્થાઓ વગેરેનો સંયુક્ત 'બંધ માટેનું વીશ્વપંચ'ની સ્થાપના અને અહેવાલ.*

*(4) અલબત્ત, બધાં તેને સકારાત્મક રીતે જોતાં હતાં એવો કોઈ ભ્રમ ઉભો કરવાનો આ પ્રયત્ન નથી. આપણે ત્યાં 'પ્રયત્ન' અને 'આંદોલન' શબ્દ એક ગાળ તરીકે વાપરનારો વર્ગ મોટો છે. નર્મદા અને અન્ય આંદોલનોને 'વીકાસવીરોધી', 'દેશવીરોધી'નું લેબલ આપી દેવાનો સબળ પ્રયત્ન થયો. સમાચાર માધ્યમોનો તેમાં ચોક્કસ ફાળો તો હતો જ. આવું થાય ત્યારે સમજવું કે કોઈનું હીત ઘવાઈ રહ્યું છે. સ્થાપીત હીતો હાલી જાય એ તો આંદોલનની સફળતા જ કહેવાય. વર્તમાન જે કહે તે, ઈતીહાસ ઘણી વખત પ્રસંગો અને પ્રક્રીયાઓને તેના યોગ્ય પરીપ્રેક્ષ્યમાં મુકતો હોય છે.*

*(5) સરકારો સામાન્ય નાગરીકનાં હીતો પરત્વે આંખ આડા કાન કરે, જાહેરમાં ભલે જે કહેવાતું હોય તે. આઝાદી પછી આમ નાગરીક તો વધુ ને વધુ નબળો, પરાધીન અને ઉદાસીન જ થતો ગયો છે. ગયાં 25 વર્ષમાં તે પ્રક્રીયા વધુ ઝડપી બની છે. નવી આર્થીક નીતી અપનાવવામાં આવી ત્યારથી ખેડુત, માછીમાર, કારખાનાનો શ્રમીક, આદીવાસી, દલીત, ઝુંપડપટ્ટીનીવાસી વગેરે પોતાનાં ઘર, જમીન, જંગલ, સમુદ્ર તેમજ સરકારી નોકરી ગુમાવતા ગયા છે. કહેવાતી વીકાસ યોજનાઓને કારણે મોટા પાયે વીસ્થાપનનો દોર શરુ થયો. તેવા સંજોગોમાં બધા અસરગ્રસ્તોના સંગઠન અને સમન્વયના મજબુત પ્રયત્નો થયા. જમીન માટે, પુનર્વસન માટે, એનરોન જેવી ખતરનાક પરીયોજના વીરુદ્ધ રાષ્ટ્રીય સ્તરના આંદોલન આરંભાયાં, રાષ્ટ્રીય સ્તરના ઔપચારીક અને અનૌપચારીક સંગઠનો બન્યાં, જનઆંદોલનના રાષ્ટ્રીય સમન્વયનો જન્મ થયો - આ બધાંમાં નર્મદા બચાવો આંદોલનનો ફાળો ખુબ જ મહત્ત્વનો રહ્યો.*

*(6) ભારતમાં પહેલી વાર વીસ્થાપીતોને જમીનને બદલે જમીન મળે તેવી નીતી સ્વીકારવામાં આવી. આમાં નર્મદા બચાવો આંદોલન સીવાયની સંસ્થાઓ અને સંગઠનનો ફાળો પણ હતો જ.*

**અસહીષ્ણુતા :**

વીસ્થાપન વીષે સવાલ પુછવામાં આવ્યો, બંધના લાભ-નુકસાનનો સરખો હીસાબ થાય એ માગણી રજુ કરવામાં આવી અને વીકાસ શેને કહેવાય એની ચર્ચા છેડાઈ તો તર્કબદ્ધ સંવાદને બદલે ગુજરાતની જીવાદોરી કહેવાઈ, લોકોને ઉશ્કેરવામાં આવ્યા, આખું સરકારી તંત્ર, સમાચાર માધ્યમો, જુદા-જુદા હીતસમુહો ભેગાં થઈ ગયાં, પાણી પહોંચાડવામાં આવનારાં ગામોની સંખ્યા 3200 કરતાં પણ વધતી વધતી 8200થી ઉપર પહોંચાડવામાં આવી. પાણીનો જથ્થો વધે તેમ નહોતો પણ ગામોની સંખ્યા કોઈ જાદુઈ લાકડીથી વધતી ગઈ. ઉશ્કેરાટ એવો કે સંવાદ અશક્ય બની ગયો, છાપાં ઉત્તેજીત કરનારાં મથાળાં ઉપર છાપે, છાપાનું નામ નીચે છાપે, ભાષાનો સ્તર ક્રમશ: ઉતરતો ગયો, હીંસા પણ આચરવામાં આવી. વાતાવરણમાં અસહીષ્ણુતાનાં બીજ રોપાયાં જેના અંકુર જાણે 2002માં આપણે જોયાં.

**વ્યાપક સંદર્ભ :**

આટલાં મોટા પાયે અન્યાય થયો હોવા છતાં વીકાસ યોજનાઓ હંમેશાં બદ-ઈરાદાથી બનતી હોય છે તેવું કહેવાનો કોઈ આશય નથી પણ, એ વાત બીલકુલ સ્વીકારાતી નથી કે આજનો વીકાસ આપણી આવક આધારીત નહીં, મુડી આધારીત છે. બંધ બંધાય, જમીન જાય, ખનન થાય, જંગલ કપાય ત્યારે આપણી આવક ભલે વધતી હોય, હકીકતમાં આપણી સ્થાયી મુડી આપણે હંમેશાં માટે ગુમાવી રહ્યાં છીએ. એને ટકાઉ




વીકાસ ના કહી શકાય. આપણે રોજબરોજના જીવનમાં બેંકની મુડીના આધારે નહીં, રોજની આવકના આધારે જીવવાનો પ્રયત્ન કરતાં હોઈએ છીએ. જળ, જંગલ, જમીન જેવાં પંચમહાભુતોનો સવાલ આવે ત્યારે આપણું વર્તન એટલું અવીચારી કેવી રીતે થઈ જાય છે તે સમજવું મુશ્કેલ છે. બીજી હકીકત એ છે કે વીકાસયાત્રામાં જે લોકો સમૃદ્ધ સંસાધનોના ખોળે જીવે છે (દા.ત. આદીવાસી) તેઓ પ્રકૃતીને પોતાની માતા માને છે. તેનો જરુર પુરતો ઉપયોગ કરે પણ શોષણ નહીં. તેની પાસે પૈસા કે વગ ઓછાં હોય છે, એનો અવાજ સંભળાતો નથી, તેમના વતી નીર્ણય શહેરમાં બેઠેલા 'બૌદ્ધીક' લોકો લે છે. તેમનું હીત શેમાં છે તે બીજા નક્કી કરે છે. તેમની જીંદગીના આટલા મોટા પ્રશ્ન અંગે તેમને કશું જ પુછવા કે કહેવામાં આવતું નથી અને સૌથી મોટી વાત એ છે કે નીર્ણય કરનારા વર્ગના બોલનારા ગરીબ વર્ગને પોતાના મેદાનમાં ઘસડી લાવે છે, જ્યાં મજુરી અને ગુલામી સીવાય ગરીબ વ્યક્તી પાસે કોઈ વીકલ્પ રહેતો નથી. પ્રતીકાર કરે તે વીકાસવીરોધી અથવા નક્સલવાદી કહેવાય છે.

**આંદોલન સાચું ઠર્યું :**

સરદાર સરોવર બંધ તો સરકારે બનાવી દીધો પણ આયોજન પ્રમાણે નહેરો બનાવવાનું કામ થયું નહીં. લોકોએ વારંવાર ધ્યાન ખેંચવા છતાં પણ સરકારે આ કામ પુર્ણ કરવામાં બેદરકારી દાખવી. પરીણામે બંધની મહાકાય દીવાલ બની ગઈ. હજારો લોકો વીસ્થાપીત થયાં, 200થી વધુ ગામ વીસ્થાપીત થયાં પરંતુ બંધના જે ફાયદા ગણાવવામાં આવેલા

તે આજદીન સુધી મળ્યા નથી. આજે હવે સરકાર દ્વારા હજારોએકર જમીન 'ડીકમાન્ડ' કરી દેવાઈ છે. (દા.ત. ધોલેરા) એટલે કે તેમને નર્મદા યોજનાનું પાણી મળવાના લાભમાંથી બાકાત કરાયાં છે. બંધ લોકોના પીવાના પાણી અને ખેડુતની પીયત માટે છે કે મોટા ઉદ્યોગો માટે છે તે સવાલ સ્વાભાવીક રીતે ઉભો થાય. આ બધા મુદ્દા આંદોલન પહેલેથી જ ઉઠાવતું રહ્યું છે.

**નર્મદા બચાવો આંદોલને જે પાયાના સવાલ ઉભા કર્યા હતા તે આ પ્રમાણે છે :**

**(1) વીસ્થાપન ઓછામાં ઓછું થાય તેની કાળજી લેવાય, પુનર્વસન સીવાય વીસ્થાપન નહીં.**

**(2) બંધના લાભ-નુકસાનનો તલસ્પર્શી અભ્યાસ થવો જોઈએ અને મોટા બંધોની પર્યાવરણીય અસર વીષે ફેરવીચાર થવો જોઈએ.**

**(3) વીકાસની દીશા અને વીભાવના વીષે વ્યાપક સંવાદ થવો જોઈએ.**

**(4) વીકાસયોજનાઓને લગતી નીર્ણયપ્રક્રીયા પારદર્શી હોવી જોઈએ.**

**(5) નીર્ણયપ્રક્રીયામાં અસરગ્રસ્ત લોકોનો મત લેવાવો જોઈએ.**

મોટા બંધ વીષે, વીકાસની વીભાવના વીષે ફેરવીચાર ભલે પ્રસ્થાપીત ના થયો, ટુંકા ગાળામાં આંદોલનનું ધાર્યું પરીણામ ના પણ દેખાયું છતાં પણ માહીતી અધીકારનો કાયદો હોય, વન- અધીકારનો કાયદો હોય કે નારેગા હોય, તેમની ઘણી જોગવાઈઓમાં નર્મદા તથા અન્ય આંદોલનનો ફાળો અત્યંત મહત્ત્વનો રહ્યો છે. અસરગ્રસ્તને સાંભળવા, પર્યાવરણીય મંજુરી માટે જાહેર સુનાવણી કરવી, પારદર્શીતા લાવવી વગેરે સીદ્ધાંત કંઈક અંશે સ્વીકારાયા છે. તેનો અમલ હજી ખુબ જ નબળો છે, પણ પરીવર્તન ધીરે ધીરે જ થાય અને ધીરે ધીરે જ થાય અને ધીરે ધીરે થયેલું પરીવર્તન જ સ્થાયી બને. લાંબો રસ્તો કાપવાનો બાકી છે, કોઈ વાર બે કદમ આગળ, એક કદમ પાછળ તો કોઈક વાર એકદમ આગળને એકદમ પાછળ, એમ થતું રહેશે. લાંબી નજરથી મુલવીએ તો સરવાળે આગળ વધાતું હોય છે. શાણાં લોકો પોતાની ભુલથી શીખે છે, ફેરવીચાર કરે ને, ભુલ પણ સુધારે. જુઓને, સંયુક્ત રાજ્ય અમેરીકાના વોશીંગ્ટન રાજ્યમાં એલવ્હા નદી પરનો બંધ તોડવાનું નક્કી કરવામાં આવ્યું. (જુઓ 1 ઑગસ્ટ, 2016નું ભુમીપુત્ર)

**આગળની દીશા :**

આપણી આવતી કાલ માટેની સ્વસ્થ, ટકાઉ વીકાસ માટેની નીર્ણય પ્રક્રીયામાં પારદર્શીતા તેમજ લોકોની ભાગીદારી હોય તો જ અન્યાયનો અંત આવી શકશે. તે માટે આજે કે કાલે નીર્ણય પ્રક્રીયામાં ગ્રામસભાની સર્વોપરીતા પ્રસ્થાપીત કરવી જ પડશે. દીલ્હી જેવા શહેરમાં પણ 'મોહલ્લા સભા'નો વીચાર ત્યાંની આમ આદમી પાર્ટી સરકારે વહેતો મુક્યો છે. તો જ લોકશાહી મજબુત થાય. નહીં તો જુદા જુદા સમુહોનો અસંતોષ વધતો રહે અને ગુજરાતમાં પટેલ, રાજસ્થાનમાં ગુર્જર, હરીયાણામાં જાટ, મહારાષ્ટ્રમાં મરાઠા આરક્ષણની માંગ વગેરે દ્વારા પોતાનો રોષ વ્યક્ત કરતાં રહે જે સમાજ અને લોકશાહીને માટે સારું લક્ષણ નથી.

નર્મદા-આંદોલન એ રીતે ઐતીહાસીક રહ્યું છે કે જે બંધો માટે આઝાદી પછી જવાહરલાલજીએ 'તીર્થસ્થાનો' શબ્દ વાપરેલો તેને અંગે પુન:વીચાર કરવાનો માત્ર જ નહીં, પરંતુ આજની પરીસ્થીતીમાં આજના વીજ્ઞાન પ્રમાણે મોટા બંધો એ outdated (જુનવાણી) વાત છે એમ કહેવાની તેણે હીંમત કરી. વીકાસની અવધારણા અંગે પ્રશ્ન ઉઠાવવાની પહેલ કરી એટલું જ નહીં, અગાઉ કહ્યું તેમ આ આંદોલનને માત્ર મધ્યમ વર્ગીય કે શહેરી લોકોને આંદોલનમાં જોડીને તેમનું પ્રશીક્ષણ કર્યું એટલું જ નહીં; છેવાડાના, ડુંગરના, જંગલના છેલ્લામાં છેલ્લા આદીવાસીઓને સમાન ન્યાય તેમજ હક્ક મળે તેને માટે જે પણ કરી શકાય તે બધું જ કરી બતાવ્યું. આઝાદી પછી આ દેશે છેવાડાના માણસને ન્યાય મળે તે માટેના જે અસરકારક આંદોલનો જોયાં તેમાં નર્મદા-આંદોલનનું નામ મોખરે રહેશે.

એટલે જ એમ કહેવું જોઈએ કે સરદાર સરોવર બંધ રોકાયો કે ન રોકાયો એ નર્મદા આંદોલનની સફળતાનો એકમાત્ર માપદંડ ન હોઈ શકે. પર્યાવરણ અંગેનાં, લોકોના અધીકાર અંગેનાં, જમીનની વહેંચણી અંગેનાં શીક્ષણ, આરોગ્ય, જંગલ અંગેનાં અનેક આંદોલનોની જનેતા કહેવાનું શ્રેય પણ નર્મદા આંદોલનને જાય છે.

(લેખક આનંદ પર્યાવરણ સુરક્ષા અને આદીવાસી અધીકારો સાથે સંકળાયેલા કર્મશીલ છે. લેખક લખન નાથાવાડી ગામ જી. નર્મદાના સામાજીક કાર્યકર છે.)

*

## જલસત્યાગ્રહ

નર્મદા ઘાટીમાં આદીવાસીઓના અધીકારો માટે નર્મદા બચાવો આંદોલન 1992ની સાલમાં બરાબર જોરશોરથી ચાલતું હતું. વીસ્થાપીતો સરકારને સવાલ પુછી રહ્યા હતા કે તમે બંધની ઉંચાઈ વધારી રહ્યા છો પણ હકીકતમાં કઈ જમીન, કયા ઘરો, ક્યારે ડુબવાના છે તેની સાચી માહીતી આપતા નથી; તે આપો. સરકાર કે અધીકારીઓ પાસે કોઈ જવાબ ન હતો. અધીકારીઓએ માની લીધેલું કે ભુતકાળમાં બીજી

યોજનાઓની જેમ જમીન-ઘરોમાં પાણી ભરાતાં લોકો ઉંદરની માફક નાસી ગયેલા તેમ અહીંથી પણ તેમને ભગાડીશું. ચોમાસામાં નર્મદામાં પુર આવે ત્યારે સરદાર સરોવરમાં પાણીની સપાટી ક્યાં સુધી પહોંચશે તેની સાચી જાણકારી અધીકારીઓ લોકોને જણાવતા ન હતા. 'નર્મદા બચાવો આંદોલન'ને લીધે સંગઠીત થયેલા કહેવાતા અભણ અને સાધનવીહીન ઘાટીના લોકોમાં આત્મવીશ્વાસ વધતો જતો હતો. તેઓ સરદાર સરોવરથી ફાયદો કેટલો અને નુકસાન કેટલું એવું પુછતાં થઈ ગયા હતા. આદીવાસીઓનો જીવવાનો હક્ક ડુબી રહ્યો છે તે વાત ભારતમાં જ નહીં વીશ્વ બેંક સુધી પહોંચાડી ચુક્યા હતા. સુપ્રીમ કોર્ટે પુન:વસન નીતી જાહેર કરી છતાં સરકારી રાહે ઠાગાઠૈયાની ગતીએ કામ ચાલતું રહ્યું. એકબાજુ બંધની ઉંચાઈ વધે અને છતાં ડુબતાં ઘરોનો પુન:વસવાટ નહીં. લોકોએ નક્કી કર્યું 'ડુબેંગે પર હટેંગે નહીં.' અહીંસક શસ્ત્ર તરીકે જળ સત્યાગ્રહ કરવાનો નીર્ણય કર્યો. નર્મદામૈયા ઘરમાં આવશે તો ડુબી જઈશું પણ હટીશું નહીં. પુરના ડહોળા પાણીમાં દીવસો સુધી ઉભા રહેવું, જીવજંતુથી ડરવું નહીં, ચામડી કોહવાઈ જાય, એવું બધું પોતે જાતે વેઠી લેવું. પણ હક્કન્યાય લીધા વગર જંપીશું નહીં એવો નીર્ણય કર્યો. જળ સત્યાગ્રહે આઝાદીની લડતના મીઠાના સત્યાગ્રહની યાદ તાજી કરાવી. મીઠાના સત્યાગ્રહમાં મીઠાવાળા કોરડા વીંઝે કે મુઠ્ઠીમાં ભરેલું મીઠું છોડવા હાથ પર ડંડો પડે છતાં સત્યાગ્રહીઓ મીઠું છોડે નહીં. મારનાર થાકી જાય પણ સત્યાગ્રહી ન થાકે. આ અહીંસાની પરાકાષ્ઠા હતી.

આવા જ દૃશ્યો નર્મદા ઘાટીમાં પણ જોવા મળ્યા. નાક સુધી પાણી પહોંચી જાય પણ બહેનો પાણીમાંથી હટે નહીં. આખરે પોલીસ બળપુર્વક લોકોને હટાવે. જળ સત્યાગ્રહથી પણ સરદાર સરોવર બંધનું કામ અટક્યું નહીં ત્યારે 'નર્મદા બચાવો આંદોલન'ના કાર્યકર્તાઓ એ અંતીમ નીર્ણય લીધો 'સ્વૈચ્છીક જળસમાધી' લઈશું. અમે જાતે પાણીમાં ડુબી ને પ્રાણ છોડીશું... બંધનું કામ રોકો અને વીસ્થાપીતો સાથે સંવાદ કરો. ઈતીહાસમાં સાંભળ્યું હતું કે કોઈ સંત જીવનની અંતીમ ઘડીએ સ્વૈચ્છીક જળસમાધી લઈને દેહનું વીસર્જન કરી મોક્ષ પામતા. પરંતુ, વંચીત સમાજની હક્ક-અધીકાર માટે કોઈ જળસમાધી લે તેવી ઘટના ઈતીહાસમાં પણ બની નથી.

ઉંઘતી સરકારને જગાડવા માટે જેટલા પ્રયત્ન થઈ શકે તેટલા અહીંસક પ્રયત્ન કર્યા પછી અંતીમ પગલાં તરીકે પોતાની આહુતી આપીએ તો કદાચ સરકાર બંધનું કામ રોકે ! જળસમાધીના દીવસ અંગે સત્યાગ્રહીઓએ સરકારને અગાઉથી જાણ કરેલી પરંતુ, સ્થળની ગુપ્તતા રાખવામાં આવી હતી. દીવસો નજીક આવતા ગયા તેમ સરકાર રઘવાઈ બનીને 'જળસમાધી' સત્યાગ્રહ રોકવા પ્રયત્ન કરવા લાગી. એકબાજુ



સમાધાન માટેની વાટાઘાટ ચાલે તો બીજી તરફ નર્મદાઘાટીમાં પ્રવેશનારા રસ્તાઓ ઉપર પોલીસો ખડકાઈ ગયેલી. અરુંધતીબેન આદીવાસી વેશમાં જંગલ રસ્તે નક્કી કરેલા સ્થાને જવા નીકળી ગયેલા. મેધાબહેન નર્મદામાં ભુસ્કો મારીને જળસમાધી ન લે તે માટે તેમની ધરપકડ કરવાના ચક્રો ગતીમાન કર્યા. આખરે કેન્દ્ર સરકારે સ્વામી અગ્નીવેશ સમીતી મોકલી ને જળસમાધીનો સત્યાગ્રહ મોકુફ રખાવેલો.

આ દીવસોમાં ગુજરાતના અખબારોએ આંખ-કાન બંધ કરીને જાણે કોઈ દુશ્મને ગુજરાત પર ચઢાઈ કરી હોય અને જાણે ગુજરાતનો નાશ થવાનો હોય, ગુજરાતે યુદ્ધ લડી લેવું જોઈએ તેવો ઉન્માદ પેદા કરેલો. ગુજરાતની જનતા પાઠ્યપુસ્તકમાં મીનળદેવીના તળાવની વાત હોંશે હોંશે વાંચે છે પરંતુ આ દેશના આદીવાસીના જીવવાના અધીકાર ડુબાડવામાં આપણને કશું નડતું નથી. આ વાત ઉપલોવર્ગ તેમજ નર્મદાનું પાણી જેમને મળવાનું છે તે લાભાર્થીઓ દ્વારા કોઈ દીવસ સ્વીકારાઈ નથી તે પણ સત્ય હકીકત છે.

**લખનભાઈ – આનંદ**

[**'આદીલોક'**ના નવેમ્બર-ડીસેમ્બર, 2016ના અંકમાં ગળાડુબ પાણીમાં ઉભેલાં આદીવાસીઓની હૃદયસ્પર્શી તસવીરો છપાઈ છે. તેમાં 'જળસત્યાગ્રહ' વીશે છપાયું નહોતું. અમારી વીનંતીને માન આપીને લેખકોએ પુરક માહીતી આપી છે તે બદલ આભાર. દરમ્યાન કેવડીયામાં 15 જુલાઈથી ઉપવાસ પર બેઠેલા 70 વર્ષીય આદીવાસી દુલજીભાઈ બકાભાઈ વસાવાનું દુ:ખદ અવસાન થયું છે.

- તંત્રી]

❑

# પેઢામલીમાં ગ્રામવીકાસનું સુંદર કાર્ય

**કીરણ ચાંપાનેરી**

આઝાદી કાળે ગાંધીજીએ યુવાનોને ગામડાંઓમાં જઈને ગ્રામોત્થાનની હાકલ કરેલી અને કેટલાય યુવકો અને યુવાદંપતીઓ એ વખતે ગામડાંઓમાં પલાંઠી વાળીને બેઠાં હતાં. તેઓ આખી જીંદગી ગ્રામ-વીકાસના કામો કરતા રહ્યાં. ભારતદેશના ગામડાંઓ આજે તો ઘણાં સમૃદ્ધ થયાં છે, પરંતુ આઝાદીનાં સીત્તેર વર્ષો પછી પણ સોએ સો ટકા ગામડાંઓ વીકાસ પામ્યાં નથી. આજે પણ એવાં ઘણાં ગામો પ્રાથમીક સુવીધાઓથી વંચીત છે; એવા પેઢામલી ગામે બેઠેલા યુવાદંપતીની આ લેખમાં વાત કરવાની છે.

બીજી ઑક્ટોબરે ગાંધીજીના 147મા જન્મદીવસે, ગાંધીજીએ આપેલાં રચનાત્મક કાર્યો અને ગ્રામઉત્કર્ષના વીચારના રાહે ચાલતા યુવાદંપતી સ્નેહલ અને જલદીપ ઠાકરને પેઢામલી ગામે મળવાનું થયેલું. પેઢામલી આવ્યું મહેસાણા જીલ્લાના વીજાપુર તાલુકામાં. સવાસો દોઢસો વર્ષ પહેલાં જાહોજલાલી અને વેપારધંધાથી ધમધમતું દસેક હજારની વસતી ધરાવતું પેઢામલી ગામ આઝાદી પછીના કાળે ધીમે ધીમે ભાંગતું ગયું. આ ગામમાં જૈન, બ્રાહ્મણો, ભાવસાર, મોદી, માળી, ડબગર, મુસલમાન અને ગ્રામદેવતાઓ - કારીગર પરીવારો રહેતા હતા. આ પરીવારો ગામ છોડીને મહેસાણા, અમદાવાદ, મુંબઈ જઈ ધંધા-રોજગારમાં પરોવાયા તો પટેલ-ખેડુતો પેઢામલી નજીક ચારેક કી.મી. દુર નવી વસાહત બનાવી રહેવા લાગ્યા, જે આજે માઢી તરીકે ઓળખાય છે. આજે ગામમાં રાવળ, ઠાકોર, વાઘરી, રબારી, દરજી, સુથાર, પંડ્યા, મુસ્લીમ પરીવારના મળી કુલ 284 ઘરમાં માંડ એકાદ હજારની વસ્તી છે. મોટા ભાગના ખેતમજુરો અને યુવાનો નજીકની તમાકુ છોડની નર્સરી અને તમાકુની ખળીમાં કામે જાય.

વીજાપુરથી માઢી સુધી બસ કે રીક્ષાઓ મળે. પછી ચારેક કી.મી. ગાંધીયાત્રા કરતાં કરતાં જ પેઢામલી પહોંચાય. જોકે થોડા સમયથી સાબરમતી નદીમાંથી રેતીનું ઉત્ખનન શરુ થતાં હવે ટ્રેક્ટરો અને ડમ્પરો મળી રહે. સાબરમતી નદીકીનારે વસેલા પેઢામલીમાં જગવલ્લભ પાર્શ્વનાથ જીનાલયમાં દોઢસો વર્ષ પહેલાંની મહાવીર સ્વામી અને પાર્શ્વનાથ પ્રભુની મુર્તીઓ બીરાજમાન છે તો અંબાજીમાતાનું 139 વર્ષ પુરાણું મંદીર આવેલું છે. સને 1909માં સ્થપાયેલી પ્રાથમીક શાળા ખરી, પણ માંડ ત્રણેક ઓરડામાં જેવું તેવું શીક્ષણકામ થાય.

જલદીપ ઠાકરનું વતન માણસા. પીતા કનૈયાલાલ ઠાકર આયુર્વેદના ડૉક્ટર એટલે વ્યવસાયના કારણે તેમને બનાસકાંઠા, સાબરકાંઠા અને ગાંધીનગર જીલ્લાનાં ગામડાંઓમાં રહેવાનું થયું. આ કારણે જુદાં જુદાં ગામોમાં જલદીપનો પ્રાથમીકથી બારમા ધોરણ સુધીનો અભ્યાસ થયો. વાસણા મારગીયા સંસ્થામાંથી બીઆરએસનો સ્નાતકનો અભ્યાસ કર્યો. ગુજરાત વીદ્યાપીઠમાંથી માસ્ટર ઈન રુરલ મેનેજમેન્ટ (એમઆરએમ)માં અનુસ્નાતકની ઉપાધી મેળવી. આ એમઆરએમના અભ્યાસ દરમીયાન ગાંધીવીચાર મુલ્યો અને રચનાત્મક કામ કરવાનાં બીજ રોપાયાં. અભ્યાસ પુર્ણ કર્યા પછી જલદીપે ગામડાંમાં જઈને કામ કરવાની ઈચ્છા માતાપીતાને જણાવી. ત્યારે માતા જયશ્રીબહેને કહેલું કે જે ગામમાં દારુ પીવાતો હોય, જુગાર રમાતો હોય, રોજગારીની સમસ્યા હોય, આરોગ્ય સુવીધા ન હોય, જ્યાં શીક્ષણની જરુર હોય, તેવા અભાવવાળા ગામને પસંદ કરીને તારે કામ કરવું જોઈએ. કડોલી તેના મોસાળનું ગામ. મામાએ પેઢામલી બતાવ્યું તેમ કહીએ તો ચાલે.

ગુજરાત વીદ્યાપીઠની ગ્રામશીલ્પી યોજના ચાલે, જેમાં ગામમાં બેસીને રચનાત્મક અને ગ્રામવીકાસના કાર્ય માટે પ્રથમ બે વર્ષ વીદ્યાપીઠ તરફથી માસીક પાંચ હજાર સહાય અપાય છે. પછીના વર્ષથી ગ્રામશીલ્પીએ પોતાની રીતે આવકના સ્રોત ઉભા કરવાના રહે છે. આ ગ્રામશીલ્પી યોજના અંતર્ગત જલદીપે ઑગસ્ટ-2007માં પેઢામલી ગામમાં પગ મુક્યો. ગામનાં અંબાજી મંદીરની ધર્મશાળાની એક રુમમાં રહેવાની વ્યવસ્થા ગોઠવી તેને ઘર બનાવ્યું. ચાલો, ગામમાં આંટો મારી આવીએ. જલદીપના સુચનથી ગામમાં ફરવા નીકળ્યા. ઠાકોરવાસ, રાવળવાસ, દલીત-મહોલ્લો. ગામના સૌ નાનામોટા ‘આવો જલભાઈ’... ‘કેમ છો જલભાઈ’... શબ્દોથી આવકારે. ગામમાં ફરીને અંબાજી

મંદીરમાં માતાજીનાં દર્શન કરી પવીત્ર પાવન સાંનીધ્યમાં ચોકમાં બેઠા અને જલદીપ સાથે તેના અનુભવ અને કામની વાતો થઈ તે આ પ્રમાણે છે :

અમારી માતૃસંસ્થા ગુજરાત વીદ્યાપીઠની પ્રેરણા અને સહયોગથી પેઢામલીમાં ગ્રામશીલ્પી તરીકે ગ્રામોદ્ધારની પ્રવૃત્તી કરી રહ્યાં છીએ. શરુમાં તો ગામમાં ફરતો. ક્યાંથી કામનો પ્રારંભ કરવો તે વીચારતો. ગામમાં ત્રણ ઓરડાની શાળા, જેમાં એંશી બાળકો ભણતા. બાળકો અધવચથી અભ્યાસ છોડી દેતાં. આવાં બાળકોને અને તેમનાં માતાપીતાને સમજાવી વીદ્યાર્થીઓને પાછા અભ્યાસમાં પરોવ્યા. બહાર વસતા ગામના શ્રેષ્ઠીઓના સહયોગની શાળાનું પુનઃનીર્માણ કરી નવ ઓરડા અને મલ્ટી-મીડીયાની સુવીધાવાળું નવું મકાન બનાવ્યું. બાળકોની સંખ્યા 190 અને ત્રણ શીક્ષકોમાંથી આઠ શીક્ષકો ભણાવતા થયા.



ગુજરાત વીદ્યાપીઠના કુલપતી ઈલાબહેન ભટ્ટના વરદ્ હસ્તે મહાદેવભાઈ દેસાઈની જન્મજયંતીએ અપાતું સન્માન સ્વીકારતા જલદીપ અને સ્નેહલ.

માતાપીતાએ નોધારા છોડેલા અજયને સ્વીકાર્યો. સમજોને કે દત્તક લીધો. પીતાની દારુની લત અને ઝઘડા કજીયાથી માતા અજયને નાનો મુકીને જતી રહેલી. નાનકડો અજય દારુડીયા પીતા સાથે ફરતો રહે. પીતા પણ તેને છોડીને દારુની ભઠ્ઠીએ કામ કરવા જતા રહ્યા. નાનકડો અજય ગામમાં ફરતો રહે, જ્યાંથી ખાવાનું મળે તે ખાઈને સુઈ જાય. આ ગંદાગોબરા કાળીયા અજયને જલદીપે પોતાની સાથે રાખી નવરાવવાનું, ભણાવવાનું અને માતાપીતાની જવાબદારી નીભાવી. પાંચેક માસ પછી એટલે કે 2010માં અજયને માતાનું વાત્સલ્ય આપનારી સ્નેહાળ માતા પણ મળી તે સ્નેહલ. જલદીપનાં લગ્ન સ્નેહલ સાથે થયાં. એમએ, બીએડ થયેલી જીવનસાથીના વીચારો જલદીપના વીચારો પ્રમાણે મળ્યા એટલે સોનામાં સુગંધ ભળી. આજે તો આ પરીવાર ગ્રામપંચાયતના બાલમંદીરમાં રહે છે. તેમનું ઘર એટલે ગામનું સાર્વજનીક ઘર. આખો દીવસ બાળકો આવતાં રહે. વાંચે, લખે, રમતાં રમતાં સુઈ જાય. સ્નેહલ-જલદીપના નાનકડા દીકરા સત્ત્વને રમાડે. ગામમાં ઘરે ઘરે જઈ સફાઈ અને સ્વચ્છતાની વાત સમજાવે. અભ્યાસ છોડી દેતાં બાળકોને અને માતાપીતાને સમજાવી વીદ્યાર્થીઓને ફરી શાળાએ જતાં કરવા, ગામનાં બાળકોને શાળાના શીક્ષકોને સહયોગમાં રાખી પ્રવાસે લઈ જવાં, ગામમાં પ્રાથમીક શાળા સુધી અભ્યાસની સુવીધા, પણ આગળ અભ્યાસ કરવા ઈચ્છતા વીદ્યાર્થીઓને માઢી હાઈ સ્કુલ જવા માટે સાઈકલની વ્યવસ્થા કરી આપવી, બાળકોને ગુટકા-સોપારી-તમાકુના વ્યસનમાંથી મુક્ત કરવા, ગામની બીમાર માંદી વ્યક્તીઓને સારવાર કરાવવા નજીકની હોસ્પીટલે લઈ જવી અને દવાખાનામાં દાખલ કરાવવી. ડૉક્ટરને મળી ફી માફ કરાવવી જેવાં કામો આ દંપતી કરી રહ્યું છે. તેમના આરોગ્યના કામમાં વીસનગરની જ્યોતી હોસ્પીટલ અને ડૉક્ટર મીહીરભાઈ જોશીનો, સર્વોદય આશ્રમ, માઢીના દવાખાનાનો અને વસંતભાઈ શાહનો સારો સહયોગ મળે છે.

આ ઉપરાંત નાનકડું પુસ્તકાલય છે, જેનો બાળકો અને ગામના મોટેરાંઓ ઉપયોગ કરે છે. ગામનો પીતાવીહોણો જીતેન્દ્ર સાઈકલ રીપેરીંગ સેન્ટર સંભાળે છે. માઢી આશ્રમે આપેલા ચાર અંબર ચરખા દ્વારા ગામનાં બાળકો કાંતતાં શીખે છે અને કાંતણકામ કરે છે. સાંધ્યશાળામાં બાળકોને વાંચન, લેખન, ગણન, ચીત્રકામ, વાર્તા, ગીત, રમકડાંથી રમત રમાડવી, વ્યક્તીગત સફાઈની સમજ આપવી, દાંતસફાઈ, નખ કાપવા, વાળ ઓળાવવા જેવી પ્રવૃત્તી પછી નાસ્તાનું વીતરણ કરવા જેવી નીયમીત પ્રવૃત્તી તેમના ઘરે ચાલતી રહે છે.

મહીલા ઉત્કર્ષ માટે બચત મંડળ - સ્વસહાય જુથ ચાલે છે, જેમાં 20 મહીલાઓ હતી તેમાં આજે 72 મહીલાઓ જોડાઈ છે. ગામમાં વીસેક વર્ષ પહેલાં દુધ સહકારી મંડળી

ચાલતી હતી, પણ ગેરવહીવટના કારણે બંધ થઈ ગયેલી, જેને એક વર્ષ પહેલાં ફરી ચાલુ કરી અને ગામની યુવતી જયાને તેનું સંચાલન સોંપાયું છે. રુપીયા સવા દસ લાખમાં મંડળીનું નવું મકાન બંધાયું છે. છ કેનમાંથી આજે પંદર કેન દુધની આવક થઈ છે. બચત મંડળની મહીલાઓને પ્રવાસે લઈ જવાય છે. આ જ પ્રમાણે સસ્તા અનાજની બંધ પડેલી દુકાન પણ મામલતદારને મળીને ચાલુ કરાવી છે. ગ્રામસફાઈ માટે ગામના જ યુવકોની બે ટુકડીઓ બનાવેલી છે, જેઓ દીવસે કામધંધે જાય અને રાત્રે સફાઈકામ કરે. ગામમાં ઘરે ઘરે 98 ટકા શૌચાલયનું કાર્ય પુરું થયું છે અને લોકો તેનો ઉપયોગ કરતા થયા છે.

ગ્રામશીલ્પીની યોજનામાં તો બે વર્ષ આર્થીક મદદ મળે. હવે કઈ રીતે ઘરસંસાર અને આ બધી પ્રવૃત્તી ચાલે છે ? આ પ્રશ્નના જવાબમાં જલદીપે જણાવેલું કે માસીક આઠેક હજાર રુપીયાની જરુરત રહે છે. ગુજરાત વીદ્યાપીઠના પ્રાધ્યાપકોની ટીમ, માઢીના વસંતદાદા અને ડૉ. મીહીરભાઈ જોશી તરફથી આર્થીક સહયોગ મળતો રહે છે. ગ્રામ મેનેજમેન્ટના અભ્યાસને ખરેખર જલદીપે સાર્થક કરી બતાવ્યો. આપણા ગુજરાતમાં અભાવગ્રસ્ત ઘણાં ગામો હશે. આવા ગામને જલદીપ જેવા કર્મશીલ યુવકો મળી જાય તો ? ગાંધીજીના ગ્રામસ્વરાજનું સ્વપ્ન સાકાર થાય.

[સૌજન્ય : **'ગુજરાત ટાઈમ્સ'**, નડીયાદ, તા. 20-12-2016]

❑

# નવું વાચન

***The World of My Dream : Nanubhai Naik**, ભાષાંતર : વીજય અરવીંદરાય વ્યાસ, પ્રકાશક : સાહીત્ય સંગમ, પંચોલી વાડી સામે, બાવાસીદી, ગોપીપુરા, સુરત-395001, મુલ્ય : રૂ. 500, પાકું પુંઠું. રૂ. 750.*




આ દળદાર ગ્રંથ 'મારા સપનાનું વીશ્વ' શીર્ષકથી ગુજરાતીમાં આ અગાઉ પ્રસીદ્ધ થયો છે અને તે વીશે વીસ્તૃતપણે 'નયા માર્ગ'ના ત્રણ પૃષ્ઠમાં છપાયું છે. તેમાં અન્ય લેખકો-ચીંતકોનાં અભીપ્રાયો, સાંપ્રત સમસ્યાઓ વીશે લેખકનું ચીંતન, અંતમાં ગાંધીજી - જયપ્રકાશજી, વીવેકાનંદને સ્મરીને લખાયેલી પીટર સીગરની કવીતા વગેરે અંગે નુક્તેચીની કરી હતી. લેખકે ભાવી વીશ્વની બ્લ્યુ પ્રીન્ટ રુપે આ મુસદ્દો રજુ કર્યો છે તે હવે અંગ્રેજીમાં પણ ઉપલબ્ધ થાય છે. આવું ગંજાવર કામ લેખકે એકલે હાથે કર્યું છે અને તેને વૈશ્વીક રીડરશીપ પણ હવે મળી છે તેથી એમાં ઉપસ્થીત કરવામાં આવેલા મુદ્દાઓ અંગે ઠેર ઠેર વલોણું થાય અને અંતે નવનીત સાંપડે એવી શુભેચ્છાઓ !

***વૈશ્વીક લોકશાહીની અવદશા કોણે કરી ?** : નાનુભાઈ નાયક, પ્રકાશક : સાહીત્ય સંગમ (સરનામું - ઉપર મુજબ), મુલ્ય : રૂ. 50.*



આ પુસ્તકના દરેક પાને લેખકની લોકશાહી રાજ્ય વ્યવસ્થા અંગેની ચીંતા વ્યક્ત થાય છે. 88 પૃષ્ઠનાં આ પુસ્તકમાંથી શરુઆતના 56 પૃષ્ઠમાં દેશવીદેશમાં થયેલા સત્તાપલટા અંગે અને પછી કથળતી જતી વૈશ્વીક પરીસ્થીતી વીશેનું ચીંતન વ્યક્ત થયું છે. વળી, પરીશીષ્ટ- 4માં 'યુનો'પણામાંથી મુક્ત થઈને 'World Peoples Organisation' સ્થાપવાનું પરીશીષ્ટ-4માં સુચન કરાયું છે. આ અંક વાચકોના હાથમાં જશે ત્યાં સુધીમાં અમેરીકન પ્રમુખ તરીકે ડોનાલ્ડ ટ્રમ્પની શપથવીધી થઈ ચુકી હશે. ટ્રમ્પે પણ 'યુનો' અંગે બળાપો ઠાલવ્યો છે, જો કે એમને તો અમેરીકાની સર્વોપરીતા સ્થાપવી છે... પુસ્તકના અંતે અપાયેલાં બે અવતરણો રસપ્રદ છે :

• આપણે ભાઈભાઈની જેમ સૌએ સાથે જીવતાં શીખવું પડશે, અથવા મુર્ખની જેમ સૌએ સાથે મરવું પડશે.

**- માર્ટીન લ્યુથર**

• રાષ્ટ્રવાદ એ અર્વાચીન યુગનો સૌથી ભયાવહ દુર્ગુણ છે, જે પીધેલપણું કે કેફી દ્રવ્યોના સેવનથી, અથવા તો વેપારક્ષેત્રની અપ્રામાણીકતાથી પણ ઘણો વધુ વીનાશક દુર્ગુણ છે.

**- બર્ટ્રાન્ડ રસેલ**

*ઉઠ, જાગ મુસાફીર !* *લેખક-પ્રકાશક : પ્રી. અમીચંદભાઈ શા. પટેલ 'અ', પ્રાપ્તીસ્થાન : કુસુમ પ્રકાશન, 222, સર્વોદય કોમર્શીયલ સેન્ટર, જીપીઓ પાસે, રીલીફ સીનેમાના ખાંચામાં, અમદાવાદ 380001, કીમત : રૂ. 100.*




21 પ્રકરણની આ પુસ્તીકામાં દરેક પ્રકરણ કાવ્ય-કણીકાઓ, સુવાક્યો, સંતોની વાણીથી સભર છે. જાણીતા સાહીત્યકાર - ચીંતક - વીવેચક ડૉ. બહેચરભાઈ પટેલે પ્રસ્તાવનામાં નોંધ્યું છે.

"સમગ્રતયા જોતાં લેખક વ્યાપક અર્થમાં શીક્ષક અને ઉપદેશક છે. તેઓ 'સત્-ચીત્-આનંદ' અને 'સત્યમ્, શીવમ્, સુંદરમ્'ના ઉપાસક અને ઉપદેશક છે. તેમના ચીંતનાત્મક નીબંધો સદ્વીચારનો સંચય છે. જીવનપાથેય બની રહે એવું આ ચીંતન સુભાષીતો, કાવ્ય-કણીકાઓ સુવાક્યોથી સુશોભીત છે. એમાં જગતભરના ચીંતકોનો પ્રસાદ છે, સંતસાહીત્ય- લોકસાહીત્યનું લાવણ્ય છે..."

જાણીતા સાહીત્યકાર રાધેશ્યામ શર્માએ 'સાક્ષરજન તો...'માં લખ્યું છે :

"79 પાર કરી ચુકેલા આચાર્ય નોકરીમાંથી ભલે 'રીટાયર' થયા પણ વીધાયક દૃષ્ટીકોણના પ્રચારક વીચારકરુપે 'ટાયર્ડ' થયા નથી ! સદસ્ય, સલાહકાર, નીષ્ણાત, નૈતીક પ્રવચનકાર, માર્ગદર્શક રુપે તે સતત શૈક્ષણીક તેમજ સામાજીકક્ષેત્રે પુર્વવત્ હજુ પણ હીંમતભેર વીભીન્ન રોલમાં સેવા આપી રહ્યા છે. એમનું સાક્ષરત્વ અક્ષરની આલમથી અધીક રોજબરોજના કાર્યક્ષેત્રે જીવતું જાગતું રહ્યું છે."

જીવનને ઉર્ધ્વગામી બનાવે એ માટે વીચાર અને કાર્ય કરવા પ્રેરતી પુસ્તીકા.

***ગાંધીજીના જીવનપ્રસંગો :*** *મીસીસ મીલી ગ્રેહામ પોલાક, અનુવાદક : ચંદ્રશંકર પ્રાણશંકર શુક્લ, યજ્ઞ પ્રકાશન, ભુમીપુત્ર હુજરાતપાગા, વડોદરા-390001, મુલ્ય : રૂ. 70.*

દક્ષીણ આફ્રીકામાં ગાંધીજી સાથે (1905-1914) રહેલાં




પોલાક દંપતીમાંનાં મીસીસ મીલી ગ્રેહામ પોલાકના પુસ્તક 'Mr. Gandhi : The Man'નો અનુવાદ અહીં ઉપલબ્ધ થયો છે. અગાઉ બે આવૃત્તી અક્ષર ભારતી પ્રકાશન દ્વારા પ્રગટ થઈ છે, જેનું પુન:મુદ્રણ અહીં થયું છે. [પુસ્તકના મુખ્ય પૃષ્ઠ અને પછી દરેક પાને 'ગાંધીજીના જીવનપ્રસંગ' છપાયું છે; જ્યારે ટાઈટલ પર બહુવચન હોવાથી અહીં તે રીતે ઉલ્લેખ કર્યો છે.] ગાંધીજીની આત્મકથા, દક્ષીણ આફ્રીકાના સત્યાગ્રહનો ઈતીહાસ, પુર્ણાહુતીના ચાર ખંડોની જેમ આ પુસ્તક પણ ગાંધીજીને સમજવા સારુ અનીવાર્ય વાચન ગણાય એવું છે. પુસ્તકના આરંભે 'હરખ હરખ જસ ગાયો' શીર્ષકથી રમેશભાઈ સંઘવીએ લખેલા લખાણમાં એક સરસ મુદ્દો ઉપસાવ્યો છે :

"આ કથા એક નીત્યનીરંતર વીકસતા એક મનુષ્યની છે. પ્રત્યેકમાં આ સંભાવના છે તેની જ આ કથા છે. લેખીકા કહે છે : 'તેઓ (ગાંધીજી) જે ફીલસુફી આ કાળે શીખવતા હતા, તેનો પોતાના જીવનમાં અમલ કરતા હતા.' અને આ જ એ વાત છે કે જેથી ગાંધીજી 'મહાત્મા' બની શક્યા. લેખીકા ગાંધીજીના દક્ષીણ આફ્રીકામાં જેલ જવાના સંદર્ભમાં લખે છે, કારણ કે દક્ષીણ આફ્રીકાના સત્યાગ્રહ દરમ્યાન તેમનું જેલ જવાનું બનતું રહેલું. 'જેલમાં વાતાવરણ હીન હતું અને તેમને શરુઆતમાં સખત મજુરી આપવામાં આવેલી, છતાં ત્યાંની શાંતીમાં તેમનો આત્મા વીકાસ પામતો ગયો ! તેમણે વીચાર ને ચીંતા ન કરીને પોતાની દૃષ્ટી અધીક નીર્મળ, પારદર્શી અને તલસ્પર્શી બનાવી. જ્યારે જ્યારે તેઓ બહારની દુનીયામાં પાછા આવતા ત્યારે એમ લાગતું કે જાણે જેલના એકાંતવાસમાં તેમનામાં કંઈક અકળ વીકાસ થવા પામ્યો છે.'

ગાંધીપ્રેમીઓએ આ પુસ્તક વાંચવું-વસાવવું રહ્યું.

***બાલસાહીત્ય મંથન :*** *યશવન્ત મહેતા, ગુર્જર પ્રકાશન, રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-380001, મુલ્ય : રૂ. 100.*

'નયા માર્ગ'ના ચાહકો માટે યશવન્ત મહેતા એક સુપરીચીત લેખક છે. કોડીબંધ નવલકથાઓ, સેંકડો




રહસ્યકથાઓ અને અન્ય વાર્તાઓ, વીજ્ઞાન સંબંધી પુસ્તકોથી લઈને વીવીધક્ષેત્રના મહાનુભાવોનાં જીવનચરીત્રો એમને નામે બોલે છે. જોકે ઉત્તરાવસ્થામાં પુન: બાળસાહીત્યને મહત્ત્વ આપીને તે અંગેની અકાદમી પણ સ્થાપી છે. પ્રકાશકીયમાં નોંધાયું છે તેમ -

'આવી સુદીર્ઘ લેખન-સંપાદનની કારકીર્દીને પ્રતાપે બાળસાહીત્ય વીશેની એમની સમજણ પણ ઠીક ઠીક સંમાર્જીત બની હોય. વીવીધ પ્રસંગે પ્રવચનો લેખે એ સમજણ વ્યક્ત પણ થઈ હોય. ક્યારેક કોઈકે કાંઈક લખાવ્યું હોય. આવા લેખનનો રાશી વીપુલ છે (એમના બાળસાહીત્યની જેમ !) એ વીપુલ લેખનમાંથી કેટલાક લેખ અહીં પ્રસ્તુત કર્યા છે. બાળકો માટે લખનારા

અને સાહીત્યના અભ્યાસીઓ તથા વીદ્યાર્થીઓ અને એકંદરે સાહીત્યમાં રસ લેનારા સૌને આ ઉપયોગી બનશે.

## સાભાર સ્વીકાર :

**'સત્યના પ્રયોગો'માં મહાત્મા ગાંધી :** લેખક-નાનુભાઈ નાયક, પ્રકાશક : સાહીત્ય સંગમ (સરનામું ઉપર જણાવ્યું છે), મુલ્ય : રૂ. 20.

**પોલીસ : જનતાની મીત્ર :** લેખક-સાગર રબારી, યજ્ઞ પ્રકાશન (સરનામું ઉપર જણાવ્યું છે) મુલ્ય : રૂ. 10.

**અધુરો માળો** (વાર્તાસંગ્રહ) : હરીત પંડ્યા, ગુર્જર (સરનામું ઉપર જણાવ્યું છે), મુલ્ય : રૂ. 200.

**મોંઘો માણસનો અવતાર... :** ડૉ. જગદીપ કાકડીયા, ગુર્જર (સરનામું ઉપર જણાવ્યું છે), મુલ્ય : રૂ. 150. (સત્ય ઘટનાઓ આધારીત વાર્તાઓ).

**બાળગીતોમાં વાર્તા** (રસ-લહાણી કરતાં બાળકથા ગીતો) : ગીરીશ પરીખ, પ્રકાશક : સાહીત્ય સંગમ (સરનામું ઉપર જણાવ્યું છે), મુલ્ય : રૂ. 70

**બાગબાન :** લેખક / પ્રકાશક : અબ્દુલ લતીફ ઈ. ભટ્ટી, ખોજા ચકલા, જામનગર-361001, મુલ્ય : રૂ. 10.

**વૈદીક વીચાર સાગર :** ગંગાપ્રસાદ ઉપાધ્યાય, અનુવાદક : હસમુખ પરમાર, પ્રકાશક : આર્યસમાજ, ત્રણ હાટડી, ટંકારા, જી. મોરબી, મુલ્ય : રૂ. 20. (મુખ્ય વીતરક - આર્યસમાજ, નવા ડેરા, ભરુચ-392001)

**અખતરા નામે ખતરો ! :** કપીલ શાહ, જતન (સજીવ ખેતી માટેનું મીશન) વીનોબા આશ્રમ, ગોત્રી, વડોદરા-390021, મુલ્ય : રૂ. 10.

**Development Planning and `Urban' Context : Reflections on the Indian Scene :** Biswaroop Das, Published by : Centre for Social Studies, Veer Narmad South Gujarat University Campus, Udhna - Magdalla, Surat-395007, Price : Rs. 60.

❑

# સત્તાધારી પક્ષની માનસીકતા

## પ્રો. અશ્વીનકુમાર ન. કારીઆ

**ભારતમાં જ નહીં, પરંતુ વીશ્વના અનેક દેશોમાં સત્તાધારી પક્ષ અને વીરોધ પક્ષ વચ્ચે એકબીજા પર દોષારોપણનો ક્રમ ચાલતો હોય છે. અમેરીકાની ગત ચુંટણીમાં આ દૃશ્ય જોવા મળ્યું હતું. ટ્રમ્પ અને હીલેરી ક્લીન્ટન એકબીજા સામે નીચી હદે આ યુદ્ધમાં જાણ્યે અજાણ્યે જોતરાઈ ગયા હતા. અમેરીકાની ચુંટણીમાં આટલી હદે આક્ષેપબાજી કદાચ પ્રથમવાર જ થઈ હોવાનું નીષ્ણાતો માને છે. ભારતમાં આજથી અઢી વર્ષ પુર્વે ભાજપે સત્તાગ્રહણ કરી ત્યારથી એ અનુભવાઈ રહ્યું છે કે સત્તાધારી પક્ષની નીતી સાથે અસંમતી રાષ્ટ્રવીરોધી અને પાકીસ્તાનતરફી ગણાય છે.**

રાહુલ ગાંધીએ સંસદ બહાર વડાપ્રધાનની ટીકા કરતા એમ કહ્યું હતું કે વડાપ્રધાન સંસદ બહાર જાહેર સભાઓમાં નોટબંધી વીશે નીવેદનો કરે છે, પરંતુ સંસદમાં ચર્ચા કરવા કે જવાબ આપવા તૈયાર થતા નથી. 10 ડીસે. ગુજરાતમાં ડીસા ખાતે જાહેરસભાને સંબોધતા વડાપ્રધાને કહ્યું કે વીરોધ પક્ષો મને સંસદમાં બોલવા દેતા નથી અને તેથી મારે જાહેર સભાઓમાં બોલવું પડે છે. (કોમેન્ટ : બંધારણ પ્રમાણે દેશના વડાપ્રધાન વીશાળ સત્તાઓ ધરાવે છે. જો તેઓ પોતે સંસદમાં સત્તા ભોગવવા સામે પોતાની લાચારી જાહેર કરતા હોય, તો આમઆદમી સાથે સંબંધીત તંત્રો કેવો વ્યવહાર કરતા હશે ?) તાજેતરમાં વારાણસી ખાતે જાહેરસભામાં આપણા વડાપ્રધાને વીધાન કર્યું કે નોટબંધીનો વીરોધ કરનારાઓ ભ્રષ્ટાચારી તત્ત્વો અને પાકીસ્તાનમાં ફુલી રહેલ આતંકવાદી પ્રવૃત્તીનું સમર્થન કરે છે. આની શરુઆત તો 2014ની ચુંટણી પ્રચાર દરમ્યાન બીહાર ભાજપ નેતા ગીરીરાજસીંગે એમ કહીને કરી હતી કે મોદીની ઉમેદવારી સામે જેમને વાંધો હોય તેમણે પાકીસ્તાન ચાલ્યા જવું જોઈએ. પક્ષ પ્રમુખ અમીત શાહે કહેલ કે જો ભાજપ હારશે તો સરહદ પાર ફટાકડા ફુટશે. એક પ્રધાન મુખ્તાર અબ્બાસ નકવીએ તો કહી દીધું કે માંસ ખાવું હોય તો તેમણે પાકીસ્તાન જવું જોઈએ. જાણીતા અભીનેતા આમીર ખાને જ્યારે દેશમાં વધતી અસહીષ્ણુતા પરત્વે પોતાની ચીંતા પ્રગટ કરી ત્યારે સાંસદ યોગી આદીત્યનાથે આ અભીનેતાને પાકીસ્તાન રહેવા જવા સલાહ આપી હતી. આનો સંદેશ એક જ છે કે બહુમતી ધરાવતો સત્તાધારી પક્ષ અસલામતી અને તનાવ અનુભવી રહ્યો છે. પોતાના તમામ વીરોધીઓને રાષ્ટ્રવીરોધી લેબલ લગાડવામાં સત્તાધારી પક્ષ જ પોતાની ગરીમા ગુમાવી રહ્યો છે.

અત્યારે તો એવું જણાય છે કે સત્તાધારી પક્ષ અને વીરોધ પક્ષો વચ્ચેના સંબંધો અબોલાના અંતીમ તબક્કા તરફ છે. GST ખરડો પસાર કરવાના સમયે સત્તાધારી પક્ષે કોંગ્રેસ અને અન્ય પક્ષો સાથે સંવાદની પહેલ કરી હતી અને તે ખરડો પસાર થઈ શક્યો હતો. મુદ્દો એ જ રીતે સર્જીકલ સ્ટ્રાઈકનો હોય કે નોટબંધીનો, સરકારે પસંદ કરેલ વીકલ્પો પર સંસદમાં વીરોધપક્ષ સહીત અન્ય પક્ષોના સાંસદોનાં મંતવ્યો જાણવા માટે ચર્ચા યોજાવી જોઈએ. સત્તાધારી પક્ષ માત્ર વીરોધ પક્ષ પર દોષારોપણ ઓઢાડી, લાચારી પ્રગટ કરી હાથ જોડી બેસી રહે તે સત્તાધારી પક્ષ માટે શોભાસ્પદ નથી. જો સરકાર લશ્કરનાં માધ્યમથી પાકીસ્તાનના કબજા હેઠળના વીસ્તાર પર સર્જીકલ સ્ટ્રાઈક કરી શકે, કાળું નાણું બહાર લાવવા અને ભ્રષ્ટાચાર પર અંકુશ લાવવા, દેશની સામાન્ય જનતાને દીવસો સુધી કતારમાં ઉભી રાખી હેરાન-પરેશાન કરતી નોટબંધી જાહેર કરી શકે તો એ જ સરકાર પોતાની બહુમતી સાથે સંસદમાં પોતાનું ધાર્યું પરીણામ નીપજાવી ન શકે ? ❑

# ખેડુત વેદનાયાત્રા :
## વચનભંગ થશે તો ખેડુતો સત્તા પરીવર્તનનું શસ્ત્ર ઉગામશે...

ગુજરાત ખેડુત સમાજ પ્રેરીત વેદનાયાત્રાના 460 કી.મી. પૈકી 450 કી.મી. અંતર પગપાળા કાપી મહામંત્રી સાગર રબારી અને ટ્રસ્ટી પીનાકીન ધામેલીયા સાથે ગીર, જુનાગઢ, રાજકોટ, ભાવનગર, બોટાદ, સુરેન્દ્રનગર, અમદાવાદ, બનાસકાંઠા, અરવલ્લી અને સુરત તથા બારડોલી જીલ્લાના મળી 1800-2000 જેટલાં ખેડુત આગેવાનો જોડાયા હતા. શાંતીપુર્વક હારબંધ ચાલી રહેલી ખેડુત વેદનાયાત્રાને તારાપુર ગામ પછી પોલીસે રોકી. તા. બીજી જાન્યુઆરીએ મુખ્યમંત્રીનો સમય મેળવી પ્રતીનીધીમંડળ સાથે મુલાકાતની ખાતરી આપી હતી. વીડંબણા છે કે ખેડુતોની જમીન અને પાણી ઓળવી જવા માટે યોજાતા વાઈબ્રન્ટ ઉત્સવમાં સરકારના તમામ સીનીયર હોદ્દેદારો એટલા વ્યસ્ત છે કે એમને ખેડુતોને મળવાનો કે એમની વાત સાંભળવાનો વખત સુધ્ધાં નથી.

જો આગામી 3-4 દીવસમાં મુખ્યમંત્રીશ્રીનો સમય ફાળવી ખેડુતોના મુદ્દે મુલાકાત ગોઠવાતી હોય તો, આવેદનપત્ર આપવામાં વાંધો નહોતો. ખેડુતો પોતાના સવાલોનો સકારાત્મક ઉકેલ ઈચ્છે છે; શાંતીપુર્વક, લોકશાહી ઢબે વાટાઘાટો દ્વારા ઈચ્છે છે તેની પ્રતીતીરુપે સકારાત્મક વલણ અપનાવી આવેદનપત્ર આપી, પોતાની વાતની રજુઆત કરી ખેડુતો શાંતીપુર્વક વીખેરાયા હતા.

સરકારી દરખાસ્તને સકારાત્મક રીતે લેવા સાથે ખેડુતોમાં એ પણ ચીંતા છે કે ભુતકાળમાં અનેક માઠાં અનુભવો પછી ફરી એકવાર જો સરકાર બોલેલું ના પાળે અને મુલાકાત દ્વારા ખેડુતોના સવાલોનું સમાધાન ના થાય તો શું ? આ ચીંતા ખેડુતોમાં છે, છતાં સરકારી પ્રતીનીધીના બોલ પર વીશ્વાસ રાખવો એ લોકશાહીનો પાયો છે.

ખેડુતોએ પોતાના પ્રશ્નોના ઉકેલ માટે અત્યાર સુધી તમામ લોકશાહી ઢબના પ્રયત્નો- રેલીઓ, ધરણાં, પ્રદર્શનો, પદયાત્રાઓ સહીત - કર્યાં છે. છતાં, જો સરકાર વચન ના પાળે તો શું ?

સરકાર જો વચનભંગ કરે તો હવે લોકશાહીનું આખરી શસ્ત્ર - મતનો ઉપયોગ -ખેડુતો ઉગામશે. ખેડુત આગેવાનો જીલ્લાવાર સઘન પ્રવાસ કરી ખેડુતોના સવાલો પ્રત્યે સરકારી ઉપેક્ષાના દાખલાઓ અને વચનભંગનો સીલસીલો રજુ કરી ‘કાળા ચોરને મત આપવો પણ ખેડુતો અને ખેતીનું સત્યાનાશ વાળનારા, ખેડુતોનું વારંવાર અપમાન કરનારા હાલના સત્તાધારી પક્ષને હરગીજ નહીં’... ‘હાલના સત્તાધારી પક્ષને ચુંટણી પ્રચાર માટે ગામમાં પ્રવેશની મનાઈ ફરમાવવી’ સહીતના કાર્યક્રમો ચલાવાશે. સત્તાના મદમાં અંધ બનેલી સરકારનાં મુળીયાં ઉખાડવાના કામે લાગવા સીવાયનો કોઈ લોકશાહી વીકલ્પ ખેડુતો પાસે બચતો નથી. ખેડુતો એડીચોટીનું જોર લગાવી આ વીકલ્પ અજમાવશે અને ભુતકાળમાં કરેલાં સત્તા પરીવર્તનોની જેમ જ આગામી 2017ની ચુંટણીમાં ખેડુતો, ખેતમજુરો અને માલધારી સહીતની ગ્રામીણ જનતા સત્તા પરીવર્તનનું માધ્યમ બનશે એવા સંકલ્પ સાથે ખેડુતો વીખેરાયા.

– **સાગર રબારી**, મહામંત્રી ખેડુત સમાજ - ગુજરાત

❑

# પત્ર-સાર

ગુજરાતમાં રેશનાલીસ્ટ ચળવળના અગ્રગણ્ય રાહબર અને સુરત ‘સત્યશોધક સભા’ના પ્રમુખ આદરણીય બાબુભાઈ દેસાઈના અવસાનના સમાચાર જાણી અમે સસૈ દુ:ખ અનુભવીએ છીએ. ગુજરાતમાં... સુરતની ‘સત્યશોધક સભા’નું નામ રેશનાલીસ્ટ ચળવળમાં સુવર્ણ અક્ષરે લખી શકાય - તેની પાછળ બાબુભાઈનો અખંડ પુરુષાર્થ રહેલો છે. સમાજમાં ધર્મના નામે અંધશ્રદ્ધા અને વહેમે ભરડો લીધો છે. પરીણામે માનવીય મુલ્યો, સદ્‌ગુણો અને નૈતીકતાનું ધોવાણ થઈ રહ્યું હોય ત્યારે, સામા પ્રવાહે બાથ ભીડવાનું કામ બાબુભાઈ જેવા વીરલા જ કરી શકે.

સેવા રુરલ પરીવાર આ ‘મુઠ્ઠી ઉંચેરા દેશભક્તો’ને પ્રણામ કરે છે.

– **બંકીમ શેઠ**

[સેવારુરલ, ઝઘડીયા, જી. ભરુચ-393110]

*

હમણાં હમણાં કોઈ પણ મીડીયા પછી તે આકાશવાણી, દુરદર્શન

હોય કે દૈનીક હોય એમાંથી સુરુચીપુર્ણ સમાચારો કે જે તે જગ્યાએ આવતા દા.ત. લોકગીતો, કવીતાઓ વગેરે લોકભોગ્ય બાબતો જોવા મળતા નથી. તેને બદલે કેન્દ્ર સરકારની કે કેટલાક રાજ્યોની ભાટાઈ જણાય છે. ઓચીંતાનું નજરે ચઢે છે : (1) વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ‘મન કી બાત’ છેલ્લા રવીવારે દીલથી દીલ મળે એ રીતે છે તો 1922 ઉપર ફોન કરો, સુચનો કરો અથવા તેમના નામજોગ સંદેશાઓ મોકલો. (2) બે વર્ષની એન.ડી.એ. સરકારની વીકાસયાત્રામાં દેશ-પરદેશની સતત મુલાકાતો અને ફલશ્રુતી પ્રધાનમંત્રી વગેરેએ કરી તેની ગણતરી આવે. (3) પ્રવેશોત્સવ, જનધન યોજના, બેટી બચાવો ભણાવો, હમણાં હમણાં તો નોટોની મુશ્કેલીઓ ‘સૌને ખુબ સુખ આપશે’, ‘ભવીષ્યમાં રાહ જુઓ’; (4) ઉત્તરપ્રદેશ અને એવા રાજ્યો હડપ કરવા માટે ચીંતન બેઠકો. આવું બધું સાંભળી-વાંચી અને એક નાનકડી વાર્તા યાદ આવે છે : એક રાજ્યમાં કોઈને નાના બાળકો રમે તે કોડી અને કોઈ એક વ્યક્તીની સોનાની મહોર જડી. તેણે તે રાજ્યમાં જમા કરાવી જેથી રાજાએ તેના માણસને મોકલી માલીકને શોધવા બુમ પાડવા કહ્યું અને સુચના આપી કે ‘કીસી કી કૉડી’, એ મોટા અવાજે બોલવું અને ‘કીસી કી મહૉર’ એ ધીમા અવાજે બોલવું. જેથી કોડીનો માલીક આવશે અને મહોરનો માલીક કોઈ થશે નહીં. આમ, સરકારો પણ આ પ્રકારની જાહેરાતો કરી પ્રજાને ઓછા મુલ્યની ભેટ ધરે છે.

**– બુદ્ધીધન ત્રીવેદી**

[10/102, પુજન એપા., વાસણા, અમદાવાદ-380007]

*

રીઝર્વ બેંક, હવાઈમથક, સંસદભવન, વીધાનસભા, રેલવે સ્ટેશન, મહાનગરપાલીકા સહીત તમામ સરકારી - અર્ધસરકારી જગ્યાઓએ કર્મચારીઓ - પ્રવાસીઓ - ગ્રાહકો - પ્રેક્ષકો સહીતના નાગરીકોને અવરજવર કરવા માટે આધારલીન્ક એન્ટ્રી પાસ હોય તો જ પ્રવેશ અપાય; જેનાથી સુરક્ષામાં વધારો થાય.

**– જીતેન્દ્ર બ્રહ્મભટ્ટ**

[અમદાવાદ (મો) 89800 03681]

*

દેશમાં 80 લાખ બાવાઓ, કથાકારો સમાજ માટે ભાર રુપ છે; જેઓ સાવ મફત-હરામનું ખાય છે અને તાગડધીન્ના કરે છે. આ પરજીવીઓ પ્રજા-સમાજ-દેશને પરલોકના નક્કામા, ફોગટ અને આધાર વીનાના પાટે ચડાવી ઈહલોકમાં સુખી થવા માટે જરુરી પ્રામાણીકતા, નીતી, નીષ્ઠા, સમાનતા, ન્યાય, માનવતા, પ્રેમ, ભાઈચારો, સંતોષ અને સમાધાન જેવા સદ્ગુણો - જે ખરો ધર્મ છે તેને વીકસવા કે ધારણ કરવા દેતા નથી. આ બાવાઓ છાતી ઠોકીને કહે છે, કથાના સનકી કથાકારો બરાડા પાડી પાડીને કહે છે, ‘માનવી છીએ ! ખોટું થઈ જાય, પાપ, અન્યાય થઈ જાય, શોષણ પણ થઈ જાય... આપણે દેવ નથી. પાપ, અન્યાય વગેરેમાંથી છુટવા માટે હરી-રામ નામ સ્મરણ કરો. સાત જન્મોના પાપ ધોવાઈ - માફ થઈ જાય. મંદીરો - આશ્રમોમાં દાન કરો, સાધુ-સંતોની સેવા કરો, કથાઓ બેસાડો, યજ્ઞો કરો... પાપ નાશ પામે અને પુણ્ય પ્રાપ્ત થાય, વૈકુંઠમાં વાસ થાય.’

આથી સામાન્યથી અસામાન્ય માનવીને પાપ, શોષણ, અન્યાય અનીતી કરવાનો ઉઘાડો પરવાનો મળી જાય છે. જેઓના હાથમાં કશું જ નથી તેઓનું શોષણ થાય છે. શોષણ કરનાર અઢળક શોષણ કરે અને અમથું થોડુંક દાન કરે. પાપ નાશ ! બાવા ખુશ, કથાકારોને આનંદ !

આ 80 લાખ પરજીવીઓમાં એક પરજીવી રોજના ફક્ત એકસો રુપીયા સમાજ પાસેથી પડાવી લઈ પોતા માટે ખર્ચ કરે તો (આ ખર્ચ ઓછામાં ઓછો છે) રોજના એંસી કરોડ રુપીયા સમાજના સાવ નકામા બગડે છે. 20 લાખનું એક એવા 400 મકાન દરરોજ બની શકે. મહીને 1200 મકાન, વર્ષે 15000 જેટલા મકાન ગરીબોને મળી શકે. મંદીરો, ધર્મઉત્સવો, કથાઓ પાછળ થતા ખર્ચનો હીસાબ કરીએ અ...ધ...ધ... રુપીયા થાય ! આ શોષણનું સામ્રાજ્ય જે દેશોએ બંધ કરાવ્યું ત્યાં માનવી આપણાં કરતાં સુખી અને સ્વંતત્ર છે.

**– કાંતીલાલ છ. ભુત**

[રાજકોટ (મો) 98985 17718]

❑

# નોટો વીનાનો સમાજ મોટું સંકટ લાવશે

હું મહાત્મા ગાંધીનો ચાહક છું. પણ એમનાં કેટલાંક વીચારો સમજાય તેવા નહોતા. 1909માં 'હીંદ સ્વરાજ'માં હોસ્પીટલો, રેલ્વે અને વકીલો (ખુદ પોતે એક વકીલ હોવા છતાં) વીરુદ્ધ લખીને એમણે આધુનીક યુગના એ પ્રતીકોના ભુક્કા બોલાવી દીધેલા. પણ એક વાત નોંધજો : આ અંગત અભીપ્રાયો છતાં, એમણે એક પણ વાર એવું સુચન નહોતું કર્યું કે રેલ્વે, હોસ્પીટલો અને વકીલો પર પ્રતીબંધ મુકાવો જોઈએ.

અત્યારે પણ એવો જ એક હાસ્યાસ્પદ વીચાર ફેલાયેલો છે કે, રોકડ નાણાં વાપરવામાં કાંઈક ખોટું છે અને એથી આપણે 'કેશલેશ' વ્યવસ્થા તરફ આગળ વધવું જોઈએ. આ મુર્ખાઈ છે. 'નોટ વગરનો સમાજ' ભારતમાં સંપર્ણ નીષ્ફળ નીવડશે. શા માટે, તે જુઓ :

એક તો, રોકડ વગરનું તંત્ર એટલે ખાનગીપણાનો અંત. તમે જે કાંઈ ખરીદશો કે નાણાંને ફેરબદલ કરશો, એ દરેક ક્રીયાનો, આંકડાનું એક માળખું પીછો કરતું રહેશે. એ માહીતી સરકાર મેળવશે - અરે, આવડત ધરાવતો કોઈ પણ માણસ એ માહીતી મેળવી શકશે - અને તમારી વીરુદ્ધ વાપરી શકશે. આપણા દેશમાં 'પ્રાઈવસી' માટેના કોઈ કાયદા નથી, અને કોમ્પ્યુટરમાં સંઘરેલી માહીતીનું રક્ષણ કરવું એ પણ એક મોટી ચીંતા છે - દર અઠવાડીયે આપણે એક યા બીજા મોટા 'હેકીંગ'નાં બનાવો વીશે વાંચીએ છીએ - દેશમાં કોંગ્રેસ પાર્ટીથી લઈને અમેરીકાની ડેમોક્રેટીક પાર્ટી સુધી.

બીજું, નાણાં વગરનો સમાજ એટલે વીચારભેદનો અંત. સરકાર તમારા વીશે એકઠી કરેલ માહીતીનો ઉપયોગ તમારી જ વીરુદ્ધ કરી શકશે. (તમે કોઈ ગુનો નહીં કર્યો હોય તો પણ તમને શરમીંદા કરી શકે એવું ઘણું હશે.) વધુમાં, કોઈ પણ દુશ્મનને એ લોકો એક જ ચાંપ દાબીને ગરીબ બનાવી શકશે. તમારું બેંકનું ખાતું સ્થીર કરી, તમારા કહેવાતા ગેરકૃત્યોની સરકાર તપાસ કરી શકશે.

સરકારના હાથમાં આ તાકાત છે, એ હકીકત વીરોધીઓને ધ્રુજાવી દેનારી છે. સરકારમાં બેઠેલાંઓ ભલે અત્યારે એના ગુણગાન ગાતા હોય, પણ બાજી ઝડપથી પલટી શકે છે, અને જ્યારે એ લોકો વીરોધ પક્ષમાં હશે, ત્યારે પોતાના વીરોધીઓને ખુદની ઉપર એવી સત્તા વાપરવા દેશે ?

ત્રીજું, સંપુર્ણ નોટબંધી વ્યક્તી-સ્વાતંત્ર્ય માટે જોખમી છે. નાણામાં તાકાત છે : પોતાના દારુડીયા પતીના વધેલા પૈસા બચાવતી ગૃહીણીને પુછો; પોતાની પથારી નીચે વર્ષો સુધી બચાવી રાખેલી નોટો - જે એને સ્વાયત્તતાનો અનુભવ કરાવે છે, એવી કોઈ ઘરડી માને પુછો. ભારત જેવા દેશમાં નોટબંધી સ્ત્રીઓને સૌથી વધુ અસર કરશે.

વીકાસ પામેલા દેશમાં નોટબંધી હોવી જરુરી છે, એ વાત એક દંતકથા સમાન છે. જર્મની જેવો દેશ, કે જે સરમુખત્યારશાહીના જોખમો જાણે છે, ત્યાં 80 ટકા લેવડદેવડ રોકડમાં થાય છે, કેમકે ત્યાંનો નાગરીક પોતાની સ્વતંત્રતા અને એકાંતનું રક્ષણ ઈચ્છે છે. અમેરીકામાં પણ 45 ટકા લેવડદેવડ રોકડથી થાય છે. એ વાત નોંધનીય છે કે જર્મની અને અમેરીકા પાસે હકીકતમાં નોટબંધી કરવા માટેનું બેંકીંગ અને વ્યાવસાયીક માળખું તૈયાર છે. ભારતમાં 60 કરોડ લોકો પાસે બેંકમાં ખાતા નથી. 20 ટકાથીયે ઓછા લોકો પાસે સ્માર્ટ ફોન છે, ઈન્ટરનેટ માટે જરુરી વ્યાપક સુક્ષ્મ દૃષ્ટી હોવા વીશે શંકા છે. વળી વીજળી પણ ક્યાં બધે પહોંચી છે !

અત્યારે તો સામાન્ય નાગરીક સાવધ બની ગયો છે, ને એનું કારણ પણ વાજબી છે. ડીજીટલ ચુકવણી કરવામાં વીનીમયનો ખર્ચ ચડે છે, અને ભારતીય બેંકો પર હવે કોણ વીશ્વાસ કરશે ? જબરદસ્તીથી લદાયેલ નાણાબંધીનો લાભ ગ્રાહકને મળવાનો નથી, પણ બેંકો અને ચુકવણા કરતી કંપનીઓને મળશે. ખરેખર, માનવજાતના ઈતીહાસમાં ગરીબોના ધનની તવંગરને સૌથી મોટી વહેંચણીનો આ બનાવ હશે.

ભાજપ ખુદ રોકડ ફંડ સ્વીકારવાનું ચાલુ રાખે છે અને એની શરતો, વચનો બદલાતા રહે છે. જ્યારે નોટબંધી જાહેર થઈ ત્યારે પક્ષે એમ કીધું કે કાળું નાણું અને નકલી નોટોને નાથવા માટેનું આ પગલું છે. પછી એકવાર જ્યારે દેખીતું થયું કે આ કારણો મુર્ખાઈભરેલાં હતા, તે પછી સરકારે 'કેશલેસ ઈકોનોમી'નું ગાણું ગાવાનું શરુ કર્યું. એક પખવાડીયાની અંદર જ ફેરવી તોળીને સરકાર કહેવા લાગી કે 'નાણાં વગર'નો એનો અર્થ 'ઓછી રોકડ' એવો હતો !

સત્ય આ છે : નોટબંધી એ એક મોટું સંકટ છે, જે આપણા અર્થતંત્રને પાંગળું બનાવી રહ્યું છે, અને મોદી એન્ડ કંપની ગમે તેટલા ખુલાસા આપશે, એ સફળ થવાનું નથી. એક દીવસ એ લોકો પ્રયત્નો કરવાનું બંધ કરશે અને જ્યારે પોતાનો બચાવ નહીં કરી શકે, ત્યારે પછી એ લોકો આપણું ધ્યાન જુદી દીશામાં ખેંચી જશે.

[અમીત વર્માના અંગ્રેજી લેખને આધારે : અનુવાદ : મંજરી મેઘાણી]

❑

# અન્યાય સામે મોરચો

## ઝેહરા સાઈકલવાલા

62 વર્ષના ઝેહરા સાઈકલવાળા એટલે સચ્ચાઈ અને ન્યાય સામે લડનારી એક બહાદુર સ્ત્રી. જેઓ પરીણામની પરવા કર્યા વીના સમાજના કુરીવાજો અને અન્યાય સામે એકલપાંડે લડતાં રહ્યાં. ધર્મની આડમાં લોકોનું શોષણ કરતાં ધર્મગુરુઓ અને સમાજના આગેવાનો સામે એમણે રણશીંગુ ફુંક્યું હતું. વોહરા સમાજની આ સ્ત્રીએ 30 વર્ષ પહેલાં ચાલુ કરેલી લડત આજે પણ ચાલુ છે.

પોતાની વાતની શરુઆત કરતાં તેઓ કહે છે, '1985ના વર્ષ દરમ્યાન વોહરાના ધર્મગુરુ ડૉ. સૈયદનાએ એવો ફતવો બહાર પાડ્યો કે ઈસ્લામમાં વ્યાજ લેવું-દેવું હરામ ગણાય છે ત્યારે વોહરાઓ વ્યાજ પર નાણાની લેવડદેવડ કરનાર બેંક કે તેના જેવી અન્ય સંસ્થાઓમાં નોકરી કઈ રીતે કરી શકે ? વોહરાકોમના કોઈએ પણ આવી સંસ્થાઓમાં નોકરી કરવી નહીં અને જે કરતાં હોય તેમણે રાજીનામા આપી નોકરી છોડી દેવી. એ સમયે હું જેમાં મોટાભાગના લોકો વોહરા હતા તેવી 'ધી સૈફ કો-ઓપરેટીવ થ્રીફ્ટ ક્રેડીટ એન્ડ સપ્લાય સોસાયટી'માં કામ કરતી હતી. ત્યાં બધા જ વોહરા લોકોએ ટપોટપ રાજીનામા આપી દીધાં. પરંતુ મારા માથે મારી માતાની જવાબદારી હતી. કારણ કે પીતાના મૃત્યુ પછી બંને ભાઈઓ અલગ રહેતા હતા અને બહેનો પરણી ગઈ હતી. ટ્યુશનો અને નોકરીની આવકમાંથી મારું ઘર ચાલતું હતું. તેથી મેં નોકરી છોડવાનો ઈન્કાર કર્યો. મારી દલીલ હતી કે 25 વર્ષ પહેલાં આ સંસ્થાની સ્થાપના થઈ ત્યારે તેઓને વ્યાજ ન લેવાય એ વાતનો ખ્યાલ ન હતો ? અને બીજું નાનપુરામાં આવેલી સૈફી બીલ્ડીંગની માલીકી ડૉ. સૈયદના સાહેબની જ હતી અને આ મકાનનો કેટલોક હીસ્સો તેમણે ભાડે આપેલો, બેંકના ભાડાની રકમ પણ વ્યાજની રકમમાંથી જ આવતી હતી. જો તેઓ આટલી મામુલી રકમ જતી કરવા તૈયાર ન હોય તો હું મારી નોકરી કઈ રીતે છોડી શકું ? મેં નોકરી છોડવાનો સ્પષ્ટ ઈન્કાર કર્યો. કોમનાં લોકોએ મને સમજાવવાનો પ્રયત્ન કર્યો પરંતુ હું મારા નીર્ણયમાં દૃઢ હતી. તેથી સમાજના આગેવાનો અને ધર્મગુરુઓને થયું કે આ છોકરી બહુ બોલે છે. તેઓ મારા પર છંછેડાઈ ગયા. તેઓએ મસ્જીદમાં અમને ચા-સલવાતનું જમણ આપવા પર પ્રતીબંધ મુક્યો. તેથી મેં અને મારી માતા ફુલીબેને ઘરે જ નમાઝ પઢવાનું શરુ કર્યું. મારા ભાઈ-બહેનો સહીત સમગ્ર વોહરા સમાજે મારી સાથે તમામ વ્યવહાર કાપી નાંખ્યો. મહોલ્લાના લોકો અમારી સામે થુંકવા લાગ્યા. આવા અપમાનથી ત્રાસીને મારે એમની સામે પોલીસ ફરીયાદ પણ કરવી પડી. જેથી થું કરવાનું બંધ થયું.



બીજી બાજુ કો-ઓપરેટીવ સોસાયટીમાં કસ્ટોડીયન તરીકે નીમાયેલા વ્યક્તીએ મને હેરાન કરવાનું શરુ કર્યું જેથી હું કંટાળીને રાજીનામું આપી દઉં. આટલું ઓછું હોય એમ મારે ત્યાં જે વોહરાકોમના બાળકો ટ્યુશન માટે આવતાં હતાં એમને પણ બંધ કરાવી દીધાં. તેથી નોકરી મારા માટે વધારે અનીવાર્ય બની. અગર સમાજને અનુસરુ તો ઘરનું શું થાય ? એટલે મારી નોકરી બચાવવા હું કોર્ટમાં લડતી રહી અને જીતતી રહી. એ એમનાથી કેમ સહન થાય ?

મારો બીજો વીરોધ વોહરા સમાજ દર વર્ષે સમાજના લોકો પાસેથી લાગો લે છે એની સામે હતો. એની સામે પણ મેં લડત આપી. તેથી એનું પ્રમાણ હવે ઓછું થયું છે.

ત્રીજો લડતનો મુદ્દો હતો માણસ મરી જાય ત્યારે એને કબ્રસ્તાનમાં દાટવા માટે પણ પૈસા લેવાય છે. જ્યારે સરકાર જમીન મફતમાં આપે છે અને જો મરનાર વ્યક્તીનો આગળના વર્ષોનો લાગો બાકી હોય તો તે ચુકવ્યા પછી જ દફનવીધી કરવા દે... એની સામે પણ મેં વીરોધ ઉઠાવ્યો. મારા આ બધા જ કામમાં માત્ર મારી માતા મારી સાથે હતી. તેઓએ હંમેશા મને સપોર્ટ આપ્યો. એ સમયે વોહરા સમાજમાં છોકરીઓને ખાસ ભણાવતા નહોતા. પરંતુ મારી માતાના સપોર્ટને કારણે જ હું મારું ગ્રેજ્યુએશન પુરું કરી શકી અને અમારા સાત ગામના સમાજમાંથી ગ્રેજ્યુએટ થનારી પ્રથમ મહીલા બની.

જે માતાએ મને આટલો સપોર્ટ આપ્યો એ માતાના મૃત્યુ પછી એમની દફનવીધી માટે મારે લડવું પડ્યું. મૃત્યુ પછી જનાજાને મસ્જીદમાં લઈ જઈ વીધી કર્યા બાદ કબ્રસ્તાનમાં દફનાવવા માટે લઈ જવાય. સમાજના લોકોએ મારી માતાના જનાજાને બહાર ફેંકવાની ચેષ્ટા કરી. તેથી મેં પોલીસ કમીશનર - કલેક્ટર પાસે જઈને ફરીયાદ કરી જેથી તેઓ મારા માતાના જનાઝાને બહાર કાઢતા અટક્યા.

'એક એકલી સ્ત્રી અને એની મૃત માતા સાથે તેઓ આવું વર્તન કઈ રીતે કરી શકે ? પણ હજુ તો એમની સંવેદનહીનતાની ચરમસીમા બાકી હતી. ધર્મગુરુઓ અને આગેવાનોએ કહ્યું કે મારી માતાના મૃતદેહને વોહરાઓના કબ્રસ્તાનમાં નહીં દફનાવવા દઈએ કારણ કે તે મુદ્દઈ છે. મુદ્દઈનો અર્થ થાય છે ધર્મગુરુને નહીં માનનારા અને જેને નાતબહાર મુક્યાં છે તે.' એ વખતે મારી સ્થીતી કેવી હશે તે તમે કલ્પી શકો છો એમ કહેતાં એમની આંખો ભીની બને છે પછી સ્વસ્થ થઈને ઉમેરે છે કે 'પણ એ સમયે રડવાનો સમય નહોતો. મેં અગ્રણીઓ સાથે વાત કરી. દલીલો કરી પરંતુ એમણે શરત મુકી કે તેં સમાજના ધર્મગુરુઓ અને આગેવાનો સામે જે કેસ કર્યા છે તે પાછા ખેંચી લે. જો હું એમ કરું તો મારી અત્યાર સુધીની લડાઈ પર પુર્ણવીરામ મુકાઈ જાય અને ન કરું તો મારી માતાની દફનવીધીનું શું ?'

માતાના મૃત્યુના શોકમાં આંસુ સારવાનો મારી પાસે સમય નહોતો ! મેં મહીધરપુરા પોલીસ સ્ટેશન જઈને ત્યાંના પી.આઈ.ને આખી સ્થીતીથી વાકેફ કર્યા. થોડી જ વારમાં પોલીસવાન આવી. થોડી માથાકુટ પછી આગેવાનોએ મારી માતાને વોહરા સમાજના કબ્રસ્તાનમાં દફનાવવા માટે સંમતી આપી. મને મુસ્લીમ સમાજે પણ એમના કબ્રસ્તાનમાં દફનાવવા માટે કહ્યું હતું. પણ મારે તેમ કરવું નહોતું.

કબ્રસ્તાનની વાત પતી પરંતુ તેઓના મનમાં એટલી કડવાશ હતી કે ન પુછો વાત. એમણે જાહેર કર્યું કે મારી માતાના જનાજામાં જે કોઈ વોહરા સમાજનું જશે તેને સમાજ બહાર મુકાશે એટલે વોહરા સમાજના કોઈ લોકો આવ્યા નહીં પરંતુ હીંદુ અને મુસ્લીમો મળીને દસ હજાર લોકો જનાઝામાં આવ્યા. પોલીસ પ્રોટેક્શન સાથે મારી માતાની દફનવીધી થઈ. મારી માતાના મૃત્યુ પછી મને સપોર્ટ આપનાર કોઈ નહોતું પરંતુ હું લડતી રહી. ત્યારબાદ મેં સુરત મહીલા સંઘ અને મારી માતાની યાદમાં ચેરીટેબલ ટ્રસ્ટની સ્થાપના કરી અને એ દ્વારા હું મેડીકલ, શીક્ષણ અને સ્ત્રીસહાય જેવા સામાજીક કામ કરું છું.

1994માં એક વોરા આગેવાને લોન નહોતી ભરી એટલે એમની સામે વોરંટ લઈને ગયા. એ સમયે સૈયદનાની પત્નીને મૃત્યુ પામ્યાના સાત દીવસ થયા હતા. એટલે જમણવાર માટે લોકો ભેગા થયાં હતાં. ત્યાં એક વ્યક્તીએ લોકોને ભડકાવ્યા કે ઝેહરાએ સૈયદનાને ગાળો ભાંડી છે તેથી લોકો ઉશ્કેરાઈ ગયાં અને મારી પાસે આવીને 'મારો - કાપો'ની બુમરાણ મચાવી. પરીસ્થીતીને પારખીને હું મહીધરપુરા પોલીસ સ્ટેશને પહોંચી. ટોળું પણ ત્યાં પહોંચ્યું. પોલીસ સ્ટેશનની સામે જ મારા નામની બુમો પાડીને મારો - કાપો એવી બુમો પાડવામાં આવતી હતી છતાં પોલીસે એમની સામે પગલાં લેવાને બદલે, મને લોક-અપમાં પુરી દીધી. વાસ્તવમાં ગંભીર ગુનો ન બનતો હોય તો સ્ત્રીઓને સુર્યાસ્ત પછી લોક-અપમાં રાખી શકાય નહીં એવા કાનુનને પણ પોલીસ ઘોળીને પી ગયા. બીજે દીવસે બપોરે બે વાગ્યે કોર્ટમાં રજુ કર્યા બાદ મને છોડવામાં આવી. જ્યારે રાત્રે ઘરે ગઈ ત્યારે ખબર પડી કે કેટલાંક લોકોએ મારા ઘરમાં તોડફોડ કરી હતી.

આ લડાઈનું કારણ એટલું જ હતું કે જો બધાં જ ડરી જાય તો સચ્ચાઈનો અંત આવે. આ લડાઈને કારણે મારે ઘણું સહન કરવાનું આવ્યું પણ મને એનો અફસોસ નથી. હવે હું મારી પ્રવૃત્તીઓમાં વ્યસ્ત છું અને શાંતીથી જીવું છું. હવે સમાજના લોકોની મારા માટેની દૃષ્ટી બદલાઈ છે. પરંતુ રુઢીચુસ્તતા તેઓ છોડી શકતા નથી. 2012 સુધી મસ્જીદમાં નહોતી ગઈ. ત્રીસ વર્ષ પછી બુરખો પહેર્યા વીના પોલીસ પ્રોટેક્શન સાથે મસ્જીદમાં મેં નમાઝ ભણી. ત્યારે ખાસ વીરોધ ન થયો. તેથી સમાજના લોકો મારી સાથે બોલતા થયાં. હવે લોકો મને કહે છે કે તમે મીસાક લઈને ધર્મમાં આવી જાવ (મીસાક એટલે ધર્મગુરુ સૈયદનાની આજ્ઞાને સ્વીકારવી) પણ મીસાક લઈને જાઉં તો મારી લડતનું શું ?

[સૌજન્ય : **'ધી બોહરા ક્રોનીકલ' : ઑક્ટોબર-2016**]

❑

RNI No. of RNP is 20528/71 Registered under Postal Registration No. GAMC-534/2015-2017 valid upto 31st December-2017 posted on 1st & 16th of Every Month at Amd. PSO. ● નયા માર્ગ ● પ્રકાશન તારીખ : 16-1-2017

## કાવ્યોમાં સાંપ્રત

### ગાંધી બાપુ ! સાંભળજો વાત

ગાંધી બાપુ ! સાંભળજો વાત
સત્તા કાજ ભેગી થઈ અહીં બધી જમાત;
ગાંધી બાપુ ! સાંભળજો વાત.

શીસ્ત લાગુ પડે નહીં, વાણીની અહીં આઝાદી,
વચનોની લહાણી મહીં ટકાવી રાખવી ગાદી;
મહોરાં બદલાતાં રહે, બાકી તો એક જ નાત,
ગાંધી બાપુ ! સાંભળજો વાત.

બળીયા બધા બાથે વળગે, જોવા જેવી થાય,
તમારી છાપની નોટો ભ્રષ્ટાચારમાં વપરાય;
વીકાસના નામે જાણે કરતા હોય ખેરાત,
ગાંધી બાપુ ! સાંભળજો વાત.

બાપુ ! તમને દુઃખી કરવા માગતા નથી અમે,
કીન્તુ તમારું નામ વટાવે ને વળી તમને નમે;
શું કરીએ અમે, વ્યથીત છે આજ ગુજરાત,
ગાંધી બાપુ ! સાંભળજો વાત.

**- દેવજી ત્રી. થાનકી**

[ગાંધીનગર મો. 96879 23614]

*

### જો ગાંધી ના હોત તો

આઝાદી તો મળી ગઈ હોત
પણ સત્ય અને અહીંસા કોણ અજમાવી શક્યું હોત ?
જો ગાંધી ના હોત તો
રાજ્ય તો મળી ગયું હોત
પણ સંઘરાજ્ય કોણ અપાવી શક્યું હોત ?
જો ગાંધી ના હોત તો
ભારતને તો સમજી શક્યા હોત
પણ પાકીસ્તાનને કોણ સમજી શક્યું હોત ?
જો ગાંધી ના હોત તો
તવંગરો તો વસી ગયા હોત આ દેશમાં
પણ ગરીબોને કોણ વસાવી શક્યું હોત ?
જો ગાંધી ના હોત તો
શહેરોમાં તો બધાં ચાલ્યા ગયા હોત
પણ ગામડામાં કોણ રહી શક્યું હોત ?
જો ગાંધી ના હોત તો
આંદોલન કરવાનું તો બધા શીખી ગયા હોત
પણ આ સત્યાગ્રહ કોણ શીખવાડી શક્યું હોત ?
જો ગાંધી ના હોત તો
વીદેશી વસ્તુ તો ક્યારનીયે અપનાવી લીધી હોત
પણ સ્વદેશી વસ્તુઓને કોણ અપનાવી શક્યું હોત ?
જો ગાંધી ના હોત તો
વીશ્વને કેટકેટલાય પુસ્તકો મળી ગયા હોત
પણ સત્યના પ્રયોગ કોણ આપી શક્યું હોત
જો ગાંધી ના હોત તો
જો ગાંધી ના હોત તો

**- જગદીશ મ. દેસાઈ**

[મુ. બાઈવાડા, તા. ડીસા : 98790 66621]

*

### સામટી દયા

પુજવા લાયક ગણી તેં ફક્ત એક જ ગાયને
આમ એક જ ગાય ઉપર સામટી વરસી દયા

કેન્દ્ર બીંદુ ધર્મનું આ ગાય ગંદી ગોબરી
ત્યાં થયા સઘળા દયાળુ, અન્ય ઉપર ના થયા

સામટા તેત્રીસ કોટી દેવ કેવળ ગાયમાં
વંશ કેવળ ગાયનો પામી શક્યો અભયદાન

શીંગડા મારે, નડે ને તોય કેવો પુજ્યભાવ ?
પોદળો પવીત્ર તેનો, મુત્ર પણ અમૃત સમાન.

પુંછડું પણ કામ આવે ગાયનું સ્વર્ગે જવા
ગયા વીના તો શકે ના કોઈ વૈતરણી તરી

પાપ કરનારાય ઈચ્છા સ્વર્ગની તો રાખતા
ગાયને વંદન કરે તેથી જ તો તીલક કરી

ધર્મપ્રેમી લોક ગાયોના શુકન ઈચ્છે સદા
વીધવા સામે મળે તેને ગણે તે અપશુકન

વીધવાને ગાળ મનમાં આપતાં કોઈએ
અંધશ્રદ્ધાવશ ગણ્યું છે ગાયનું શુભ આગમન.

પુર્વજન્મોમાં હશે શું પુણ્ય ગાયોએ કર્યા ?
ચાર પગવાળા પશુ પામ્યા દરજ્જો માતનો

લોક નાખે ઘાસચારો સુખ તેમાં કેટલું ?
ગાય બોલે તો ખુલાસો થઈ શકે આ વાતનો...

**- આત્મારામ ડોડીયા**

[મો. 94083 91181]

❑

‘નયા માર્ગ’ વતી - તંત્રી, મુદ્રક, પ્રકાશક : ઈન્દુકુમાર જાની, નયા માર્ગ કાર્યાલય, ખેત ભવન, ગાંધી આશ્રમની બાજુમાં, અમદાવાદ 380 027.
(ફોન : 27557772) http://nayamarg.wordpress.com ● વાર્ષીક લવાજમ રુ. 150 ● છુટક નકલ રુ. 8 ● ‘નયામાર્ગ’ના નામના ચેકથી મોકલવું.
મુદ્રણ સ્થાન : ચંદ્રીકા પ્રીન્ટરી, મીરઝાપુર રોડ, અમદાવાદ 380 001